ી વિજયધર્મસૂરિ જૈન ગ્રન્થમાલા. પુ. ૩૬.

# હેમચન્દ્ર-વચનામૃત.

સંગ્રાહક અને અનુવાદકઃ—
ાન્તમૂર્ત્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી.

સં. ૨૪૬૩. ધર્મ સં. ૧૫. વિ. સં. ૧૯૯૩.

મૂ. ૦-૮-૦

: પ્રકાશક :

દીપચંદ બાંઠિયા.

મંત્રી, શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા

છોટા સરાફા, ઉજ્જૈન ( માલવા ).

પહેલી આવૃત્તિ.

નકલ ૧૦૦૦

: મુદ્રક :

શાહ ગુલાબચંદ લલ્લુભાઇ

શ્રી મહોદય પ્રીન્ટીંગ પ્રેસ,

દાણાપીઠ, ભાવનગર.

यक्षराट् श्रीमणिभद्रो विजयतेतराम्।

## અનુક્રમણિકા.


| | |
|---|---|
| પ્રકાશકનું નિવેદન. | ૫ |
| કંઈક. | ૭ |
| અર્પણ. | ૧૪ |
| સહાયકનો પરિચય. | ૧૬ |
| પર્વ-સર્ગવાર અનુક્રમણિકા. | ૨૦ |
| વિષયવાર અનુક્રમણિકા. | ૨૩ |
| વચનામૃત. | ૧ |
| શુદ્ધિપત્રક. | ૨૦૪ |
| જાહેરખબર. | ૨૦૬ |

शास्त्रविशारद-जैनाचार्य



श्रीविजयधर्मसूरीश्वरजी महाराज.

श्री महोदय प्रेस-भावनगर.

# પ્રકાશકનું નિવેદન.

સ્વ૦ ગુરુદેવ શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજના વિદ્વાન્ અને પ્રસિદ્ધ શિષ્યોમાંના એક શાન્તમૂર્ત્તિ, ઇતિહાસ પ્રેમી મુનિરાજ શ્રી જયન્તવિજયજીનો પરિચય હવે વાચકોને કરાવવાની જરૂર નથી રહી. તેમણે લખેલો '**આબુ**' નો અને બ્રાહ્મણવાડાજીનો ઇતિહાસ, તેમણે વિદ્વત્તાપૂર્ણ સંપાદિત કરેલ '**ઉત્તરાધ્યયન સૂત્ર**' અને તે ઉપરાન્ત જુદાં જુદાં પ્રતિષ્ઠિત માસિકો આદિમાં આવતા એમના ઐતિહાસિક શોધખોળ સંબંધી લેખો—એ બધું વિદ્વદ્જગત્માં કાફી પરિચિત છે. તેઓશ્રીનાં જ સંગૃહિત અને અનુવાદિત કરેલાં '**વચનામૃતો**' ની આ બુક બહાર પાડતાં ખરેખર અમને આનંદ થાય છે. તેઓશ્રીએ પોતાના વક્તવ્યમાં જાહેર કર્યું છે તેમ—આ 'વચનામૃતો,' એ જુદા જુદા લેખકોની જુદી જુદી કૃતિઓમાંથી સંગૃહિત કરેલાં 'વચનો' નથી. પરન્તુ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના સુપ્રસિદ્ધ '**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર**' નાં દશ પર્વોમાંથી સંગૃહિત કરેલાં વચનો છે.

આ પુસ્તકમાં આપેલાં વચનો કેટલાં ઉત્તમ છે, સામાન્ય જ્ઞાનવાળાને કે મહા વિદ્વાન્‌ને, ઉપદેશકને કે સામાન્ય ગૃહસ્થને, ધાર્મિકવૃત્તિવાળા મનુષ્યને કે દુનિયાદારીમાં ફસાએલાને, રાજ્યકર્મચારીને કે ખુદ રાજાને—એમ જુદા જુદા અધિકારમાં રહેલા સમસ્ત લોકોને માટે કેટલાં ઉપયોગી છે, એ વાતની ખાતરી, વચનામૃતોનું અવલોકન કરનારને થયા વિના નહિ રહે. સંસારની ઉપાધિઓથી અશાન્ત અને વિહ્વલ બનેલા કોઇ પણ માણસના આત્મામાં અપૂર્વ અમૃતનું ઝરણું વહેતું મૂકે તેવાં આ વચનો છે. ખરેખર, મુનિરાજશ્રીએ આ સંગ્રહનું આપેલું નામ '**વચનામૃત**' એ સાર્થક છે. મુનિરાજશ્રીએ દરેક 'વચનામૃત' નો સાથે સાથે અનુવાદ આપીને સંસ્કૃતના અનભિજ્ઞ લોકો ઉપર પણ અનહદ ઉપકાર કર્યો છે.

મુનિરાજશ્રીની આ કૃતિનો લાભ જનતા ઉઠાવે, એવું અંતઃકરણથી ઈચ્છવા સાથે, સંગ્રાહક અને અનુવાદક મુનિરાજશ્રીનો તેમજ, આવા અપૂર્વ પુસ્તકને પ્રકાશિત કરવામાં આર્થિક સહાયતા કરનાર સદ્‌ગૃહસ્થોનો અમે આ તકે આભાર માનીએ છીએ.

**પ્રકાશક.**

# કંઇક

સં. ૧૯૭૫ થી ૧૯૭૮ સુધીમાં શ્રી હેમચંદ્રાચાર્ય કૃત **'ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર'**નું વાચન કરતાં, કેવળ મારા પોતાના અને સહચારી મુનિઓના ઉપયોગને માટે, તેમાંની ઉપયોગી અને જાણવા લાયક બાબતોનો, તેમજ કંઇક સુંદર જણાતા શ્લોકો અને સુભાષિતોનો સંગ્રહ કરી લેતો.

તે વખતે છપાવવાનો સ્વપ્નમાં યે ખ્યાલ નહિ, એટલે જે કંઇ સંગ્રહ કરાએલો, એ, કોઇપણ વચન છુટી જવા ન પામે એવા, બહુ ધ્યાનપૂર્વક તો નહીંજ.

છતાં જે કંઈ સંગ્રહ મારી પાસે હતો, એ સ્નેહીઓ અને શુભેચ્છકોએ જોતાં એમણે એવી સલાહ આપી કે ભિન્ન ભિન્ન દૃષ્ટિએ ઉપયોગી—એવાં દશે પર્વોનાં વચનામૃતો જો પુસ્તકાકારે બહાર પાડવામાં આવે તો ઘણાઓને તે લાભકર્ત્તા થઇ પડે.

જોગાનુજોગે છપાવવા માટે આર્થિક સહાયતા આપનાર ગૃહસ્થની પણ પ્રાપ્તિ થઇ.

પરિણામે તે સુભાષિતોનો આ સંગ્રહ, અનુવાદ સાથે

જનતાની સમક્ષ મુકવામાં આવે છે. પ્રસ્તુત પુસ્તકની આ **જન્મકથા.**

બારમી અને તેરમી શતાબ્દિમાં થઇ ગયેલા, પ્રખર વિદ્વાન્, અનેક વિષયો ઉપર લાખો શ્લોકોની રચના કરનાર, મહારાજા કુમાર**પાલ** પ્રતિબોધક, કલિકાલ સર્વજ્ઞ શ્રી **હેમચંદ્રાચાર્ય**નું નામ, આજે જૈન અને **અજૈન,** ભારતીય ને યૂરોપીય, સમસ્ત વિદ્વદ્ જગત્માં ખૂબ જાણીતું છે. શ્રી હેમચંદ્રાચાર્યે વ્યાકરણ, કાવ્ય, કોશ, નાટક, ન્યાય, જ્યોતિષ, વૈદક, યોગ આદિ એક પણ વિષય પોતાની કલમથી બાકી રાખ્યો નથી. એમાં પણ તેમના શ્રી **સિદ્ધહેમચંદ્ર વ્યાકરણે** અને તેમના **અભિધાન ચિંતામણિ કોશે** તો એમના અમરત્વમાં અગ્રભાગ લીધો છે, હેમચંદ્રાચાર્ય પછીનો કોઇપણ સંસ્કૃત વિદ્વાન્, પછી તે જૈન હોય કે અજૈન, **હેમચંદ્રાચાર્ય**ની કૃતિઓનો લાભ લેવાથી બચ્યો નથી. અને એ દૃષ્ટિએ હેમચંદ્રાચાર્યના ઉપકાર નીચે તે જરૂર આવેલો છે.

શ્રી હેમચંદ્રાચાર્યના વ્યક્તિત્વ સંબંધી, એમની વિદ્વત્તા સંબંધી અને એમના મહારાજા **કુમારપાલ** સાથેના પરિચય સંબંધી આધુનિક વિદ્વાનો દ્વારા ઘણું લખાયું છે. એટલે એ સંબંધી પુનરુક્તિઓ કરીને આ વક્તવ્યને વધારવા નથી ચાહતો. વાચકો તે સંબંધી, તે તે લેખો અને પુસ્તકોમાંથી જાણી લે.

શ્રી હેમચંદ્રાચાર્યની અનેક કૃતિઓમાં '**ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર**' નાં દશ પર્વો, એ એક વિશિષ્ટ કૃતિ છે. ચોવીસ તીર્થંકરાદિ ત્રેસઠ મહાપુરુષોનાં ચરિત્રો આલેખવામાં જ શ્રી હેમચંદ્રાચાર્યે ૩૫ થી ૪૦ હજાર શ્લોકોની રચના આ દશ પર્વોમાં કરી છે. આ દશ પર્વો, એ સામાન્ય કથા ગ્રંથ નહીં, પરન્તુ બારિકાઇથી વાંચનાર કબૂલ્યા વિના નહીં રહે કે–એ દશે **મહાકાવ્યો** છે. સાધારણ રીતે અનુષ્ટુપ્ છંદમાં એ દશે પર્વો હોવા છતાં, એમાં પ્રસંગે પ્રસંગે બીજા છંદો પણ આવે છે. વર્ણનાત્મક દૃષ્ટિએ પણ આ કૃતિ મહાકાવ્યોથી ઉતરે તેમ નથી. ઋતુ, દેશ, નગર, પર્વત, ઇંદ્ર, સૂર્ય, ચંદ્ર, રાજા, લોકસ્થિતિ, લોકવ્યવહાર, વિવાહ, પર્યટન, દુર્ભિક્ષ અને યુદ્ધ આદિ પ્રસંગોને ઘણીજ સુંદર રીતે–વિસ્તારપૂર્વક વર્ણવ્યા છે.

આ ગ્રંથની ખાસ ખૂબી તો એ છે કે મહાકાવ્યરૂપે આ પર્વો હોવા છતાં એને સુભાષિત વચનોનો તો એક ખજાનો જ કહી શકાય. ભાગ્યે જ ક્યાંય એવા બે ચાર શ્લોકો એક સાથે આવે કે જેમાં ઉપમા ઉપમેયભાવ અને કંઇને કંઇ સાહિત્યિક ચમત્કાર ન હોય.

ખરી રીતે હેમચંદ્રાચાર્યે આ દશે પર્વોની અંદર આપેલાં સુભાષિતોની છાંટણી કરવી, એ ઘણુંજ કઠિણ કામ છે. કારણ કે કોઇ કોઇ વચનો તો એવાં પણ છે કે જેને એક જણ સુભાષિત કહી શકે, તો બીજો તેને પ્રસં-

ગને લગતું જ વાક્ય કહી શકે—સુભાષિત ન કહી શકે. છતાં જો પ્રારંભથી છપાવવાની દૃષ્ટિએ સંગ્રહ થયો હત, તો સંભવ છે કે આથી પણ ઘણાં વધારે વચનામૃતો નિકળી શકત. છતાં બહુ મોટો સંગ્રહ કદાચ વાચકોને કંટાળો ઉપજાવનાર પણ થઇ પડે. એટલે ખાસ વિચારપૂર્વક જરૂરી જરૂરી વચનામૃતો જ આમાં આપી સંતોષ માનવામાં આવ્યો છે.

આ સંગ્રહમાં કુલ ૯૧૫ વચનામૃતો આપ્યાં છે. એમાં કેટલાંક એવાં પણ છે કે જે એક બીજાની સાથે મળતાં આવે છે, અને સમાન અર્થને સૂચવે છે; છતાં, જુદાં જુદાં પર્વમાં આવેલાં હોવાથી, અને શબ્દ રચના જુદી જુદી હોવાથી, કોઇને કંઇ રુચે ને કોઇને કંઇ રુચે, એ દૃષ્ટિએ એવાં સમાનાર્થસૂચક વચનો પણ જેમનાં તેમ રાખ્યાં છે. તેમજ આમાં કેટલાંક વચનામૃતો એવાં પણ છે કે જેમાં બબ્બે નીતિ વાક્યો સંકળાએલાં છે.

એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. આમાં આપેલાં વચનોનો ઉપનય શો ઉતારવો જોઇએ ? કયા પ્રસંગે તે વચન ઉપયોગમાં લેવું જોઇએ ? આપણે શું સમજવું જોઇએ ? એ બાબતો ખાસ કરીને વાંચનારાઓની મુનસફી ઉપર રાખવામાં આવી છે. કારણ કે એક જ વસ્તુનો ઉપયોગ, ભિન્ન ભિન્ન દૃષ્ટિએ ભિન્ન ભિન્ન સ્થાનમાં પણ કરી શકાય છે.

યદ્યપિ કેટલાંક વાક્યોનો, આમાં આપેલા અર્થથી, કદાચ જુદો અર્થ પણ કરી શકાય. અર્થાત્ એને જુદી રીતે પણ ઘટાવી શકાય; છતાં આમાં બનતા સુધી મૂળ ગ્રંથના સંબંધને અનુલક્ષીને જ અર્થ લખવામાં આવ્યો છે.

ગ્રંથકર્ત્તાએ આ વાકયોની રચના કંઈ સુભાષિતોને માટે જ નથી કરી. કિન્તુ ચાલુ ચરિત્રોમાં પ્રસંગે પ્રસંગે વાક્ય ગોઠવેલાં હોઇ કેટલેક સ્થળે વાક્યોમાં હિ, ચ, વા, ઇવ, યસ્માત્, તસ્માત્, યત્, તત્, યતઃ, તતઃ, ખલુ, નનુ, કિલ, યદ્વા, પરં, વગેરેમાંથી કોઇ કોઇ શબ્દો આપેલા છે; એનોઅર્થ તે તે વાક્યોના અર્થમાં કોઇ કોઇ સ્થળે છોડી પણ દેવો પડ્યો છે.

જ્યારે ચ, વા, હિ, અપિ, એવાં કેટલાંક અવ્યયોનો પ્રસંગને અનુસરીને મૂળ અર્થ કરતાં ભિન્ન અર્થ પણ કરવો પડ્યો છે.

આ પુસ્તકમાં આપેલાં વાક્યો ખાસ કરીને શ્લોકોમાંથી આપેલાં છે. જે શ્લોક આખોયે સુભાષિત જેવો લાગ્યો, તે તો આખો આપવામાં આવ્યો છે,* જે જે સુભા-

---

* દશે પર્વોમાં સુભાષિત જેવા આખા શ્લોકો ઘણા આવે છે, પરંતુ અહીં સુભાષિત **વાક્યો** આપવાનોજ મુખ્ય ઉદ્દેશ હોવાથી એવા આખા શ્લોકો અપવાદ તરીકે થોડાક જ આપ્યા છે.

ષિતો, શ્લોકના એક અથવા બે ચરણોથી બનેલાં છે; તે તે એક અથવા બે ચરણો અખંડ રીતે આપ્યાં છે, પરંતુ શ્લોક કે તેનાં ચરણોની, મધ્યમાંથી કાઢેલ વાકય આપવામાં, તે પાદ-ચરણના જે તરફના શબ્દો કે અક્ષરો છોડવામાં આવ્યા છે, તે અક્ષરોના સ્થાનમાં......આમ ટપકાં મૂકવામાં આવ્યાં છે. જેથી એ પાદ કઇ તરફથી તૂટેલું છે, તે સ્હેજે સમજી શકાય છે.

વાચકોની અનુકૂળતાને માટે આ પુસ્તકના દરેક પૃષ્ઠના મથાળે પર્વ અને સર્ગની સંખ્યા આપવામાં આવી છે અને પ્રત્યેક સર્ગનાં વચનોની કુલ સંખ્યા જાણી શકાય, એટલા માટે દરેક વચનામૃતના પ્રારંભમાં અનુક્રમ નંબરો આપ્યા છે. જ્યારે દરેક વચનામૃતની સ્હામે આપેલ નંબર, જે શ્લોકમાંથી એ વાકય લેવામાં આવ્યું છે, તે શ્લોકનો નંબર સૂચવે છે. આમ દરેક વચનામૃત માટે તેનું પર્વ, સર્ગ અને શ્લોક બધુંયે સાથે સાથે જાણી શકાય છે.

એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આવાં ટૂંકાં અને જેનો ઉપયોગ ગમે તે સ્થળે કરી શકાય, એવાં વાકયોની-વચનોની વિષયવાર છાંટણી કરવી ઘણી જ કઠિણ છે, છતાં આ પુસ્તકનો ઉપયોગ જુદા જુદા વાંચનારા જુદી જુદી દૃષ્ટિથી કરી શકે અને જેઓ અમુક અમુક વિષયને લગતાં વાકયો એકદમ મેળવવા ચાહતા હોય, તેઓની ઉપયોગિતાને માટે મારી મતિ અનુસાર સમયનો ઘણો ભોગ

આપીને વિષયોની છાંટણી કરીને વિષયવાર અનુક્રમણિકા પણ આપવામાં આવી છે. આશા છે કે થોડે ઘણે અંશે પણ તે ઉપયોગી થશે જ.

યદ્યપિ આમાં દશે પર્વનાં વચનો આપવામાં આવ્યાં છે. પરન્તુ તેમાં મારાં પોતાનાં સંગૃહિત સાતમા પર્વને છોડીને નવ પર્વમાંનાં છે. જ્યારે સાતમા પર્વનાં વાકયો ચુંટી કાઢીને અનુવાદ સાથે **ન્યાય-સાહિત્ય તીર્થ, તર્કભૂષણ, મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ** તૈયાર કરી આપ્યાં છે. એ માટે એઓને ધન્યવાદ આપવો ભૂલીશ નહિ.

પ્રાન્તે—ભાષાન્તર કરતાં મતિમંદતાથી કે બીજા કારણે મૂળ કર્ત્તાના આશયથી જુદી રીતે કંઇ લખાયું હોય, તો તે બદલ ક્ષમા યાચના કરવા સાથે, આ વચનામૃતો જનતા વાંચે, વિચારે, અને તેને અનુસરવા પ્રયત્ન કરી સુખભાગી બને એવી અભિલાષા સાથે વિરમું છું.

**ન્યૂ હાલા ( સિંધ ),**
ચૈત્ર શુદિ ૧૩, ૨૪૬૩.
ધર્મ સં. ૧૫.

**જયન્તવિજય.**

## આમાં આવેલા કેટલાક જૈન પારિભાષિક શબ્દો.

પૃષ્ટ શબ્દ

૧૫ ક્ષયોપશમ=ઉદયમાં આવેલાં કર્મનાં અણુઓનાં સમૂહોમાંથી થોડાનો ભોગવીને ક્ષય કરવો અને થોડાને દબાવી દેવા, તેનું નામ કર્મનો ક્ષયોપશમ.

૨૦ સ્વયંભુરમણ=અસંખ્યાતાદ્વીપો અને સમુદ્રોને વિંટાયેલો તીર્ચ્છા(મધ્ય)લોકનો મોટામાં મોટો અને છેલ્લો મહાસમુદ્ર.

૨૧ સાતાવેદનીય=જે કર્મના ઉદયથી જીવો સુખ પામે તે કર્મ.

૨૩ છદ્મસ્થ=કેવલજ્ઞાન (સર્વજ્ઞ-સર્વદર્શીપણું) પ્રાપ્ત થયા પહેલાંની અવસ્થા-સ્થિતિવાળો સામાન્ય મનુષ્ય કે મહાત્મા છદ્મસ્થ કહેવાય છે.

૮૧ નિકાચિત=દઢપણે બાંધેલાં જે કર્મોનો ભોગવ્યા સિવાય, તપસ્યા-ભાવના વગેરે કોઇપણ ઉપાયોથી નાશ ન જ કરી શકાય, તે નિકાચિત કર્મ કહેવાય છે.

૧૦૨ લબ્ધિઓ=તપસ્યા અને ચારિત્રના પ્રભાવથી મનુષ્યોને જે અનેક પ્રકારની શક્તિઓ ઉત્પન્ન થાય છે, તેને લબ્ધિઓ કહેવામાં આવે છે. આઠ સિદ્ધિઓ અને ૨૮ લબ્ધિઓને તેમાં મુખ્ય ગણવામાં આવેલ છે.

૧૬૩ નિયાણું=પોતાની તપસ્યા-ચારિત્ર આદિ શુભ ધર્મ-ક્રિયાના પ્રભાવથી આગામી ભવમાં હું ઇંદ્ર, દેવ, ચક્રવર્તિ, રાજા વગેરે થાઉં, એવો દઢપણે સંકલ્પ કરવો, તેનું નામ નિયાણું (**निदान**)કહેવાય છે.

૧૭૪ ભવાભિનંદી=ખાન-પાન, મોજ અને વિષયવાસના આદિ સંસારનાં સુખો ભોગવવામાંજ જેઓ આનંદ માનતા હોય એવા મનુષ્યો ભવાભિનંદી કહેવાય છે.

જેમનું છે તેમનાં જ

( સ્વર્ગસ્થ

કલિકાલ સર્વજ્ઞ

શ્રી હેમચંદ્રાચાર્યના )

હસ્તકમલોમાં

**સાદર સમર્પિત.**

સિવાણાગઢ ( મારવાડ ) નિવાસી

અને

રામસાગર જી. બલારીવાળા

શેઠ તુલસાજી, પ્રેમચંદજી, વસ્તીરામજીના

**સ્મરણાર્થે**

તેમના સુપુત્રો

**શ્રી વૃદ્ધિચંદજી, શ્રી દલીચંદજી તથા**

**શ્રી હસ્તિમલજીની**

આર્થિક સહાયતાથી

**પ્રકાશિત.**

श्रीमान् दलीचंदजी बालड जैन,
मु. गढसिवाणा (मारवाड़)



जन्म संवत् १९६८  मिति मागसर सुद ११

श्री महोदय प्रेस–भावनगर.

# सेठ तुलसाजी

जिन की स्मृति में यह पुस्तक प्रकाशित कराया जा रहा है, उनका संक्षिप्त जीवनपरिचय इस प्रकारका है।

जोधपुर राज्यान्तर्गत सिवाणागढ एक प्राचीन और पहाड़ की टेकरी के नीचे बसा हुआ गांव है। यहां पहाड़ के साथ ही, पोरवाडों का बनाया हुआ अति प्राचीन मंदिर आज भी मौजूद है। ओसवालों के यहां करीब छसो घर हैं। यहां के जैनों की धर्मभावना भी प्रशंसनीय है। गांव को देखते हुए मालूम होता है कि किसि समय यह एक बड़ा शहर होगा।

सेठ तुलसाजी यहां के ही रहनेवाले धर्मप्रेमी और श्रीमंत गृहस्थ थे। आपके पिता का नाम श्रीइन्द्रमलजी बालड़ था, और माता का नाम धुलीबाई था। सं. १९३३ के चैत्र सुदि १३ को आप का जन्म हुआ था। आप के

दो भाई और थे, जिन में एक का नाम प्रेमचंदजी था दूसरे का बस्तीरामजी ।

छोटी उम्र में आप ने कुछ विद्याध्ययन किया। परन्तु अक्सर मारवाड में जैसा हुआ करता है, १३ वर्ष की उम्र में आप द्रव्योपार्जन के लिये परदेश गये। छोटी उम्र होते हुए भी आपने साहसपूर्वक व्यवसाय किया। और उस में कुछ अच्छी सफलता प्राप्त की। सं. १९५३ में दक्षिण में रामसागर, जिल्ला बलारी में 'शा तुलसाजी प्रेमचंदजी' इस नाम से आपने दुकान खोली, लगातार बारह वर्ष तक आप परदेश में रहे, और बड़े परिश्रम के साथ व्यवसाय कर के काफी धन कमाया।

आप बड़े ही सरल स्वभावी, शान्त और गंभीर थे। आप का जीवन सादगी से भरपुर था। आप दुखियों के ऊपर बड़ी ही दया रखते थे। किसी के दुःख को नहीं देख सकते थे। यही कारण था कि– आपने अपनी दुकान पर हमेशा के लिये 'सदाव्रत' खोल रक्खा था।

वर्षों के बाद परदेश से स्वदेश में आ कर आपने विवाह किया। आप को तीन पुत्र और एक पुत्री— ऐसे चार संतान हुए। तीनों पुत्रों के नाम ये हैं: श्रीवृद्धिचंद्रजी, श्री दलीचंदजी, श्रीहस्तिमलजी। इनमें से श्री दलीचंदजी को, अपने भाइ बस्तीरामजी के वहां गोद दिये है। जिन का फोटू इस के साथ रक्खा हुआ है। आपने अपने तीनों पुत्र, व एक पुत्री—चारों का विवाह कर के अपनी जवाबदारी को पूरा किया है।

जिस समय बलारी में प्रतिष्ठा हुई थी, उस समय आपने ७०० रुपयों का दान किया था। न्याय-नीति से व्यापार करना, यह आप का प्रधान लक्ष्य था। नीतिपूर्वक द्रव्योपार्जन कर, मोके मोके पर उस को धर्म के कार्यों में लगाना, यह आप का स्वभाव था।

इस प्रकार सादे जीवन को व्यतीत करते हुए व धर्मकार्य को करते हुए सं. १९९२ के महा वदि ५ के दिन, आप का स्वर्गवास हुआ। अन्तिम समय में भी आप की धर्मभावना कायम रही और दो हजार रुपये धर्मकार्यों के लिये अपने मुख से निकलवाये।

आप के जाने से सिवाणागढ के श्री संघ में सचमुच ही बड़ी हानि पहुंची है ।

आपही के स्मरणार्थ आप के ज्येष्ठ पुत्र श्री वृद्धिचंद्रजी ने यह ग्रंथ प्रकाशित कराया है । और सस्ते दाम में लोगों को पहूंचे, ऐसी व्यवस्था कराई है । श्री वृद्धिचंद्रजी ने अपने पिता के स्मारक में श्री नाकोड़ाजी तीर्थ में ७०१) रुपये दे कर एक धर्मशाला बनवाने का भी संकल्प किया है । श्री वृद्धिचंदजी तथा उन के और दो भाई भी पिता के जैसे उदार और धर्मप्रेमी हैं । आशा है इन के हाथ से अच्छे अच्छे कार्य होते रहेंगे ।

एम. एल. जी. मुलतानमल रांका,
जैनसभा–सिवाणागढ.

# પર્વ—સર્ગવાર અનુક્રમણિકા.


## પહેલું પર્વ........પૃષ્ઠ ૩........વચન ૧૭૩

| સર્ગ. | પૃષ્ઠ. | વચન. | સર્ગ. | પૃષ્ઠ. | વચન. |
|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૫૪ | ૪ | ૨૪ | ૨૭ |
| ૨ | ૧૫ | ૩૮ | ૫ | ૨૯ | ૨૮ |
| ૩ | ૨૩ | ૭ | ૬ | ૩૫ | ૧૯ |

## બીજું પર્વ........ પૃષ્ઠ ૩૯........વચન ૫૫

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૧ | ૧૦ | ૪ | ૪૫ | ૧૪ |
| ૨ | ૪૩ | ૩ | ૫ | ૪૭ | ૪ |
| ૩ | ,, | ૮ | ૬ | ૪૮ | ૧૬ |

## ત્રીજું પર્વ........ પૃષ્ઠ ૫૩........વચન ૧૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૫ | ૩ | ૫ | ૫૭ | ૧ |
| ૨ | ,, | ,, | ૬ | ૫૮ | ૩ |
| ૩ | ૫૬ | ,, | ૮ | ,, | ૧ |
| ૪ | ૫૭ | ,, | | | |

## ચોથું પર્વ........ પૃષ્ઠ ૫૯........વચન ૮૧

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૬૧ | ૪૦ | ૪ | ૭૧ | ૬ |
| ૨ | ૬૮ | ૮ | ૫ | ૭૨ | ૧૦ |
| ૩ | ૭૦ | ૭ | ૭ | ૭૪ | ૧૦ |

પાંચમું પર્વ........પૃષ્ઠ ૭૭........વચન ૭૮

| સર્ગ. | પૃષ્ઠ. | વચન. | સર્ગ. | પૃષ્ઠ. | વચન. |
|---|---|---|---|---|---|
| ૧ | ૭૯ | ૨૩ | ૪ | ૮૭ | ૮ |
| ૨ | ૮૩ | ૧૬ | ૫ | ૮૮ | ૨૭ |
| ૩ | ૮૬ | ૪ | | | |

છઠ્ઠું પર્વ........પૃષ્ઠ ૯૩........વચન ૪૫

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૯૫ | ૨ | ૬ | ૧૦૦ | ૨ |
| ૨ | ,, | ૧૪ | ૭ | ,, | ૩ |
| ૩ | ૯૮ | ૧ | ૮ | ૧૦૧ | ૧૨ |
| ૪ | ,, | ૧૧ | | | |

સાતમું પર્વ......પૃષ્ઠ ૧૦૫......વચન ૧૬૧

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૦૭ | ૧૧ | ૬ | ૧૨૯ | ૨૦ |
| ૨ | ૧૦૯ | ૩૨ | ૭ | ૧૩૩ | ૭ |
| ૩ | ૧૧૬ | ૩૦ | ૮ | ૧૩૪ | ૧૪ |
| ૪ | ૧૨૨ | ૨૬ | ૯ | ૧૩૭ | ૬ |
| ૫ | ૧૨૭ | ૧૧ | ૧૦ | ૧૩૮ | ૪ |

આઠમું પર્વ......પૃષ્ઠ ૧૩૯......વચન ૫૬

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૪૧ | ૨ | ૯ | ૧૫૦ | ૨ |
| ૩ | ,, | ૪૫ | ૧૦ | ૧૫૧ | ૬ |
| ૪ | ૧૪૯ | ૩ | ૧૨ | ,, | ૧ |
| ૭ | ૧૫૦ | ૨ | | | |

## નવમું પર્વ.........પૃષ્ઠ ૧૫૩.........વચન ૬૨

| સર્ગ. | પૃષ્ઠ. | વચન. | સર્ગ. | પૃષ્ઠ. | વચન. |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫૫ | ૫૧ | ૩ | ૧૬૫ | ૨ |
| ૨ | ૧૬૫ | ૪ | ૪ | ૧૬૬ | ૫ |

## દશામું પર્વ......પૃષ્ઠ ૧૬૭......વચન ૧૮૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૬૯ | ૪ | ૮ | ૧૮૬ | ૮ |
| ૨ | ,, | ૪ | ૯ | ૧૮૮ | ૧૭ |
| ૩ | ૧૭૦ | ૨૬ | ૧૦ | ૧૯૧ | ૩ |
| ૪ | ૧૭૫ | ૨૦ | ૧૧ | ૧૯૨ | ૩૬ |
| ૫ | ૧૭૯ | ૩ | ૧૨ | ૧૯૯ | ૨૯ |
| ૬ | ૧૮૦ | ૨૨ | ૧૩ | ૨૦૩ | ૧ |
| ૭ | ૧૮૪ | ૧૪ | | | |

**કુલ વચન ૯૧૫.**

# વિષયવાર અનુક્રમણિકા.*

| પર્વ સંખ્યા. સર્ગ સંખ્યા. વચન સંખ્યા. | પર્વ સંખ્યા. સર્ગ સંખ્યા. વચન સંખ્યા. | પર્વ સંખ્યા. સર્ગ સંખ્યા. વચન સંખ્યા. |
|---|---|---|
| **દેવ** | **કાંડ** | **૪૮.** |
| **૧ પરમાત્મા ૨૯** | ૧–૫–૨૮ | ૫–૫–૬ |
| ૧–૨–૧૭ | ૨–૩–૧ | ૬–૧–૧ |
| ૧–૨–૨૪ | ૨–૩–૨ | ૬–૬–૧ |
| ૧–૨–૨૭ | ૩–૬–૩ | ૬–૭–૩ |
| ૧–૨–૩૪ | ૪–૩–૧ | ૭–૪–૧૩ |
| ૧–૩–૩ | ૫–૧–૨૦ | ૧૦–૨–૩ |
| ૧–૩–૪ | ૫–૫–૧ | ૧૦–૩–૧ |

* વિષયવાર અનુક્રમણિકામાં દરેક વચનો માટે ત્રણ ત્રણ સંખ્યાંક આપેલ છે. તેમાંની પ્રથમ સંખ્યા પર્વની, બીજી સંખ્યા સર્ગની અને ત્રીજી સંખ્યા વચનની છે. જેમકે 'પરમાત્મા' વિષયના સૌથી પહેલા વચન માટે ૧–૨–૧૭ આપેલ છે; એટલે તે પહેલા પર્વના બીજા સર્ગનું સત્તરમી સંખ્યાનું વચન છે, એમ સમજવાનું છે.

| | | |
|---|---|---|
| १०–४–८ | १–२–२० | १०–९–१ |
| १०–४–१२ | १–६–४ | १०-११-३० |
| १०–४–१३ | २–२–३ | **३ सूर्य–चन्द्र ६** |
| १०–४–२० | २–४–९ | १–२–१२ |
| १०–६–४ | ३–३–१ | १–२–१५ |
| १०–७–११ | ५–२–४ | १–६–१० |
| १०–८–८ | ५–५–११ | ४–४–३ |
| १०–९–१५ | ६–४–७ | ५–१–२३ |
| १०-१२-२९ | १०–२–४ | १०–४–१५ |
| ***२ देव १२** | १०–७–११ | **४ राक्षस १** |
| | | १०-११-१ |

* ચારે કાંડોની જોડે જે સંખ્યા આપેલી છે તે, તે તે કાંડોનાં વચનોને દર્શાવનારી છે, એટલે કે તે તે કાંડોમાં કેટલાં કેટલાં વચનો છે.

દરેક વિષયના પ્રારંભમાં જે સંખ્યા આપેલી છે, તે વિષયોનો અનુક્રમ નંબર છે, અને દરેક વિષયોને છેડે જે સંખ્યા આપેલી છે તે, તે તે વિષયમાં કેટલાં કેટલાં વચનો છે, તેને જણાવનારી છે.

| मंडल सं. सूक्त सं. मंत्र सं. | मंडल सं. सूक्त सं. मंत्र सं. | मंडल सं. सूक्त सं. मंत्र सं. |
|---|---|---|
| **मा न** | **व कां** | **ड ४७६.** |
| **माननीयवर्ग.** | ९-१-१५ | ४-१-२८ |
| **५ ऋषि-मुनि २०** | ९-२-४ | ४-१-३४ |
| १-१-३८ | १०-३-२० | ४-५-६ |
| १-१-४४ | १०-६-१ | ४-७-९ |
| १-१-५४ | १०-७-१३ | ५-१-६ |
| १--३-२ | १०-१२-२१ | ५-४-१ |
| २-३-३ | **६ महात्मा २८** | ५-४-२ |
| ४-७-८ | १-१-१ | ५-४-५ |
| ५-२-११ | १-१-७ | ५-५-३ |
| ५-२-१२ | १-१-४५ | ५-५-५ |
| ६-८-९ | १-२-१४ | ६-१-२ |
| ६-८-११ | २-४-४ | ६-८-१० |
| ७-८-३ | २-४-१० | ७-२-६ |
| ८-३-१० | २-४-१४ | ७-३-२९ |
| ९-१-८ | २-६-५ | ७-४-२५ |
| ९-१-१४ | ४-१-१९ | ७-६-११ |

| | | |
|---|---|---|
| ७–७–३ | ९–१–१ | २–६–१४ |
| ९–१–२६ | ९–१–१३ | ३–१–३ |
| १०–३–११ | ९–१–३० | ३–२–१ |
| **७ संत–सज्जन २२** | १०–८–६ | ४–१–५ |
| १–१–१६ | **८ मोटामनुष्यो ४०** | ५–२–१५ |
| १–१–४१ | १–१–५ | ७–२–२ |
| १–५–४ | १–१–४९ | ७–२–२० |
| १–६–५ | १–२–३० | ७–३–६ |
| २–५–३ | १–२–३३ | ७–४–१७ |
| २–६–१५ | १–२–३६ | ७–४–२६ |
| ४–१–११ | १–३–५ | ७–५–११ |
| ५–२–२ | १–४–४ | ७–६–६ |
| ५–२–३ | १–४–९ | ७–७–१ |
| ५–३–१ | १–४–१४ | ८–३–२ |
| ५–३–४ | १–४–१६ | ८–९–१ |
| ६–२–६ | १–४–२० | ९–१–३९ |
| ७–१–५ | १–५–१६ | ९–१–५१ |
| ७–३–७ | १–५–२५ | १०–१–४ |
| ७–३–१४ | १–६–१७ | १०–२–२ |
| ७–४–१९ | २–२–१ | १०–३–३ |
| ७–५–७ | २–४–५ | १०–३–१७ |
| ७–६–४ | २–४–१२ | १०–३–२१ |

१०–९–१४

**९ गुरु–वडिल ६**

१–२–४

१–२–३७

१–५–१७

७–४–२१

७–७–४

७–९–४

**१० शिष्य २**

३–४–३

१०-१२-१९

**११ अतिथि ५**

४–१–२०

५–१–५

५–१–१०

७–५–८

८–३–६

**१२ साधर्मिक ५**

७–५–९

७–९–१

१०-११-८

१०-११-१०

१०-११-११

**१३ आप्त ५**

२–३–६

७–४–९

७–७–७

१०–७–९

१०-११-२३

**१४ कुलीन २**

५–५–२१

५–५–२२

## कुटुंबवर्ग.

**१५ माता–पिता ५**

२–१–८

२–६–३

४–१–३

८–३–११

८–४–१

**१६ पुत्र ८**

५–४–६

६–२–३

७–२–१८

७–९–५

९–२–१

९–२–२

१०–४–३

१०-१२-७

**१७ पुत्री २**

६–२–८

७–३–१८

**१८ कुटुंबी २**

८–४–३

१०–६–१४

**१९ जमाई १**

७–३–३०

## राजवर्ग.

**२० चक्रवर्त्ती–प्रतिवासुदेव ४**

१–४–२३

२–४–६

२–४–७

४–१–३२

**२१ विद्याधर १**

७–३–९

**२२ राजा ३०**

१–१–८
१–१–५०
१–२–२६
१–२–३२
१–४–१०
१–४–११
१–५–७
१–६–१६
४–१–९
४–१–३९
४–७–२
५–५–७
५–५–९
६–६–२
६–८–४
७–२–३१
७–३–१९
७–४–१२
७–६–१०
७–७–६
७–८–७
१०–६–१८

१०–९–२
१०–९–३
१०–९–८
१०–९–९
१०–१०–१
१०–११–३५
१०–१२–६
१०–१२–११

**२३ मंत्री ४**

७–५–५
७–६–१२
७–७–२
९–१–३६

**२४ शूरवीर-सुभट ३२**

१–५–२
१–५–१२
१–५–१३
४–२–४
४–२–५
४–३–४
४–४–५

४–५–५
४–७–७
५–५–८
५–५–१३
५–५–१६
५–५–२५
६–३–१
७–१–९
७–१–११
७–२–७
७–२–९
७–२–११
७–२–२६
७–२–२९
७–४–११
७–६–२
७–६–७
७–६–१७
७–६–१८
७–८–१
१०–४–१४
१०–६–८

१०-१२-१३
१०-१२-१५
१०-१२-१८

**२५ सारथि १**
१-५-१५

**२६ दूत ५**
४-१-१४
४-१-२१
४-२-३
४-४-२
८-३-३

**२७ सैनिक-सैन्य ३**
७-१-६
१०-३-२५
१०-११-७

**२८ प्रजा २**
१-२-१
७-१-३

**ज्ञातिवर्ग.**

**२९ क्षत्रिय ७**
१-४-१
४-१-३३
४-७-६
५-४-३
६-४-१०
७-४-३
९-१-३१

**३० इक्ष्वाकु १**
७-४-२०

**३१ ब्राह्मण १**
१०-११-२५

**३२ आभीर ३**
८-३-४
९-१-४९
१०-३-१३

**द्वंद्ववर्ग.**

**३३ स्वामी २१**
१-२-१९
१-२-२१
१-२-२३
१-३-१
१-४-५
१-४-६
१-४-८
१-५-३
१-५-२४
२-४-३
४-१-७
४-१-८
४-१-१०
४-१-१८
४-१-२३
४-४-४
५-१-१६
७-५-४
१०-३-२
१०-७-२
१०-७-३

**३४ सेवक-नोकर ९**
१-१-५२
१-६-१८
२-४-२
४-१-१२
४-१-१७
४-१-३५
७-३-१३
७-८-१०

९-१-३७

३५ स्वामि-
मानी ७

१-५-२६

६-२-२

६-८-३

७-२-३

७-३-८

७-५-३

१०-१२-४

३६ बलवान् ९

१-१-४२

२-४-८

२-४-११

२-४-१३

४-१-६

४-७-४

७-२-२८

८-७-२

१०-१२-१०

३७ कायर-
दुर्बल ३

५-१-१९

६-८-५

७-५-६

३८ धनवान् ४

५-५-४

९-१-४२

१०-१०-३

१०-१२-१

३९ गरीब ३

१-१-२०

२-३-५

१०-१०-२

४० दुःखी ४

१-४-२७

५-५-२७

९-४-४

१०-१२-२५

४१ मित्र २

७-३-१०

७-९-३

४२ वैरी-शत्रु ४

४-२-६

५-५-१०

६-४-९

७-६-३

## गुणीवर्ग.

४३ सत्यवादी २

७-२-१५

७-२-२१

४४ विनयी-
विवेकी ५

१-४-२५

२-६-१३

५-२-५

५-३-३

७-२-८

४५ पुण्यशाली ९

१-३-६

२-३-७

५-२-१

६-४-११

६-७-१

९-१-२८

९-१-४१
१०-३-६
१०-६-११

**४६ बुद्धिशाली २२**

१-१-६
१-५-९
२-१-१
२-१-४
४-१-४
४-१-४०
५-१-१७
५-५-२०
७-१-२
७-३-११
७-३-१७
७-४-१०
७-८-८
८-३-१४
८-३-३५
८-३-३६
९-१-७
९-१-२५
१०-६-९
१०-६-१३
१०-८-२
१०-१२-२०

**४७ धैर्यवान् ३**

१-१-१९
४-१-३१
६-४-२

## अवगुणीवर्ग.

**४८ अविवेकी १**

१०-१२-५

**४९ पापी-अधर्मी ७**

८-३-३४
९-१-३
९-१-१६
१०-३-१९
१०-४-१०
१०-६-२
१०-११-२२

**५० नीच-अधम ४**

१-१-४३
७-६-१६
८-३-१७
९-१-३४

**५१ खल-दुर्जन ६**

१-२-६
४-१-२
७-५-२
७-६-१५
९-१-९
९-१-२३

**५२ कपटी ३**

१-२-१०
४-५-८
१०-६-१७

**५३ धूर्त २**

७-६-१९
१०-११-४

**५४ विषयी-कामी ७**

४-१-३८
५-१-१२

६-४-६
७-३-१
७-४-१५
७-६-२०
१०-१२-२४


## स्त्रीवर्ग.


५५ सती ७
१-५-८
५-४-८
८-३-१२
८-३-१८
९-१-२२
१०-६-१६
१०-११-९
५६ पतिव्रता-कुलीना ७
१-१-३३
२-६-८
३-२-३
५-१-८
७-३-२५
८-३-२३
८-३-३१
५७ स्त्रीरत्न १
१०-७-८
५८ वन्ध्या १
१०-६-५
५९ स्त्री १०
४-७-५
६-८-७
७-३-३
७-३-२०
७-३-२१
७-९-२
८-३-२२
९-१-४५
१०-९-५
१०-१२-९
६० विरक्तपत्नी १
७-३-४
६१ कुलटा २
४-३-७
७-३-१२
६२ स्त्रीचरित्र १
७-३-१५
६३ स्त्रीस्वभाव ८
६-२-७
७-५-१०
८-३-१९
८-३-३७
९-१-४६
९-१-४७
१०-११-१९
१०-१२-१२
६४ स्त्रीपराभव ३
७-१-४
८-३-४१
९-१-५
६५ कन्या ४
७-१-१
७-४-२२
८-३-५
१०-६-१५
६६ वर २
७-४-२३

| | | |
|---|---|---|
| ८-४-२ | १-६-७ | ८-३-४० |
| **६७ मूर्खपति १** | २-५-२ | ८-१२-१ |
| ७-३-२४ | ३-४-२ | ९-१-४ |
| | ३-५-१ | ९-१-२९ |
| **६८ मनुष्यसंबंधी** | ४-२-७ | ९-१-४३ |
| **परचूरण ४१** | ४-२-८ | १०-१-१ |
| | ४-३-२ | १०-३-५ |
| १-१-३ | ५-१-३ | १०-४-१ |
| १-१-३२ | ५-१-११ | १०-४-२ |
| १-१-३४ | ५-५-१९ | १०-४-४ |
| १-१-३७ | ५-५-२४ | १०-४-७ |
| १-२-३ | ६-२-९ | १०-६-३ |
| १-२-९ | ६-८-२ | १०-६-१२ |
| १-२-२९ | ७-२-१६ | १०-६-१९ |
| १-४-२ | ७-१०-३ | १०-११-१३ |
| १-४-३ | ८-३-८ | १०-११-१४ |



| स्कंधांक, अध्यायांक, श्लोकांक | स्कंधांक, अध्यायांक, श्लोकांक | स्कंधांक, अध्यायांक, श्लोकांक |
|---|---|---|

## तिर्यक्‌ कांड ६५.

### पशुवर्ग.

६९ गज ७

१-४-१५
१-६-८
४-१-१३
४-१-१६
४-१-२५
५-२-१६
१०-४-९

७० अश्व २

१-५-१४
९-१-३८

७१ सिंह-व्याघ्र १२

१-२-२
१-४-१२
४-३-५
४-५-७
७-१-१०
७-४-६
७-६-१
७-६-८
८-३-९
८-७-१
९-१-३५
१०-५-२

७२ गाय १

२-१-३

७३ मृग १

१-६-१

७४ शीयाळ १

१०-३-७

७५ सामान्य-पशु ३

२-६-६
९-१-२४
१०-११-१५

### पक्षीवर्ग.

७६ पक्षी ३

३-३-३
३-६-१
४-३-६

### क्षुद्रजीववर्ग.

७७ सर्प ५

४-१-२९
४-४-६

| | | |
|---|---|---|
| ८-३-२० | **८२ धातु ३** | २-६-१० |
| ८-१०-१ | १-५-१८ | ४-५-३ |
| ९-१-४४ | २-३-८ | ५-५-१५ |
| **७८ कीडी १** | १०-३-८ | १०-४-६ |
| ३-४-१ | **८३ जल-समुद्र ७** | १०-६-१० |
| **७९ पुरां १** | १-२-२५ | १०-११-६ |
| ९-४-१ | २-६-१२ | **८५ वायु १** |
| **८० भूमि-पृथ्वी ३** | ३-१-२ | १०-३-१० |
| १-६-२ | ३-२-२ | **८६ वनस्पति ५** |
| २-६-१ | १०-७-१० | १-६-९ |
| ४-४-१ | १०-९-७ | ४-५-१० |
| **८१ रत्न-मणि २** | १०-११-३४ | ५-५-१४ |
| १-५-११ | **८४ अग्नि ७** | ५-५-१८ |
| ९-१-१२ | २-२-२ | ८-३-३२ |

| काण्डसंख्या. सर्गसंख्या. श्लोकसंख्या. | काण्डसंख्या. सर्गसंख्या. श्लोकसंख्या. | काण्डसंख्या. सर्गसंख्या. श्लोकसंख्या. |
|---|---|---|
| **अ जी व कां ड ३२४.** | | |
| **गुणवर्ग.** | ९-२-३ | ७-४-५ |
| **८७ धर्म २** | १०-८-१ | ७-८-२ |
| ७-८-६ | **९१ शुभध्यान २** | **९४ पुण्य ९** |
| १०-११-१८ | १०-३-१८ | १-१-१४ |
| **८८ अध्यात्म २** | १०-९-१७ | १-१-१५ |
| २-६-७ | **९२ विद्या ३** | १-१-५१ |
| ४-७-१० | १-२-३५ | ६-२-१४ |
| **८९ तीर्थ २** | १०-७-५ | ७-१०-१४ |
| १-१-२२ | १०-७-६ | ८-३-४४ |
| १०-९-१२ | **९३ विनय-** | १०-३-१५ |
| **९० गुरुआज्ञा ७** | **विवेक ७** | १०-४-१६ |
| १-२-५ | १-१-२ | १०-१२-२८ |
| २-१-६ | १-४-२१ | **९५ दीक्षा ८** |
| २-१-७ | ३-१-१ | १-१-३५ |
| २-३-४ | ४-७-१ | १-६-१९ |
| ९-१-१७ | ५-३-२ | ५-१-२२ |

७-२-१२
७-४-२
७-४-१६
८-३-२९
१०-९-१६

**९६ तप ९**

१-१-४६
१-४-१३
१-४-१७
१-६-१२
६-४-३
६-८-१
८-३-२७
९-१-२
१०-१२-२३

**९७ भावना १**

१०-९-१३

**९८ मोक्ष १**

१-१-४७

**९९ नीति ११**

६-८-१२
७-२-४
७-२-५
७-२-१३
७-२-१७
७-२-१९
७-२-२४
७-२-२५
८-३-३३
१०-३-२४
१०-८-३

**१०० दान १**

२-१-२

**१०१ गुण १**

५-१-४
५-२-६

**१०२ उद्यम १**

९-४-३

**१०३ विज्ञान ७**

३-६-२
४-१-१५
४-५-४
५-५-१२
७-६-५
९-१-११
१०-११-१५

**१०४ बुद्धि ६**

५-१-२
५-५-१७
९-१-४०
१०-११-५
१०-११-२८
१०-१२-२

**१०५ स्नेह-प्रेम ८**

१-१-४८
४-१-२७
५-१-२१
५-२-१४
६-४-४
७-८-९
८-३-४५
१०-३-१४

**१०६ कला १**

६-२-११

## अवगुणवर्ग.

१०७ कषाय ७
१-५-१०
४-१-२६
४-५-९
५-४-७
७-४-२४
१०-३-९
१०-८-५

१०८ काम-विषय ६
५-१-१
६-४-५
७-६-९
९-१-१८
९-१-२१
१०-११-२६

१०९ माया-कपट ७
५-५-२६
६-८-६
७-३-२८
७-५-१
१०-५-३
१०-११-३
१०-११-३२

११० दुःख ५
५-५-२३
७-३-२२
८-३-३९
९-१-३३
१०-११-३३

१११ वेर ३
६-८-८
७-१-८
१०-३-१२

११२ निद्रा ५
१-१-४
८-३-१६
१०-७-१
१०-११-१२
१०-१२-१६

११३ हांसी २
७-४-१
८-३-२१

११४ आशा २
६-७-२
१०-८-४

११५ लोक-विरुद्ध १
७-८-१३

११६ भय ४
१-५-२३
८-३-२४
८-३-२८
१०-११-२

११७ इन्द्रिय १
९-१-२०

११८ आधिपत्य १
९-१-१९

## मिश्रवर्ग.

११९ सत्यासत्य २
७-२-२२
७-२-२३

१२० हर्ष-शोक २
७-४-१४

७-४-१८

१२१ सुख-दुःख १

७-८-५

## राजनीतिवर्ग.

१२२ राजनीति ८

१-२-३८

१-४-७

५-१-७

७-१-७

७-२-३०

७-६-१३

७-६-१४

९-३-१

१२३ राज्य ३

१-४-२२

६-४-८

१०-११-३६

१२४ पराक्रम ३

७-२-२७

७-३-२७

१०-११-३१

१२५ युद्ध ३

१-४-१८

१-५-२२

४-१-२४

१२६ सेवा ३

१-४-१९

१-४-२६

६-२-१२

१२७ समूहबल १

१०-१३-१

## परचूरणवर्ग.

१२८ कर्म-भाग्य ३१

१-१-१८

१-१-२१

१-१-५३

१-२-३१

१-३-७

१-६-६

२-६-१६

३-३-२

४-१-३६

४-३-३

५-१-१५

५-१-१८

५-२-१३

६-२-१०

७-२-३२

७-३-२३

७-१०-१

७-१०-२

८-३-१५

८-३-३०

८-३-३८

९-१-६

९-१-३२

९-१-४८

९-१-५०

९-४-५

१०-१-२

१०-१-३

१०-२-१

१०-६-२२

१०-७-७
१२९ लक्ष्मी-धन ७
१-१-२६
१-१-३६
१-५-२१
२-१-९
२-१-१०
४-२-२
९-४-२
१३० विभव २
१०-६-२०
१०-९-६
१३१ दिव्य ३
७-८-१४
७-९-६
१०-१२-१७
१३२ देशाचार १
१०-५-१
१३३ जन्मभूमि ३
२-५-१
८-३-७
१०-९-११
१३४ वस्त्र ३
१-६-११
४-१-३०
७-३-१६
१३५ संगीत २
४-१-३७
६-२-४
१३६ स्वप्न २
४-१-१
८-३-४३
१३७ चिकित्सा ३
१-१-३१
१-१-३९
८-३-४२
१३८ औषध-रोग ७
१-१-३०
१-१-४०
१-२-१३
१-५-६
५-४-४
१०-१२-३
१०-१२-८
१३९ प्रकृति २
१-१-२७
१०-३-२३
१४० मृत्यु ३
८-३-२५
१०-११-२०
१०-१२-२६
१४१ भाविभाव ८
२-६-२
५-१-१३
५-१-१४
५-२-९
८-३-१३
१०-६-६
१०-६-७
१०-७-१४
१४२ भोजन ५
४-५-२
७-३-५
१०-३-२२

૧૦-૭-૧૨
૧૦-૧૧-૨૪

**१४३ वार्ता २**

૮-૩-૧
૧૦-૩-૪

**१४४ लोकोक्ति-कहेवत ३७**

૧-૧-૧૦
૧-૧-૧૧
૧-૧-૧૨
૧-૧-૧૩
૧-૧-૧૭
૧-૧-૨૩
૧-૧-૨૪
૧-૨-૭
૧-૨-૧૮
૧-૪-૨૪
૧-૫-૫
૧-૫-૧૯
૧-૫-૨૦
૧-૬-૩
૨-૬-૪
૨-૬-૧૧
૪-૧-૨૨
૪-૭-૩
૬-૨-૫
૭-૨-૧
૭-૪-૪
૭-૭-૫
૭-૮-૪
૭-૮-૧૧
૭-૮-૧૨
૮-૧-૧
૮-૩-૨૬
૮-૯-૨
૯-૧-૧૦
૯-૧-૨૭
૧૦-૩-૧૬
૧૦-૩-૨૬
૧૦-૪-૫
૧૦-૪-૧૭
૧૦-૧૧-૨૯
૧૦-૧૨-૧૪
૧૦-૧૨-૨૭

**१४५ कुदरत १०**

૧-૧-૨૮
૧-૧-૨૯
૧-૨-૧૬
૧-૨-૨૮
૨-૧-૫
૩-૮-૧
૭-૪-૭
૧૦-૬-૨૧
૧૦-૯-૪
૧૦-૧૧-૧૬

**१४६ प्रकीर्ण ३५**

૧-૧-૨૫
૧-૨-૮
૧-૨-૧૧
૧-૨-૨૨
૧-૫-૧
૧-૫-૨૭
૧-૬-૧૩
૧-૬-૧૪
૧-૬-૧૫
૨-૪-૧
૨-૫-૪

| | | |
|---|---|---|
| ૨–૬–૯ | ૬–૨–૧૩ | ૧૦–૪–૧૧ |
| ૪–૨–૧ | ૬–૪–૧ | ૧૦–૪–૧૮ |
| ૪–૫–૧ | ૭–૨–૧૦ | ૧૦–૯–૧૦ |
| ૫–૧–૯ | ૭–૨–૧૪ | ૧૦-૧૧-૨૧ |
| ૫–૨–૭ | ૭–૩–૨ | ૧૦-૧૧-૨૭ |
| ૫–૨–૮ | ૭–૩–૨૬ | ૧૦-૧૨-૨૨ |
| ૫–૨–૧૦ | ૭–૪–૮ | **કુલ વચન ૯૧૫** |
| ૫–૫–૨ | ૮–૧–૨ | |
| ૬–૨–૧ | ૯–૩–૨ | |

# हेमचंद्र-वचनामृत

# पर्व १ लुं

## सर्ग १ लो.

१ महात्मनां कीर्त्तनं हि श्रेयो निःश्रेयसास्पदम् । २९

મહાત્માઓનું કીર્ત્તન કરવું તે કલ્યાણકારી અને મોક્ષનું કારણ છે.

२ जडानामुदये हन्त ! विवेकः कीदृशो भवेत् ? । ९४

ખેદની વાત છે કે જડ-મૂર્ખ માણસના ઉદયમાં વિવેક ક્યાંથી હોય ? અપરપક્ષમાં-જલાનામ્-પાણીનું પૂર ઘણા જોસથી આવ્યું હોય ત્યાં પણ વિવેક ક્યાંથી રહે ?

३ नहि सीदन्ति कुर्वन्तो देशकालोचितां क्रियाम् । १०१

દેશ અને કાળને ઉચિત ક્રિયા-કાર્ય કરનારા માણસો દુ:ખી થતા નથી.

४ अतिदुःखातिसौख्ये हि तस्याः* प्रथमकारणम् । १०७

અત્યંત દુ:ખ અને અત્યંત સુખ એ નિદ્રા આવવામાં મુખ્ય કારણો છે.

---

* निद्रायाः ।

५ सर्वंसहा महान्तो हि सदा सर्वंसहोपमाः । १३०

સર્વ દુઃખ-સુખને સહન કરવાવાળા મહાત્મા પુરુષો હમેશાં પૃથ્વીની ઉપમાવાળા છે.

६ धीमन्तो ह्याशुकारिणः । २२४

બુદ્ધિમાન પુરુષો કાર્ય શીઘ્રતાથી કરવાવાળા હોય છે.

७ भवन्ति हि महात्मानो गुर्वाज्ञाभङ्गभीरवः । २६७

મહાત્માઓ, ગુરુઓની આજ્ઞા ભંગ કરવામાં ભયવાળા હોય છે.

८ नीयन्ते यत्र तत्रैते यान्ति सारणिवन्नृपाः । २९२

પાણીની નીકની માફક, મંત્રિઓ, રાજાઓને જ્યાં લઇ જાય છે-જે તરફ દોરે છે તે તરફ રાજાઓ જાય છે-ખેંચાય છે.

९ कदली नन्दति कियद् बदरीतरुसंनिधौ ? । ३०६

બોરડીના ઝાડની પાસે રહીને કેળનું ઝાડ ક્યાંસુધી પ્રફુલ્લિત રહી શકે ?

१० यदाहार इवोद्गारैर्गिरा भावोऽनुमीयते । ३२५

જેમ ઓડકારથી આહારનું અનુમાન થાય છે, તેમ વાણીથી મનના વિચારોનું અનુમાન કરી શકાય છે.

११ स्वार्थभ्रंशो हि मूर्खता । ३३३

સ્વાર્થથી ભ્રષ્ટ થવું તે મૂર્ખપણું છે.

१२ कारणस्यानुरूपं हि कार्यं जगति दृश्यते । ३५४

જગતમાં કારણને અનુસરતું કાર્ય થાય છે.

१३ प्रत्यक्षेऽपि प्रमाणे किं प्रमाणान्तरकल्पना ? । ४०६

પ્રત્યક્ષ પ્રમાણમાં બીજા પ્રમાણોની કલ્પના કરવાની જરૂર હોતી નથી.

१४ पूर्वोपार्जितपुण्यानां फलमप्रतिमं खलु । ४११

પૂર્વ ભવમાં ઉત્પન્ન કરેલા પુણ્યોનું ફળ અતુલ્ય હોય છે.

१५ पुण्यच्छेदेऽथवा सर्वं प्रयाति विपरीतताम् । ४१५

પુણ્યનો નાશ થતાં તમામ વિપરીતપણાને પામે છે.

१६ अनुकूलनिदेशो हि सतामुत्साहकारणम् । ४२१

અનુકૂલ આજ્ઞાઓ એ સજ્જન પુરુષોના ઉત્સાહનું કારણ થાય છે.

१७ कीदृशं कूपखननं सद्यो लग्ने प्रदीपने ? । ४४९

અગ્નિ લાગ્યા પછી કુવો ખોદવો તે શા કામનો ?

१८ आयुःकर्मणि हि क्षीणे नेन्द्रोऽपि स्थातुमीश्वरः । ५१५

આયુષ્ય કર્મનો ક્ષય થતાં ઇંદ્ર પણ સ્થિર રહેવાને શક્તિમાન નથી.

१९ धीराः प्राणावसानेऽपि नहि यान्तीदृशीं† दशाम् ।५२३

ધીર પુરુષ મૃત્યુ થઇ જાય તો પણ મોહદશાને પ્રાપ્ત થતા નથી.

२० प्रायेण हि दरिद्राणां शीघ्रगर्भभृतः स्त्रियः । ५३३

પ્રાય: કરીને દરિદ્ર પુરુષોની સ્ત્રીઓ જલદી ગર્ભ ધારણ કરે છે.

---

† मोहमयीम् ।

२१ जन्तोर्वज्राहतस्यापि मृत्युर्नात्रुटितायुषः । ५४२

જેનુ આયુષ્ય તૂટ્યુ નથી તેવો પ્રાણી વજ્રથી હણાય તો પણ મરતો નથી.

२२ ......तीर्थानि, सर्वसाधारणानि यत् । ५५३

તીર્થો સર્વને માટે સમાન–ખુલ્લાં હોય છે.

२३ मतिर्गत्यनुसारिणी । ५५४

બુદ્ધિ, ભાવી ગતિને અનુસરવાવાળી હોય છે.

२४ ......अन्ते, या मतिः सा गतिः किल । ५९९

મરણ સમયે જેવી બુદ્ધિ–જેવા વિચારો હોય તેવીજ ગતિ થાય છે.

२५ .........तापे, रत्यै छाया हि जायते । ६०१

ઘણો તાપ પડતો હોય ત્યારે છાયા આનંદને માટે થાય છે.

२६ आसन्ने व्यसने लक्ष्म्या लक्ष्मीनाथोऽपि मुच्यते । ६०४

કષ્ટ નજીક આવતાં લક્ષ્મી ( માલિકને ) વિષ્ણુને, પણ છોડી દે છે.

२७ प्रकृतिव्यत्ययः प्रायो भवत्यन्ते शरीरिणाम् । ६०५

ઘણું કરીને અન્તાવસ્થામાં પ્રાણિઓની પ્રકૃતિમાં ફેરફાર થઇ જાય છે.

२८ भाविकार्यानुसारेण वागुच्छलति जल्पताम् । ६०६

ભાવિ કાર્યને અનુસારે બોલનારાઓનાં વચનો નિકળી જાય છે.

२९ नालभ्यं लभ्यते क्वचित् । ६१८

અલભ્ય ચીજ, કયાંય પણ મળતી નથી.

३० व्याधेरन्यस्य न ह्यन्यदौषधं जातु शान्तिकृत् । ६४१

અન્ય રોગને અન્ય ઔષધ કદાપિ શાંતિ કરનારું થતું નથી.

३१ न ह्यज्ञातस्य रोगस्य चिकित्सा जातु युज्यते । ६४६

અજાણ્યા રોગની દવા કરવી કદાપિ યુક્ત નથી.

३२ अन्यानुभूतं नह्यन्यो जनो जानाति जातुचित् । ६८१

એકે અનુભવેલા સુખ–દુઃખને બીજો માણસ કદાપિ જાણી શકતો નથી–એજ સ્વરૂપમાં અનુભવી શકતો નથી.

३३ अस्वातन्त्र्यं कुलस्त्रीणां धर्मो नैसर्गिको यतः । ६८४

પરાધીન રહેવું તે કુલવાન સ્ત્રીઓનો સ્વાભાવિક ધર્મ છે.

३४ ......नयज्ञा हि, प्रस्तुतार्थेषु तत्पराः । ६९७

ન્યાયને જાણનારા પુરુષો જે કામ આરંભ્યું હોય તેને વિષે તત્પર રહે છે.

३५ प्रव्रज्या दीपिकेवात्तमात्रापि हि तमच्छिदे । ७०९

દીવાની માફક, તત્કાલ ગ્રહણ કરેલી પણ દીક્ષા અંધકારનો નાશ કરનારી થાય છે.

३६ ........तैर्हि† किं नाभेद्यं जलैरिव ? ७१२

જળની જેમ ધનવડે કરીને શું નથી ભેદી શકાતું ?

३७ एकचिन्ताविपन्नानां गतिरेका हि जायते । ७१६

એક સરખા વિચારથી ભરેલા માણસોની એક સરખી ગતિ થાય છે.

---

† धनैः ।

३८ ............कायानपेक्षा हि मुमुक्षवः । ७३५

સાધુઓ શરીરની પણ દરકાર રાખતા નથી.

३९ ...विचिकित्सन्ति, न हि जातु चिकित्सकाः । ७६०

સારા વૈદ્યો કદાપિ બહુ પાપવાળી ચિકિત્સા કરતા નથી.

४० योग्यमुग्रस्य हि व्याधेः शान्त्यामत्युग्रमौषधम् । ७६२

તીવ્રરોગની શાંતિને માટે તીવ્ર ઔષધ યોગ્ય ગણાય છે.

४१ सर्वत्राद्रोहता सताम् । ७६६

સજ્જન પુરુષો કોઇને પણ દુ:ખ દેતા નથી.

४२ न वज्रपञ्जरेऽप्यस्ति, स्थानं रुष्टे बलीयसि । ७७३

બળવાન માણસ ક્રોધાતુર થયા પછી, સામા માણસને વજ્રના પાંજરામાં પણ પોતાની રક્ષા માટે સ્થાન મળતું નથી.

४३ .....अधमस्थानमधमानां हि युज्यते । ७७४

હલકા જીવોને હલકું સ્થાન યોગ્ય ગણાય છે.

४४ नास्था क्वापि हि तादृशाम् × । ७७७

મુનિઓની કોઇ પણ ઠેકાણે સ્થાયી રહેવાની આસ્થા-ઇચ્છા હોતી નથી.

४५ न हि मोहो महात्मनाम् । ७८८

મહાત્માઓને મોહ હોતો નથી.

४६ न सामान्यफलं तपः । ७८९

તપ સામાન્ય ફળ નથી આપતું-બહુ ફળ આપે છે.

४७ ...अच्यवनं, नहि मोक्षं विना क्वचित् । ७९०

મોક્ષ સિવાય, ક્યાંય મરણનો અભાવ નથી.

× मुनीनाम् ।

४८ स्नेहः प्राग्भवसम्बद्धो, ह्यनुबध्नाति बन्धुताम् । ७९६

પૂર્વ ભવનો સ્નેહ, બંધુપણાને જોડી આપે છે.

४९ प्रादुर्भवन्ति महतां स्वयमेव यतो गुणाः । ७९९

મહાત્મા પુરુષોના ગુણો પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે.

५० आत्मानुरूपः कर्तव्यः सारथिर्हि महारथैः । ८०८

મહાયોદ્ધાઓએ પોતાના જેવો શૂરવીર સારથી કરવો જોઇએ.

५१ सम्पद्धि पुण्यमानेनाम्भोमानेनेव पद्मिनी । ८११

જેમ પાણી જેટલું ઊંડું હોય તેટલી જ ઊંડી કમલિની હોય, તેમ જેટલું પુણ્ય હોય તે પ્રમાણે જ સંપદાઓ મળે છે.

५२ भृत्याः स्वाम्यनुगामिनः । ८३५

સેવકો સ્વામીનું અનુસરણ કરનારા હોય છે.

५३ क्षयोपशमवैचित्र्याच्चित्रा हि गुणसम्पदः । ८३७

કર્મના ક્ષયોપશમનું વિચિત્રપણું હોવાથી ગુણોની સંપદાઓ પણ વિચિત્ર પ્રકારની પ્રાપ્ત થાય છે.

५४ मुमुक्षवो निराकाङ्क्षा वस्तुषूपस्थितेष्वपि । ८८१

ચીજો પાસે તૈયાર હોવા છતાં મુનિરાજો તેની આકાંક્ષા રહિત હોય છે.

## सर्ग २ जो.

१ प्रजा राजानुयायिनी । १४

પ્રજા, રાજાનું અનુકરણ કરવાવાળી હોય છે.

२ व्याघ्रा अपि पलायन्ते ज्वलज्ज्वलनदर्शनात् । २३

બળતા અગ્નિને દેખીને વાઘો-સિંહો નાશી જાય છે.

३ वणिजो लोकसामान्येऽप्यर्थे साऽऽशङ्कवृत्तयः । ३५

વાણીયા-વેપારીઓ, સર્વલોક પ્રસિદ્ધ-પરિચિત બાબતોમાં પણ શંકિત મનવાળા હોય છે.

४ मन्दभाग्यतया पुंसां गुरवः स्युरनीदृशाः × । ४४

ઉપદેશ ન કરે-શિખામણ ન આપે એવા ગુરુઓ -વડિલો, મંદભાગ્યવાળા મનુષ્યોને હોય.

५ कृतं तेन कृतेनापि गुर्वाज्ञा यत्र लङ्घ्यते । ४६

જેમાં ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન થાય એવું કામ કરવાથી સર્યું, અર્થાત્ તેવું કામ ન કરવું.

६ खलाः सर्वंकषाः खलु । ५३

લુચ્ચાઓ સર્વને દુઃખ દેનારા હોય છે.

७ एकत्र विनिवेशेऽपि काचः काचो मणिर्मणिः । ५४

એકજ ઠેકાણે રહ્યા હોય તોપણ કાચ છે તે કાચ જ રહેશે અને મણિ છે તે મણિ જ રહેશે.

८ दुर्लक्षा हि पराशयाः । ५५

બીજાના વિચારો મુશ્કેલીથી જાણી શકાય છે.

---

× अनुपदेशकारकाः ।

९ विपरीतं न शङ्कन्ते, कदापि सरलाशयाः । ६३

સરલ સ્વભાવી મનુષ્યો કદાપિ કોઇના વિષે ખોટી શંકા લાવતા નથી.

१० सत्कारयन्ति ह्यात्मानं कृत्वाऽप्यागांसि मायिनः। १०३

કપટી પુરુષો અપરાધો કરીને પણ (' મેં સારું કર્યું ' એ પ્રમાણે) પોતાના આત્માનો સત્કાર કરે છે.

११ वन्ध्याऽप्युन्मूल्यते नैव लता या लालिता स्वयम्। १०५

પોતે ઉછેરીને મોટી કરેલી વાંઝણી વેલડી પણ પોતાથી ઉખેડાતી નથી, તો પછી બીજી ચીજોનું તો કહેવું જ શું ?

१२ अस्तमीयुषि पीयूषकरे तिष्ठेन्न चन्द्रिका। १६९

ચંદ્ર અસ્ત થયા પછી તેની ચંદ્રિકા—જ્યોત્સ્ના રહી શકતી નથી.

१३ रोगे त्वेकौषधासाध्ये देयमेवौषधान्तरम्। १७८

એક ઔષધથી રોગને ફાયદો ન થાય તો તેને બીજું ઔષધ જરૂર આપવું.

१४ प्रायो महात्मनां पुत्राः स्युर्महात्मान एव हि । १९१

પ્રાયઃ મહાત્માઓના પુત્રો મહાત્માઓ જ થાય છે.

१५ शरत्कालवशादिन्दुकराः स्युरधिकश्रियः । २६२

શીયાળામાં ચંદ્રમાનાં કિરણો વધારે શોભાવાળાં થાય છે.

१६ सर्वतोऽपि शाम्यन्ति सन्तापाः प्रावृडागमात्। २६३

વર્ષા ઋતુ આવવાથી ચારે તરફથી બધી ગરમી શાંત થાય છે.

१७ अर्हतामुदयः केषां न स्यात् सन्तापहारकः । ३३४

અરિહંત–તીર્થંકર ભગવાનનો જન્મ કોનાં દુઃખોનો નાશ કરનાર નથી થતો ?

१८ अयोऽपि यानपात्रस्थं पारं प्राप्नोति वारिधेः । ३३६

વહાણમાં રહેલું લોઢું પણ સમુદ્રના સામે કાંઠે પહોંચી જાય છે.

१९ स्वाम्यग्रे नासनात्ययः । ३८४

સ્વામીની પાસે આસન-બેઠકની મર્યાદાનું ઉલ્લંઘન ન થાય.

२० नैसर्गिकी हि भवति द्युसदां कामरूपिता । ३७९

દેવતાઓને ઇચ્છિત રૂપ કરવાની શક્તિ સ્વાભાવિક હોય છે.

२१ उपायनं हि प्रथमं प्रणामः स्वामिदर्शने । ४०८

સ્વામીનું દર્શન થતાં પ્રણામ કરવો તે પહેલું ભેટણું છે.

२२ भक्तौ न पुनरुक्तता । ४०९

ભક્તિમાં પુનરુક્તિ, એ દોષ ગણાતો નથી.

२३ तादृक्+स्वाम्याप्तिजानन्दः शक्यते केन गोपितुम् ? ५६८

તીર્થંકર ભગવાન જેવા સ્વામીની પ્રાપ્તિથી ઉત્પન્ન થયેલા આનંદને છુપાવવા માટે કોણ સમર્થ થઇ શકે ?

---

+ तीर्थङ्करसदृक् ।

२४ अपुनर्जन्मनो जन्म दुःखच्छिद् विश्वजन्मिनाम् । ६०३

ચરમશરીરી—એજ ભવમાં મોક્ષ જનાર તીર્થંકર ભગવાન વગેરેનો જન્મ, સંસારના પ્રાણિઓનાં દુઃખોનો નાશ કરનાર હોય છે.

२५ स्वयम्भुरमणाम्भोधेर्मातुमम्भांसि कः क्षमः ? । ६०९

સ્વયંભુરમણ નામના છેલ્લા સમુદ્રના પાણીને માપવા માટે કોણ સમર્થ થાય ?

२६ आज्ञा ह्याज्ञाप्रचण्डानां वचसा सह सिद्ध्यति । ६२३

તીવ્ર પ્રતાપી પુરુષોની આજ્ઞા વચનની સાથે જ સિદ્ધ થાય છે.

२७ नृणां लोकोत्तराणां हि बाल्यं वपुरपेक्षया । ६६४

લોકોત્તર પુરુષોનું બાળપણું શરીરની અપેક્ષાથી છે. ( જ્ઞાનથી નહીં ).

२८ तुलमप्यल्पभारत्वादाकाशमनुधावति । ७३८

હલકું હોવાથી રૂનું પુંભડું પણ આકાશ તરફ ઊંચુ દોડે છે.

२९ जाताऽपत्यानि युग्मानि जीवन्ति कियदेव हि ?। ७४३

પુત્ર-પુત્રીનું જોડલું ઉત્પન્ન થયા પછી યુગલિક-યુગલીયાં મનુષ્યો કેટલો કાળ જીવી શકે ?

३० ........परार्थाय, महतां हि प्रवृत्तयः । ८८१

મોટા પુરુષોની પ્રવૃત્તિઓ પરોપકારને માટે હોય છે.

३१ सद्वेदनीयमपि हि न कर्म क्षीयतेऽन्यथा । ८८२

સાતાવેદનીય કર્મ પણ ભોગવ્યા વિના ક્ષય થતું નથી.

३२ मर्यादोल्लङ्घिनां लोके राजा भवति शासिता । ८९७

દુનિયામાં મર્યાદાનું ઉલ્લંઘન કરનારને શિક્ષા કરનાર રાજા હોય છે.

३३ विश्वस्य सुखसृष्ट्यै हि महापुरुषसृष्टयः । ९५३

મહાપુરુષોની ઉત્પત્તિ દુનિયાની સુખોત્પત્તિને માટે હોય છે.

३४ सर्वकल्पद्रुमस्थाने ह्येकः कल्पद्रुमः प्रभुः । १५५

પ્રભુ-તીર્થંકર ભગવાન બધા કલ્પવૃક્ષોને બદલે એક ઉત્તમ કલ્પવૃક્ષ છે.

३५ ........पात्रे, विद्या हि शतशाखिका । १६१

પાત્રમાં અપાએલી વિદ્યા સેંકડો શાખાવાળી થાય છે.

३६ ध्रुवो ह्यध्वा महत्कृतः । १६९

મોટાઓએ કરેલો માર્ગ-રીવાજ નિશ્ચલ થાય છે.

३७ अन्तरेणोपदेष्टारं पशवन्ति नरा अपि । १७३

ઉપદેશક-શિક્ષક સિવાય મનુષ્યો પણ પશુની માફક આચરણ કરે છે.

३८ एकैव दण्डनीतिर्हि सर्वान्यायाहिजाङ्गुली । १७९

બધા અન્યાયરૂપિ સર્પોનું ઝેર ઉતારવામાં જાંગુલી નામની વિદ્યા સમાન એક દંડનીતિ જ છે.

(જેમ ગમે તેવા ભયંકર સર્પોનું ઝેર ઉતારવામાં જાંગુલી નામની વિદ્યા સમર્થ છે, તેમ ગમે તેવા આકરા અન્યાયોને દૂર કરવા માટે દંડનીતિજ બસ છે.)

# सर्ग ३ जो.

१ याच्ञामेकान्तभक्तानां स्वामिनः खण्डयन्ति न। ७१

સ્વામિઓ, પોતાના અનન્ય ભક્તોની યાચનાનો ભંગ કરતા નથી.

२ निर्ममा हि न लिप्यन्ते कस्याप्यैहिकचिन्तया। १३९

મમત્વ રહિત મુનિઓ કોઇની પણ આલોકની ચિન્તાવડે લેપાતા નથી.

३ ...........अचिन्त्यप्रभावाः प्रभवः खलु। २९४

પ્રભુ ( તીર્થંકરો ) અચિન્ત્ય ( અગણિત ) પ્રભાવવાળા હોય છે.

४ ...........नैकत्र, तिष्ठेत् छद्मस्थतीर्थकृत्। ३३०

છદ્મસ્થ તીર્થંકરો એક જ સ્થાને વધારે વખત રહેતા નથી.

५ यत् कुर्वन्ति महान्तो हि तदाचाराय कल्पते। ५३३

મોટા લોકો જે કામ કરે છે, તે બધા લોકોના આચારવ્યવહારને માટે થાય છે.

६ गुरूपदेशः साक्ष्येव प्रायेण लघुकर्मणाम् । ६५३

પ્રાયઃ લઘુકર્મી જીવોને ગુરુનો ઉપદેશ સાક્ષીમાત્ર જ હોય છે.

७ नहि भोगफले कर्मण्यभुक्ते भवति व्रतम् । ६५५

ભોગ ફળવાળું કર્મ ભોગવ્યા વિના દીક્ષા લઇ શકાતી નથી.

## सर्ग ४ थो.

१ मन्यन्ते क्षत्रियाः ह्यस्त्रं प्रत्यक्षमधिदैवतम् । २

ક્ષત્રિઓ અસ્ત્ર-શસ્ત્રને પ્રત્યક્ષ અધિષ્ઠાયક દેવ માને છે.

२ पूजितैः पूज्यमानो हि केन केन न पूज्यते ? । १३

પૂજ્ય લોકોથી પૂજાએલો માણસ કોના કોનાથી પૂજાતો નથી ?

३ यथाविधिविधिज्ञा हि विस्मरन्ति विधिं नहि । ८८

યથાર્થવિધિને જાણનારા લોકો વિધિને ભૂલતા નથી.

४ ........महान्तो हि, सेवोपनतवत्सलाः । १५०

મોટા પુરુષો પોતાની સેવા માટે નમ્ર થએલા પુરુષો પ્રત્યે વાત્સલ્ય ભાવવાળા હોય છે.

५ लोके महत्त्वदानाय महन्त्यात्मीयमीश्वराः । १९४

સ્વામિઓ પોતાના માણસોને લોકમાં મહત્ત્વ આપવા માટે પૂજે છે–સત્કારે છે.

६ प्रभोः प्रसादचिह्नं हि प्राभृतादानमादिमम् । २११

ભેટણાંનો સ્વીકાર કરવો, તે સ્વામિના પ્રસાદનું પ્રથમ ચિહ્ન છે.

७ आदौ सामन्तमात्रस्याप्युचिताः प्रतिपत्तयः । २१४

પોતાનો સામંત માત્ર હોય તો પણ પ્રથમ તેનો આદર સત્કાર કરવો ઉચિત છે.

८ अलुब्धा अपि गृह्णन्ति भृत्यानुग्रहहेतुना । २३४

સેવકો ઉપર અનુગ્રહ કરવાના હેતુથી અલોભી–સંતોષી સ્વામિઓ પણ ભેટણાંનો સ્વીકાર કરે છે.

९ महान्तो नावजानन्ति नृमात्रमपि संश्रितम् । २३५

પોતાને આશ્રયે આવેલા સામાન્ય મનુષ્યની પણ મોટા પુરુષો અવજ્ઞા કરતા નથી–અનાદર કરતા નથી.

१०......................कृतार्था अपि भूभुजः ।
न त्यजन्ति दिशोर्दण्डं चिह्नं दिग्विजयश्रियः । २४४

કૃતકૃત્ય થએલ પણ રાજાઓ દિગ્વિજયની લક્ષ્મીના ચિહ્ન સ્વરૂપ, દિશાના–જિતાએલા રાજાઓ પાસેથી આવતા દંડનો ત્યાગ કરતા નથી.

११ प्रभवः प्रणिपातेन गृहीताः किं न कुर्वते ? । २४७

નમસ્કારથી પ્રસન્ન કરેલા સ્વામિઓ શું શું (ઉપકાર) નથી કરતા ?

१२ सिंहः प्रयाति यत्रापि तस्यौकः स्वं तदेव हि । २८४

સિંહ જ્યાં જાય, તે જ તેનું ઘર.

१३ ...........सर्वास्तपोमूला हि सिद्धयः । २८७

બધી સિદ્ધિઓ તપથી ઉત્પન્ન થાય છે.

१४ महान्तः शक्तिवन्तोऽपि प्रथमं साम कुर्वते। २९०

મહાપુરુષો શક્તિવાળા હોવા છતાં પણ, પહેલાં તો સામ–શાંતિથી સમજાવવાનો પ્રયત્ન કરે છે.

१५ मनागपसरत्येव प्रजिहीर्षुर्गजोऽपि हि। २९४

પ્રહાર કરવાની ઇચ્છાવાળો હાથી પણ જરા પાછો હઠીને પછી પ્રહાર કરે છે. ( માટે મનુષ્યોએ પણ દરેક કામ કરતાં વિચાર કરવો જોઇએ. )

१६.......उत्तमानां हि, प्रणामावधयः क्रुधः। ४५७

ઉત્તમ પુરુષોનો ક્રોધ સામો માણસ પ્રણામ ન કરે ત્યાંસુધીજ હોય છે.

१७...........कार्यसिद्धेस्तपो मङ्गलमादिमम्। ४६४

કાર્ય સિદ્ધિમાં તપ એ પ્રથમ મંગળ છે.

१८ युद्धाज्यो यज्जयश्रियः। ५००

જયલક્ષ્મી યુદ્ધથી પ્રાપ્ત થાય છે.

१९ सेवावृत्तिर्न लज्जायै स्वामिवत्स्वामिनन्दने । ५१३

સ્વામિની માફક, સ્વામિના પુત્રને વિષે પણ સેવા કરવી તે લજ્જાને માટે નથી.

२० गृहागते स्वामिनि हि किमदेयं महात्मनाम् ? । ५३५

મોટા પુરુષોને ઘેર સ્વામી આવે, ત્યારે તેમને નહીં દેવા લાયક શું છે ? (કિમતી ચીજ પણ આપી શકાય.

२१ उपचारः समर्थानां सद्यो भवति सिद्धये । ५४०

સમર્થ પુરુષોએ કરેલો ઉપચાર–વિનય જલદી કાર્યની સિદ્ધિ કરવાવાળો થાય છે.

२२ राज्यं तपसाऽऽप्तमपि तपसैव हि नन्दति । ६७३

તપવડે કરીને પ્રાપ્ત કરેલું પણ રાજ્ય તપ વડે કરીને વૃદ્ધિ પામે છે.

२३ रत्नं पञ्चदशं ह्याज्ञा चक्रिणः कार्यसिद्धिषु । ७००

ચક્રવર્તીની આજ્ઞા એ કાર્યની સિદ્ધિ કરવામાં પંદરમું રત્ન છે.

२४ गृहोद्द्योतकरो दीपः किं नो द्योतयते घटम् ?। ७९२

આખા ઘરને પ્રકાશિત કરવાવાળો દીવો શું એક ઘડાને પ્રકાશિત ન કરી શકે ?

२५ विनीतानामलङ्घ्या हि मर्यादा स्वामिदर्शिता। ८१९

સ્વામિએ દેખાડેલી મર્યાદા, વિનીતપુરુષોને અલં-ઘ્ય-ઉલ્લંઘન નહિ કરવા યોગ્ય હોય છે.

२६ अतृप्ता एव कुर्वन्ति सेवां मानविघातिनीम्। ८२४

માનનો નાશ કરે એવી સેવા અસંતુષ્ટ-લોભી પુરુષોજ કરે છે.

२७ किमार्त्तः कुरुते नहि ?। ८४०

દુઃખી માણસ શું નથી કરતો ?

## सर्ग ५ मो.

१ उपादेया शास्त्रलोकव्यवहारानुगा हि गीः। २३

શાસ્ત્ર અને લોકવ્યવહારને અનુકૂલ વાણી હોય તે સ્વીકારવા યોગ્ય છે.

२ शूरैरपि वर्त्तितव्यं गुरौ हि सभयैरिव । १००

શૂરવીર પુરુષોએ પણ ગુરુઓ પ્રત્યે, ભયવાળાની માફક વર્તવું જોઇએ.

३ .......सुस्वामी, गृह्णाति स्खलितं नहि । १०५

સારા સ્વામિઓ સેવકોની સ્ખલના–ભૂલને પકડી રાખતા નથી.

४ विमृश्यकारिणः सन्तः किं दूष्यन्ते खलोक्तिभिः ?। १३७

વિચારીને કામ કરવાવાળા સન્તો, શું મૂર્ખાઓના બકવાથી દૂષિત થાય છે ?

५ यद्‌बद्धमुखो जनः । १४४

લોકોનાં મોઢાં બાંધેલાં હોતાં નથી.

६ किं नाम भेषजं कुर्याद् विकारे सान्निपातिके ? २१६

સન્નિપાતના રોગમાં ઔષધ શું ફાયદો કરી શકે ?

७ *तेषां तेजो हि जीवितम् । २४३

તેજ, એ રાજાઓનું જીવિત છે.

८ एकदाऽपि सती लुप्तशीला स्यादसती सदा। २४५

એક દિવસ પણ ખંડિત થયેલ શીલવાળી સતી હંમેશાંને માટે અસતી છે.

९ युक्तं वचोऽपरस्यापि मन्यन्ते हि मनीषिणः । २६२

બુદ્ધિશાળી મનુષ્યો બીજાનું પણ યુક્તિયુક્ત વચન માને છે.

१० अहो ! अखण्डप्रसराः कषाया महतामपि । २७५

આશ્ચર્ય છે કે મોટા પુરુષોના પણ કષાયો અખંડિત પ્રચારવાળા હોય છે.

११ सर्वेऽपि मणिताभाजः कर्करा अपि रोहणे । २९३

રોહણાચલ પર્વતમાં બધા કાંકરા પણ મણિ-રત્ન હોય છે.

---

* राज्ञाम् ।

१२ वायुतोऽपि भृशायन्ते समरोत्कण्ठिताः खलु। २९७

સંગ્રામની ઉત્કંઠાવાળા મનુષ્યો વાયુથી પણ ઉતાવળા હોય છે.

१३ स्वतोऽपि ह्यधिकां रक्षां भटाः कुर्वन्ति वाहने। ३३६

સુભટો, પોતાના શરીરથી પણ, વાહનોની રક્ષા વધારે કરે છે.

१४ हेषा हि जयसूचिनी। ३३८

ઘોડાનો હેષારવ જયસૂચક છે.

१५ सरथ्या अपि हि रथा निष्फला सारथिं विना। ३४४

ઘોડા જોડેલા રથો પણ, સારથી વિના નકામા છે.

१६ ....गरीयांसः, कार्ये मुह्यन्ति न क्वचित्। ३६४

મોટા પુરુષો કોઇપણ કાર્યમાં મુંઝાતા નથી.

१७ लल्ला अपि हि बालानां युक्ता एव गिरो गुरौ। ३९७

મોટાઓની આગળ બાળકોની તોતડી વાણી પણ યુક્ત છે—વ્યાજબી છે.

१८ अयोऽपि हेमीभवती स्पर्शात् सिद्धरसस्य हि । ३९८

સિદ્ધરસના સ્પર્શથી લોઢું પણ સોનું થાય છે.

१९ कार्यं हि खलु कारणात् । ४५१

કારણથી કાર્ય ઉત્પન્ન થાય છે.

२० सति भूयसि किं तैले शैलाभ्यङ्गो विधीयते ? ४६०

ઘણું તેલ હોય, તેથી શું પર્વતને તેલથી નવરાવાય ?

२१ धनमात्रकृते हन्त ! परद्रोहं करोति कः ? । ४९०

કેવળ ધનના માટે પારકાનો દ્રોહ કોણ કરે ?

२२ विचित्रा हि रणे गतिः । ५४७

સંગ્રામમાં જિત કે હારની વિચિત્ર ગતિ થાય છે.

२३...भक्तिर्ह्यपदेऽपीक्ष्यते भयम् । ५५५

ભક્તિ અસ્થાનમાં પણ ( ભયની શંકા ન હોય ત્યાં પણ ) ભય જૂવે છે.

२४ स्वाम्याज्ञा हि बलीयसी । ५६४

સ્વામીની આજ્ઞા બલવાન છે.

२५ कस्य दुःखाकरो न स्याद् महतां ह्यापदागमः ? । ६३१

મોટા પુરુષો ઉપર આવેલી આપદા કોને દુઃખકર ન થાય ?

२६ नोज्झन्ति मानिनो मानं यावज्जीवं मनागपि । ६६१

માની પુરુષો જીવે ત્યાં સુધી સ્વાભિમાનને જરા પણ છોડતા નથી.

२७ तिरोहितः काण्डपटेनाप्यर्थो न हि दृश्यते । ७८१

કપડાના પડદાના અંતરવાળી વસ્તુ પણ દેખાતી નથી, તો મોટા મોટા આન્તરાવાળી ચીજોની તો વાતજ શી કરવી ?

२८ अमूढलक्ष्या अर्हन्तः समये ह्युपदेशकाः । ७८४

સફલ લક્ષ્યબિંદુ છે જેમનું, એવા તીર્થંકરો યોગ્ય અવસરે જ ઉપદેશ આપનારા હોય છે.

# सर्ग ६ ठ्ठो.

१ युज्यन्ते हि मृगैर्मृगाः । ३७

હરિણોની સાથે હરિણ શોભે છે.

२ कालादनूपरत्वं हि व्रजत्यूषरभूरपि । ३८

ઊષર ( ખારી ) જમીન પણ કાલક્રમે સારા ક્ષેત્ર-ખેતર જેવી થઈ જાય છે.

३ यान्ति दीपस्य सम्पर्काद् वर्त्तयोऽपि हि दीपताम् । १७४

દીવાની સોબતથી એની વાટ પણ દીવાપણાને પામે છે.

४ कामरूपा हि नाकिनः । २१५

દેવો ઇચ્છિતરૂપ કરવાવાળા હોય છે.

५ भक्तौ स्नेहे च सतां कर्त्तव्यं तुल्यमेव हि । २२४

ભક્તિમાં અને સ્નેહમાં સજ્જન પુરુષોનું તુલ્ય કર્તવ્ય હોય છે.

६ कर्म भोगफलं कोऽपि नान्यथा कर्त्तुमीश्वरः। २३६

ભોગફળવાળા કર્મને, અન્યથા કરવાને કોઇ સમર્થ નથી.

७ पूजितैः पूजितो यस्मात् केन केन न पूज्यते ?! २४६

પૂજ્ય માણસોથી પૂજાએલાને કોણ કોણ નથી પૂજતું ?

८ हस्तिभिर्हस्तिभारो हि वोढुं शक्येत नापरैः। २५४

હાથીઓનો ભાર હાથીઓજ ઉપાડી શકે-બીજા નહીં.

९ दिने दिने कल्पतरुर्ददानो न हि हीयते। २६१

હમેશાં દાન કરવા છતાં કલ્પવૃક્ષ ક્ષીણ થતું નથી.

१० शशिनं पश्यतां दृष्टिर्मन्दाऽपि हि पटूयति। २६३

ચંદ્રને જોનારાઓની દૃષ્ટિ મંદ હોય તો પણ સારી-તેજસ્વી બને છે.

११ क्षौमस्य क्षालितं द्वित्रिर्भवति नैर्मल्यकारणम्। ४३८

શણ અથવા રેશમી વસ્ત્રોનું બે ત્રણ વાર ધોવું તે અત્યંત નિર્મલતાનું કારણ થાય છે.

१२ सर्वसाधारणं तपः। ४४२

તપ સર્વને માટે સમાન ફળદાયક છે.

१३ वेद्यते वेदना नैव हर्षेणेव शुचाऽपि यत्। ४६६

બહુ હર્ષના સમયમાં જેમ શારીરિક પીડા માલૂમ પડતી નથી, તેમ બહુ શોકના સમયમાં પણ શારીરિક પીડા અનુભવાતી નથી.

१४ न तापो मानसो जातु सुधावृष्ट्यापि शाम्यति। ४६९

અમૃતની વૃષ્ટિથી પણ માનસિક પીડા શાન્ત થતી નથી.

१५ समा हि समदुःखानां चेष्टा भवति देहिनाम्। ४९७

તુલ્ય દુઃખવાળા પ્રાણિઓની ચેષ્ટાઓ પણ તુલ્ય હોય છે.

१६ यत्र तत्र प्रसक्तानां प्रभूणां को हि बाधकः ?। ७१३

જ્યાં ત્યાં પણ આસક્ત થએલા એવા સ્વામિઓને વિઘ્ન કરનાર–રોકનાર કોણ હોય ? (કોઇ નહીં).

१७ महद्भ्यो महतामृद्धिमपि शंसन्त्यचेतनाः । ७३९

મહાત્માઓની ઋદ્ધિને અચેતન-જડ પદાર્થો પણ મોટા પુરુષો આગળ કહે છે-સૂચિંત કરે છે.

१८ स्वामिवत् स्वामिपुत्रेऽपि भक्ता हि प्रतिपत्तिदाः ।७४०

ભક્ત પુરૂષો, પોતાના સ્વામીની માફક સ્વામિ-પુત્રની પણ ભક્તિ કરવાવાળા હોય છે.

१९ न जातु वन्द्यते प्राप्तकेवलोऽपि ह्यदीक्षितः । ७४४

કેવલજ્ઞાન થયું હોય છતાં દીક્ષા ન લીધી હોય-વેશ ધારણ ન કર્યો હોય તો તેને લોકો વંદના કરતા નથી.

# पर्व २ जुं.

## सर्ग १ लो.

१ चिकित्स्यते हि निपुणैरङ्गोद्भवमपि व्रणम् । २७

समजदार पुरुषो पोताना अंगमांथी उत्पन्न थएला पण घानी चिकित्सा करे छे.

२ पात्रे बहुफलं तद्धि† । ३८

ते दान पात्रमां देवाथी बहु फळ देनारुं थाय छे.

३ गौः पालकविशेषेण कामं दुग्धे विशिष्यते । १४१

जेटले अंशे पालक सारो होय तेटले अंशे गाय दूधमां वधारो करे छे.

४...निश्चिते कार्ये नालसन्ति मनस्विनः । १४३

डाह्या माणसो नक्की करेला कार्यमां आलस करता नथी.

---

† धनम् ।

५ चक्षुष्मानपि किं कुर्यादन्धकारे प्रसृत्वरे ?। १५१

અંધકાર ઘણો ફેલાયો હોય ત્યારે આંખો વાળો માણસ પણ શું કરી શકે ?

६ गुर्वाज्ञा हि कुलीनानां विचारमपि नार्हति । १८८

કુલવાન પુરુષોને મોટાઓની આજ્ઞામાં કંઇ પણ વિચાર ( સંદેહ ) કરવો યોગ્ય નથી.

७ गुर्वाज्ञाकरणं सर्वगुणेभ्यो ह्यतिरिच्यते । १९४

મોટાઓની આજ્ઞાનું પાલન કરવું તે સર્વ ગુણથી વિશેષ-મોટો ગુણ છે.

८ पितृतः कः परो लोकेऽनुल्लङ्घ्यवचनो भवेत् ?। १९५

દુનિયામાં જેનું વચન ઉલ્લંઘન ન કરી શકાય તેવા પુરુષોમાં પિતાથી અધિક કોણ છે ? અર્થાત્ કોઇ નહીં.

९ शक्रोऽपि हि श्रियासक्तः किं पुनर्मानवो जनः ?। २१८

શક્રેંદ્ર પણ લક્ષ્મીમાં આસક્ત છે તો મનુષ્ય માટે કહેવું જ શું ?

१० अगृध्नोरनुगा लक्ष्म्यः । २२०

અનાસક્ત પુરુષોની પાછળ પાછળ લક્ષ્મી ફર્યા કરે છે.

## सर्ग २ जो.

१ महापुमांसो गर्भस्था अपि लोकोपकारिणः । १०६

મહાપુરુષો ગર્ભમાં હોય ત્યારે પણ લોકોપકાર કરવાવાળા થાય છે.

२ जायते घृष्यमाणाद्धि दहनश्चन्दनादपि । २३८

અત્યંત ઘસવાથી ચંદનમાંથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે.

३ कामरूपा दिवौकसः । ३३८

દેવો ઇચ્છિત રૂપો કરી શકે છે.

## सर्ग ३ जो.

१ नह्यर्हन्तः स्तनन्धयाः । २

અરિહંતો ( તીર્થંકરો ) માતાને ધાવતા નથી.

२ त्रिज्ञाना हि स्वतो जिनाः । २२

તીર્થંકરો જન્મથીજ ત્રણ જ્ઞાનવાળા હોય છે

३ भावतोऽपि यतिर्यतिः । ९०

દીક્ષા ન લીધી હોય છતાં જે ભાવથી સાધુ હોય તે પણ સાધુ ગણાય છે.

४ सतां ह्यलङ्घ्या गुर्वाज्ञा । ९३

ગુરુની આજ્ઞા સજ્જન પુરુષોને અલંઘ્ય ( ઉલંઘન નહિં કરાય તેવી ) હોય છે.

५ निर्धनस्य सुभिक्षेऽपि दुर्भिक्षं पारिपार्श्विकम् । ८६६

દરિદ્ર માણસને સુકાળને વિષે પણ દુકાળ સમીપવર્તિ હોય છે.

६....वाचां, ह्याप्ताधीना प्रमाणता । १००

વચનોનું પ્રમાણિકપણું ( તેના બોલનારા ) આપ્ત પુરુષોને આધીન છે.

७ धर्मे धर्मोपदेष्टारः साक्षिमात्रं शुभात्मनाम् । १०७

પુણ્યશાળી જીવોને ધર્મને વિષે ધર્મોપદેશક સાક્ષી માત્ર હોય છે.

८ स्वर्णीस्यातां सिद्धरसात् सीसकत्रपुणी अपि। १०८

सिद्धरसना योगथी सीसुं अने कथीर पण सोनुं थई जाय छे.

## सर्ग ४ थो.

१ प्रयान्ति ह्युत्तमस्थाने भूषणान्यपि भूष्यताम्। ३२

आभूषणो बीजाने शोभावनारां छे, ते पण उत्तम पुरुषना शरीरे चडवाथी पोते वधारे शोभनारां थाय छे.

२...स्वामिदत्तमाहात्म्याः खलु सेवकाः। ८२

स्वामिए आपेला माहात्म्यवाळा सेवको होय छे.

३...भक्तेष्वीशा हि प्रतिपत्तिदाः। १०८

स्वामिओ पोताना सेवकोने गैारव आपवावाळा होय छे.

४ महात्मनां महर्द्धीनामुत्सवा हि पदे पदे। १३५

महर्द्धिक पुण्यशाळी जीवोने पगले पगले उत्सवो थया करे छे.

५...कृत्यं, महान्तो न त्यजन्ति हि । १४६

મોટા પુરુષો પોતાના કર્તવ્યનો ત્યાગ કરતા નથી.

६ †तादृशामभियोगे हि कम्पन्ते पर्वता अपि । १४७

ચક્રવર્ત્તિ જેવા પુરૂષોના ઉદ્યમમાં પર્વતો પણ કંપાયમાન થાય છે.

७ सेवनीयाश्चक्रिणो हि देवैरपि नरैरिव । १५०

મનુષ્યોની માફક દેવોને પણ ચક્રવર્તિઓ પૂજનિક હોય છે.

८ कृष्टाश्चेट्य इवायान्ति शक्त्या शक्तिमतां श्रियः । १७५

શક્તિમાન્ પુરુષોની પાસે તેઓ શક્તિથી ખેંચાયેલી લક્ષ્મી દાસીઓની માફક આવે છે.

९ प्रायस्तपोग्राह्या हि देवताः । १७८

પ્રાયઃ દેવો તપથી વશ થાય છે.

१० प्रणिपातावसानो हि कोपाटोपो महात्मनाम् । २३९

મહાત્મા પુરુષોનો ક્રોધ, સામો માણસ નમે કે તરત શાંત થઇ જાય છે.

† चक्रवर्त्तिनाम् ।

११...नास्ति, विदेशः कोऽपि दोष्मताम् । २४५

પરાક્રમી પુરુષોને કોઇપણ વિદેશ નથી.

१२ तुष्यन्ति हि महीयांसः सेवामन्या गिराऽपि हि । २७२

મોટા પુરુષો પોતાની સેવા સ્વીકાર કરવાના વચનો-વડે પણ સંતુષ્ટ થાય છે.

१३ अनुत्सुकानां शक्तानां लीलापूर्वाः प्रवृत्तयः । २८७

આસક્તિ વિનાના સમર્થ–શક્તિમાન્ પુરુષોની પ્રવૃત્તિઓ ક્રીડાપૂર્વક હોય છે.

१४ महात्मानः प्रणयिनां प्रणयं खण्डयन्ति न । ३५१

મહાત્માઓ સ્નેહી પુરુષોના વિનય–પ્રાર્થનાને ખંડિત કરતા નથી.

## सर्ग ५ मो.

१...निजे सद्मन्युत्कण्ठा हि बलीयसी । १३

પોતાના ઘરે જવાની ઉત્કંઠા તીવ્ર હોય છે.

२ विमर्शः क्वाल्पमेधसाम् ? । १४

થોડી બુદ્ધિવાળાઓને વિચાર ક્યાંથી હોય ?

३....सामवागम्भः, कोपाग्नेः शमनं सताम् । १५५

સજ્જન પુરુષોના ક્રોધ રૂપી અગ્નિને શાંત વચન રૂપી પાણી શાંત કરે છે-શમાવે છે.

४ लोके स्यादनुकम्पायै सागसामपि निग्रहः । १७७

અપરાધી મનુષ્યોનો નિગ્રહ ( શિક્ષા ) પણ લોકોમાં અનુકંપાને માટે થાય છે.

## सर्ग ६ ट्ठो.

१ अभ्रादपि पतितानां शरणं धरणी खलु । १२

આકાશથી પડેલાઓને પણ પૃથ્વી શરણભૂત છે.

२ कालो हि दुरतिक्रमः । १३६

કાળ-ભવિતવ્યતાને કોઇ ઉલ્લંઘન કરી શકતું નથી.

३ पितुर्मातुश्च तुल्यं हि दुःखं सुतवियोगजम् । १७२

પુત્રના વિયોગનું દુઃખ પિતાને અને માતાને સરખું જ હોય છે.

४ यत्राकृतिस्तत्र गुणा इत्यर्भा अप्यधीयते । २२६

જ્યાં સુંદરાકૃતિ છે, ત્યાં સારા ગુણો હોય, એ પ્રમાણે બાળકો પણ બોલે છે.

५ युक्तं प्राणिषु कारुण्यं सर्वेष्वपि महात्मनाम् । ३३१

મહાત્મા પુરુષોનો નાના-મોટા તમામ પ્રાણીઓ ઉપર કરુણાભાવ હોય તે યુક્ત છે.

६ नारीपरिभवं राजन् सहन्ते पशवोऽपि न । ३८९

હે રાજન્ ! પોતાની સ્ત્રીનો કોઇ પરાભવ કરે તેને પશુઓ પણ સહન કરતા નથી.

७ स्वाधीनं ह्यात्मसाधनम् । ४४५

આત્મ સાધન કરવું તે પોતાને સ્વાધીન છે.

८ जीवन्ति च म्रियन्ते च समं पत्या पतिव्रताः । ४४७

પતિવ્રતા સ્ત્રીઓ પતિની સાથે જીવે છે ને મરે છે.

९ विमृश्य हि विधातव्यमल्पीयेऽपि प्रयोजने । ४५३

નાના કામમાં પણ વિચારીને કાર્ય કરવું જોઇએ.

१० नालं दग्धुं कक्षमग्निर्विना वायुं ज्वलन्नपि । ४८५

બળતો એવો અગ્નિ પણ, વાયુવિના સૂકાં લાકડાંના જંગલને બાળવાને સમર્થ થતો નથી.

११ न हि प्रमाणे प्रत्यक्षे प्रमाणान्तरकल्पना । ५०९

પ્રત્યક્ષ પ્રમાણ રહેતાં બીજા પ્રમાણોની કલ્પના કરવાની જરુર હોતી નથી.

१२ अदर्शितपथं याति पयो ह्यन्धवदुत्पथे । ५४२

જેને માર્ગ નથી કરી આપ્યો એવું પાણી, આંધળા માણસની પેઠે આડે માર્ગે ચાલ્યું જાય છે.

१३ निसर्गेण विनीतस्य शिक्षा सद्भित्तिचित्रवत् । ५५५

સ્વભાવથી વિનયી માણસને શિક્ષા-શિખામણ આપવી તે સારી ભીંત ઉપર ચિત્રામણ કરવા જેવું છે-અર્થાત્ તે બહુ દીપી નીકળે છે.

१४ सोऽध्वा यो महदाश्रितः । ५८२

મોટાઓ જે આચરણ કરે તે માર્ગ-રિવાજ બની જાય છે.

१५ सर्वत्र कुशलं सताम् । ५९५

સંતપુરુષોને સર્વત્ર કુશળ હોય છે.

१६ तुल्या भूस्तुल्यकर्मणाम् । ५९७

સમાન કર્મવાળા પ્રાણીઓ પ્રાયઃ સમાન-ભૂમિ ઉપર-એક દેશમાં ઉત્પન્ન થાય છે.

# पर्व ३ जुं.

## सर्ग १ लो.

१ विवेकिनां विवेकस्य फलं ह्यौचित्यवर्त्तनम् । ९

વિવેકી પુરુષોના વિવેકનું ફળ ઉચિત વર્તન રાખવું એ છે.

२ नदीवन्न नदीभर्तुरुत्सेकाय घनागमः । १०

વરસાદ આવવાથી નદીની પેઠે સમુદ્ર ગર્વિત થતો નથી.

३ पात्रोपकारे प्रथमं महतां यदुपक्रमः । ३७

મોટા પુરુષો સુપાત્રનો ઉપકાર કરવા સૌ પહેલાં તૈયાર થાય છે. ( જો તમામનો ઉપકાર ન કરી શકતા હોય તો સુપાત્રનો તો કરે જ )

## सर्ग २ जो.

१...महतां यस्मात्, पुण्यं पुण्यानुबन्धकम् । ९

મોટા પુરુષોનું પુણ્ય, પુણ્યના અનુબંધવાળું-નવું પુણ્ય ઉત્પન્ન કરનારું બને છે.

२ सरिदम्भोभिरम्भोधिः किं माद्यति मनागपि ?। ३६

नदीઓનાં પાણીથી શું સમુદ્ર જરા પણ મદ કરે છે ?

३ पतिव्रतात्वे व्रतवदतिचारस्य भिरवः । ४६

( કુલવતી સ્ત્રીઓ ) વ્રતની પેઠે, પોતાના પતિવ્રતા ધર્મમાં પણ અતિચાર-દોષથી ડરતી રહે છે.

## सर्ग ३ जो.

१ प्रतिमायाः प्रभावोऽधिष्ठातृदेवोचितः खलु । ५३

મૂર્તિનો પ્રભાવ તેના અધિષ્ઠાયક દેવની શક્તિ પ્રમાણે હોય છે.

२ दैवस्य विषमा गतिः । १४५

દૈવ-ભાગ્ય-કર્મની ગતિ વિચિત્ર હોય છે.

३ कोकिलायाः खल्वपत्यं काक्या पुष्टोऽपि कोकिलः । १७६

કોયલના બચ્ચાને ભલે કાગડીએ પોષ્યું હોય-ઉછેર્યું હોય, છતાં તે કોયલ જ રહે છે.

## सर्ग ४ थो.

१ आश्रीयन्ते मृत्युकाले पक्षाभ्यामिव कीटिकाः । १६०

મરણ નજીક આવે ત્યારે કીડીયોને પાંખો આવે છે.

२ अपथ्यान्यपि यत्नेन स्पृहयन्ति मुमूर्षवः । १६१

મૃત્યુની નજીક પહોંચેલા જીવો, અપથ્ય ચીજોની પણ પ્રયત્ન પૂર્વક ઇચ્છા કરે છે.

शिष्या गुरूणां कूपानामाहावा इव तत्क्रियाः। १७८

કુવાનું કામ અવાડા કરે છે, તેમ ગુરુઓના જેવું કામ-ક્રિયા શિષ્યો કરે છે.

## सर्ग ५ मो.

१ न स्थानव्यत्ययो जातु सामान्यस्यापि पर्षदि । ८२

સામાન્ય માણસની સભામાં પણ સ્થાનનો વ્યત્યય-ફેરફાર થતો નથી—( ત્યારે મોટા માણસોની સભાનું તો કહેવું જ શું ? )

## सर्ग ६ ठ्ठो.

१ आधारबुद्ध्या गगनस्योत्पाद इव टिट्टिभः । ३९

ટીટોડી આકાશને ધારણ કરી રાખવાની ઇચ્છાથી ઊંચા પગ રાખે છે.

२ दिशोऽश्नुतेऽभ्रलेशोपि पौरस्त्यानिलसङ्गमात् । ४०

પૂર્વ દિશાના વાયુના સંગથી વાદળાંનો નાનો ટુકડો પણ ચારે દિશામાં ફેલાય જાય છે. અર્થાત્ પૂર્વ દિશાના પવનથી વરસાદ આવે છે.

३ अन्यत्राप्युत्सवायैव जातोऽर्हन्, किं पुनर्गृहे ? ।

તીર્થંકર ભગવાનનો જન્મ, બીજે બધે ઠેકાણે પણ ઉત્સવને માટે થાય છે, તો પછી પોતાના ઘરમાં ઉત્સવને માટે થાય તેમાં આશ્ચર્ય જ શું છે ?

## सर्ग ८ मो.

१ विहायसो महत्त्वे हि नोपमानं भवेत् परम् । २४

આકાશના મોટાપણામાટે ઉપમા આપવા લાયક તેનાથી મોટી બીજી કોઈ ચીજ નથી.

# पर्व ४ थुं.

## सर्ग १ लो.

१ प्रष्टुमर्हो न सामान्यजनो हि स्वप्नमुत्तमम्। १७४

ઉત્તમ સ્વપ્નનું ફળ સામાન્ય માણસને પૂછવું યોગ્ય નથી.

२ श्रेयान् स देशो नो यत्र श्रूयन्ते दुर्जनोक्तयः। २०८

તે દેશ કલ્યાણકારી છે, કે જ્યાં દુર્જનનાં વચનો સાંભળવાનાં ન હોય.

३ यादृशस्तादृशो वाऽपि पूजनीयः पिता सताम्। २१३

ગમે તેવો પણ પિતા, સજ્જન પુરુષોને માટે તો પૂજનીય જ છે.

४ विसंवादो न धीमताम्। २२६

બુદ્ધિશાળી પુરુષોની વાણીમાં વિરોધ ન હોય.

५ नह्याप्ताश्चाटुभाषिणः। २६५

આપ્ત–શ્રેષ્ઠ પુરુષો ચાટુ–અસત્યપ્રિય બોલવાવાળા ન હોય.

६ बलिनो यद् बलिभ्योऽपि, बहुरत्ना हि भूरियम् । २७६

દુનિયામાં બળવાનથી પણ વધારે બળવાળા માણસો હોય છે. કારણ કે આ પૃથ્વી બહુરત્નોવાળી છે.

७ स्वामिनि व्यग्रचित्ते हि नावकाशः कलावताम् । २९०

સ્વામી વ્યગ્રચિત્તવાળા હોય, ત્યારે કળાવાન પુરુષોને કળા બતાવવાનો અવસર નથી રહેતો.

८ न श्वाऽप्यास्कन्द्यते यस्मात्

स्वामिनः किं पुनः पुमान् ? । २९६

સ્વામિના એક કૂતરાનો પણ પરાભવ ન કરી શકાય, તોપછી સ્વામિના માણસની તો વાત જ શી કરવી ?

९ दूतदृष्ट्यनुसारेण प्रवर्तन्ते हि भूभुजः । २९८

દૂતની દૃષ્ટિ પ્રમાણે–દૂતના કહેવા પ્રમાણે રાજાઓ વર્તે છે.

१०...............न जात्या कोऽपि कस्यचित्

स्वामी वा सेवको वाऽपि शक्त्यधीनमिदं खलु । ३००

જાતિ અથવા જન્મવડે કરીને કોઇ, કોઇનો સ્વામી કે સેવક નથી. કારણ કે સ્વામી–સેવકપણું એ બધું શક્તિને આધીન છે.

११ स्वप्रशंसेवान्यनिंदा सतां लज्जाकरी खलु । ३०१

પોતાની પ્રશંસાની માફક, અન્યની નિંદા પણ સજ્જનપુરુષોને શરમાવનારી છે.

१२ राजवद्राजपुत्रोऽपि मान्यो राजानुजीविनाम्। ३०४

રાજાની પેઠે, રાજપુત્ર પણ રાજસેવકોને માટે માનનીય છે.

१३ दन्तिनां दन्तघातस्य स्थानं नैरण्डपादपः । ३१७

હાથીઓને પોતાના દંતૂશલથી ઘા કરવાનું સ્થાન એરંડાનુ વૃક્ષ નથી.

१४ दूता हि प्रतिरूपाणि भूपानां सञ्चरन्त्यमी । ३२७

દૂતો રાજાના પ્રતિરૂપ-પ્રતિબિંબ થઇને ફરે છે.

१५ यत उत्तिष्ठति शिखी निर्वाप्यस्तत एव हि । ३२८

જ્યાંથી અગ્નિ ઉત્પન્ન થયો હોય, પહેલાં ત્યાંથી જ બુઝાવવો જોઇએ.

१६ कवलः शक्यते क्षेप्तुं, नाक्रष्टुं हस्तिनो मुखात्। ३४०

હાથીના મુખમાં કોળીયો નાખી શકાય, પરન્તુ પાછો ખેંચી શકાય નહિ.

१७ इङ्गितज्ञा हि सेवकाः । ३४६

સાચા સેવકો સ્વામિના ઇંગિતાકાર–ચેષ્ટાઓને સમજનારા હોય છે.

१८ उग्राणां स्वामिनां ह्यग्रे कोऽन्यथा वक्तुमीश्वरः ।३४७

ઉગ્ર–તેજસ્વી સ્વામીઓની આગળ, સ્વામિઓની ઇચ્છાથી વિપરીત બોલવાને કોણ સમર્થ થાય ?

१९ प्रमाद्यन्ति शुभात्मानो न हि ज्ञात्वा मनागपि ।४३०

ઊંચા આત્માઓ જાણ્યા પછી જરા પણ પ્રમાદ નથી કરતા.

२० सर्वस्याभ्यागतो गुरुः । ४७०

અતિથિ–મહેમાન એ સૌને માટે ગુરુ તુલ્ય છે.

२१ दूतो हि प्रथमो नये । ४७२

લડાઈ સમયે પહેલાં દૂત મોકલવો એ રાજ-નીતિમાં પહેલું કાર્ય છે.

२२ न शिरो नयने विना । ५०२

આંખો વિનાનું મસ્તક નકામું છે–શોભા વિનાનું છે.

२३ प्रमाणं स्वामिशासनम् । ५०९

નોકરોને સ્વામિની ગમે તેવી પણ આજ્ઞા માનનીય હોય છે.

२४ विचित्रा हि रणे गतिः । ५५०

સંગ્રામની અંદર વિચિત્ર ગતિ હોય છે, એટલે જય પણ થાય અને પરાજય પણ થાય.

२५ महागजोऽपि ह्यज्ञात्वा धावन् पङ्के निमज्जति । ५५२

જબરદસ્ત હાથી પણ, અજાણ્યા માર્ગે દોડવાથી કાદવમાં ખુંચી જાય છે.

२६ मन्यावन्तर्मधुनीव चेतनास्तु कुतो नृणाम् ? । ५५५

જેમ દારુ પીધેલામાં ચેતના નથી તેમ જેના અંતઃકરણમાં ક્રોધ ઉત્પન્ન થયો હોય, તેમાં ચેતના-જ્ઞાનશક્તિ ક્યાંથી હોય ?

२७ प्रेमास्थानेऽपि भीप्रदम् । ५७५

જ્યાં ભયનું સ્થાન નથી ત્યાં પણ, પ્રેમ ભયને આપનાર થાય છે.

२८ पुण्याकृष्टं स्वयं सर्वं किं किं न स्याद् महात्मनाम्।५८८

મહાત્મા-પુણ્યશાળી જીવોને, પોતાના પુણ્યથી ખેંચાએલી કઇ કઇ બધી વસ્તુઓ પોતાની મેળે નથી પ્રાપ્ત થતી? અર્થાત્ બધીય પ્રાપ્ત થાય છે.

२९....सर्पघर्षं हि, सर्पो जानाति नापरः। ६१७

સર્પના ઘસારાને સર્પ જ જાણે છે, બીજો જાણી શકતો નથી.

३० श्रीछिदेऽञ्जनलेशोऽपि धौतस्य श्वेतवाससः। ६३६

અંજનનો અંશ માત્ર પણ, ધોએલા સફેદ વસ્ત્રની શોભાને નાશ કરનારો થાય છે.

३१ धीरा अपि हि किं कुर्युर्भूचरा व्योमचारिषु?। ६४२

ગમે તેટલા ધીર હોવા છતાં પણ પૃથ્વી પર ચાલનારા, આકાશગામીઓની આગળ શું કરી શકે?

३२ निजेनैव हि चक्रेण हन्यन्ते प्रतिचक्रिणः। ७४८

પ્રતિવાસુદેવો પોતાનાજ ચક્રવડે કરીને હણાય છે.

३३ क्षत्रियाणां क्रमो ह्येष युद्धं स्वाम्याज्ञया खलु । ७५९

સ્વામીની આજ્ઞા મળવાથી યુદ્ધ કરવું, એ ક્ષત્રિયોનો આચાર છે.

३४ फलन्ति हि महात्मानः सेविताः कल्पवृक्षवत् ।७६५

સેવા કરાએલા મહાત્માઓ કલ્પવૃક્ષની માફક ફળે છે. અર્થાત્–મહાત્માઓની સેવા કરવાથી કલ્પવૃક્ષની માફક ફળ મળે છે.

३५ भक्तिमन्तोऽप्रमादेनायुक्तेभ्योऽप्यतिशेरते । ७९८

ભક્તિવાળા મનુષ્યો અપ્રમાદવડે કરીને, નોકરો કરતાં પણ વધારે સારા હોય છે.

३६ कर्मणां फलवत् पाको यदुपायात् स्वतोऽपि च । ८३०

વૃક્ષોનાં ફળોની માફક, કર્મનો પાક ઉપાયથી અને પોતાની મેળે પણ થાય છે.

३७ रज्यन्त्यन्येऽपि गीतेन किं पुनस्तद्विदग्रणीः ? । ८७०

સામાન્ય માણસો પણ સંગીતથી ખુશ થાય છે, તો પછી તે વિષયને જાણનારાઓમાં શ્રેષ્ઠ માણસની તો વાત જ શી કરવી ?

३८ विषयाक्षिप्तमनसां गलेद्धि स्वामिशासनम् । ८७५

વિષયાસક્ત મનવાળાઓથી સ્વામીની આજ્ઞા ખંડિત થઈ જાય છે.

३९ दुर्लङ्घ्यं शासनं ह्युग्रशासनानां महीभुजाम् । ८८२

પ્રચંડ શાસનવાળા–પ્રતાપી રાજાઓની આજ્ઞાનું ઉલ્લંઘન નથી કરી શકાતું.

४० अनुष्ठाने प्रवर्त्तन्ते ज्ञात्वा खलु महाशयाः । ९०५

બુદ્ધિશાળી મનુષ્યો જાણ્યા પછી શુભ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે.

## सर्ग २ जो.

१ कस्तृप्येदमृतस्य हि ? । ६६

અમૃત પીવાની કોને તૃપ્તિ થાય ?

२ प्राणान् रक्षेद् धनैरपि । १३६

ધન વડે પણ પ્રાણોની રક્ષા કરવી જોઈએ.

३ राज्ञां भवन्ति दूता हि यथावस्थितवादिनः। १६०

દૂતો રાજાઓને યથાસ્થિત—સત્ય સત્ય હકીકત કહેવાવાળા હોય છે.

४ शूराणां ह्यभिगमनं सुहृदीवासुहृद्यपि। १६४

શૂરવીરો જેમ મિત્રની સ્હામે જાય છે તેમ શત્રુની સ્હામે પણ જાય છે. ( મિત્રની સ્હામે સત્કાર કરવા, શત્રુની સ્હામે લડાઇ કરવા જાય છે. )

५ तस्य श्रीर्यस्य विक्रमः। १८३

જેનો પરાક્રમ તેની લક્ષ્મી; અર્થાત્ પરાક્રમીને લક્ષ્મી મળે છે.

६ सञ्जायते व्याधिरिव द्विषन् विषमुपेक्षितः। २२३

રોગની માફક ઉપેક્ષા કરાએલો શત્રુ પણ વિષ જેવું નુકસાન કરનાર થાય છે.

७ सर्वोऽपि सापराधो हि छलमन्विष्यते यदा। २३०

જો છિદ્ર જોવામાં આવે, તો તમામ મનુષ્ય અપ-રાધી ઠરે; અર્થાત્ છિદ્ર—દોષ જોવાની દૃષ્ટિથી જોવામાં આવે તો સૌમાં કંઈને કંઇ દોષ જરુર દેખાય.

८ .....जीवन्नरो भद्राणि पश्यति । २६९

જીવતો માણસ કલ્યાણ-સુખોને જોઇ શકે છે-સુખ પામી શકે છે.

## सर्ग ३ जो.

१ पित्राज्ञा ह्यर्हतामपि* । ५२

પિતાની આજ્ઞા તીર્થંકરોને પણ માન્ય હોય છે.

२ द्यूतान्धानां कुतो मतिः ? । ७८

જૂગારમાં અંધ થએલાઓને સદ્બુદ્ધિ ક્યાંથી હોય?

३ पक्षोद्गमः पीलिकानामिव पर्यन्तकारणम् ।
विपरीता मतिः पुंसां भवेद् दैवे पराङ्मुखे । ११९

કીડીઓને પાંખ આવવી, એ એના મરણની નીશાની છે. તેમ પુરુષોનું ભાગ્ય ઉલટું થતાં બુદ્ધિ પણ વિપરીત થાય છે.

४ वीरभोग्या हि भूरियम् । १२९

આ પૃથ્વી વીરોને ભોગવવા યોગ્ય છે. અર્થાત્ શૂરવીર પુરુષો પૃથ્વીને ભોગવી શકે છે.

---

* मान्या ।

५ न हि केसरिबूत्कारं श्रुत्वा तिष्ठन्ति वारणाः । १३९

સિંહના શબ્દને સાંભળીને હાથીઓ ઉભા રહી શકતા નથી.

६ काकानां तस्कराणां च नश्यतां का ननु त्रपा । १५१

કાગડાઓને ને ચોરોને નાશી જવામાં શરમ શાની ?

७ नाऽभूत् पत्युः कलत्रं या सा स्यादुपपतेः कथम् ? । १६४

જે સ્ત્રી પોતાના ધણીની ન થઇ તે જારની ક્યાંથી થાય ?

## सर्ग ४ थो.

१ बहुरत्ना वसुन्धरा । १२३

પૃથ્વી બહુ રત્નોવાળી છે.

२ ओजायन्तेऽनोजसोऽपि दूताः स्वाम्योजसा खलु । १३८

દુર્બળ પણ દૂતો સ્વામીના બળથી બળવાન બને છે—બળવાનની મૌફક આચરણ કરવાવાળા થાય છે.

३ आदत्ते ह्यम्बु यद् भानुः पुनरुज्झति भूरि तत् । १४५

સૂર્ય પાણી ગ્રહણ કરે છે પણ તેના બદલામાં પાછું ઘણું પાણી આપે છે—વરસાવે છે.

४ श्रियः स्वामिनि रुष्टे हि न तिष्ठन्ति भयादिव । १४६

જાણે સ્વામિના ભયથી નાશી જતી હોય તેમ સ્વામી રુષ્ટ થાય ત્યારે લક્ષ્મી રહી શકતી નથી.

५ तेजः प्रमाणं वीराणां तेजसां कीदृशं वयः ? । १८१

વીર પુરુષોનું તેજ જ પ્રમાણ છે, તેજની આગળ વય જોવાની શી જરુર ?

६ व्यालोऽपि गरलं मुक्त्वा शाम्येन्न पुनरन्यथा । १८२

સર્પ પણ ઝેર મૂકયા વિના-કરડયા વિના શાંત થતો નથી !

## सर्ग ५ मो.

१ इष्टस्य दर्शनेनापि शं स्यात् स्पर्शेन किं पुनः ?। १०१

ઇષ્ટ-પ્રિય વસ્તુના દર્શનથી પણ સુખ થાય, તો પછી સ્પર્શનનું તો કહેવુંજ શું ?

२ सर्वार्थसाधकः कायश्चलत्येष हि भोजनात् । १०७

બધાં કાર્યોને સિદ્ધ કરવાવાળું આ શરીર ભોજનથી ચાલે છે.

३ नदीमध्यस्थितानां हि किं करोति दवानलः ? । १४९

નદી વચ્ચે રહેલા માણસોને દાવાનળ શું કરી શકે ?

४ रसान्तरेण हि रसो बाध्यते बलवानपि । १५१

બળવાન એવો પણ રસ બીજા બળવાન રસથી બાધ્ય કરી શકાય–હઠાવી શકાય છે.

५ दोरपेक्षैव दोष्मताम् । १५७

પરાક્રમી મનુષ્યોને પોતાની ભુજા–હાથની જ અપેક્ષા હોય છે.

६ सहस्रधा हि फलति व्यवसायो महात्मनाम् । १९०

મહાત્માઓનો વ્યવસાય–ઉદ્યમ હજારો પ્રકારે ફળે છે.

७ उपेक्ष्य लोष्टक्षेप्तारं लोष्टं दशति मंडलः ।
मृगारिः शरमुत्प्रेक्ष्य शरक्षेप्तारमृच्छति । २४३

કૂતરો ઢેફું–પત્થર ફેંકનારની ઉપેક્ષા કરીને ઢેફાંને કરડે છે. ( પણ ) સિંહ બાણને છોડીને બાણ ફેંકનાર ઉપર જ લપકે છે.

८ कुटिलादुद्विजन्ते हि जन्तवः पन्नगादिव । ३०१

સર્પની માફક કુટિલ માણસોથી પણ પ્રાણીઓ ઉદ્વેગ પામે છે.

९ मूले लघीयांस्तल्लोभः सराव इव वर्धते । ३१५

મૂળમાં થોડો લોભ હોય પણ તે સકોરાની માફક આગળ જતાં વધી જાય છે.

तरवोऽपि निधिं प्राप्य पादैः प्रच्छादयन्ति यत् । ३१७

વૃક્ષો પણ દ્રવ્યના ખજાનાને (લોભની ચેષ્ટાવડે) પોતાના મૂળીયાંથી ઢાંકી રાખે છે.

## सर्ग ७ मो.

१ जिनशासनबाह्यानां विवेकः कीदृशो नृणाम् ? । ५७

જૈન ધર્મથી બહિષ્કૃત થયેલા મનુષ્યોને ( ધર્મ સંબંધી કૃત્યાકૃત્યનો ) વિવેક કયાંથી હોય ?

२ हस्त्यश्वे राजपुत्राणां कौतुकं सर्वतोऽधिकम् । ९०

રાજપુત્રોને હાથી અને ઘોડામાં સૌથી વધારે કૌતુક હોય છે.

३ *सर्वं ह्येकांशदर्शनात् । १२३

એક ભાગ દેખાયાથી આખી વસ્તુનું જ્ઞાન થાય.

४ बलिभ्योऽपि छलं बलिः । २२९

બલવાનથી પણ વધારે બલવાન કપટ છે.

५ भर्तृगृह्या हि योषितः । २६५

સ્ત્રિઓ ( પિતા તથા ભાઇઓનો પક્ષ છોડીને પણ ) પોતાના સ્વામીનો પક્ષ કરવાવાળી હોય છે.

६ क्षत्रिया हि रणप्रियाः । २६६

ક્ષત્રિયો યુદ્ધપ્રિય હોય છે.

७ विक्रान्तो हि श्रियां पदम् । २८२

પરાક્રમી મનુષ્ય લક્ષ્મીનું સ્થાન છે; અર્થાત્ પરાક્રમી મનુષ્ય પાસે લક્ષ્મી આવીને રહે છે.

---

* लभ्यम् ।

८ याच्ञा ह्यमोघा महताममोघं च ऋषेर्वचः। २९०

મહાપુરુષો પાસે કરેલી યાચના અને ઋષિની વાણી એ બન્ને નિષ્ફળ થતાં નથી.

९ मिथ्या न खलु भाषन्ते महात्मानः कदाचन। ३५४

મહાત્મા પુરુષો નક્કી કદિ પણ ખોટું બોલતા નથી.

१० *क्षणिकं सर्वमेव हि। ३६४

મનુષ્યોનું ( રૂપ, યૌવન, સૌભાગ્ય, લક્ષ્મી, સુખ વગેરે ) બધુંય ક્ષણિક છે—નાશવાન છે.

*. मर्त्यानाम्।

# पर्व ५ मुं

## सर्ग १ लो.

१ दुर्जया विषयाः खलु । २८

વિષયો ખરેખર દુર્જય છે. એમને જીતવા બહુ મુશ્કેલ છે.

२ प्रज्ञायाः किं न गोचरम् ? । ३१

બુદ્ધિનો શું વિષય નથી ( બુદ્ધિથી શું સાધ્ય નથી થતું )?

३ विदेशो विदुषां हि कः ? । ३३

પંડિતોને માટે કયો દેશ, પરદેશ જેવો છે ?

४ क्व नार्घन्त्युज्ज्वला गुणाः । ३९

ઉત્તમ ગુણો ક્યાં નથી પૂજાતા ?

५ आराध्योऽतिथिमात्रोऽपि किं पुनः स पिता-ऽतिथिः ? । ६२

સામાન્ય મહેમાન પણ પૂજવા લાયક છે તો પછી પિતા અતિથિ બને, તેને માટે તો કહેવું જ શું ?

६ महात्मानः प्रकृत्याऽपि शपथच्छेदकातराः । ६९

મહાપુરુષો પ્રકૃતિથી જ સોગંદને તોડવામાં કાયર હોય છે.

७ दण्डसाध्यास्तु दुर्मदाः । ८६

ઉદ્ધત મનુષ્યો તો દંડથી–શિક્ષાથી વશ થાય છે.

८ न मनागपि जीवन्ति कुलनार्यः पतिं विना । ८९

કુલવતી સ્ત્રિયો પોતાના પતિ વિના થોડું પણ સુખપૂર્વક જીવી શકતી નથી.

९......नोत्कण्ठा, विलम्बं सहते क्वचित् । १५९

તીવ્ર ઇચ્છા જરાપણ વિલંબને સહન કરી શકતી નથી.

१० पूजाऽर्होऽतिथिमात्रेऽपि । १७३

તમામ અતિથિ વિષે પૂજા (સત્કાર) કરવી યોગ્ય છે.

११ निराम्नायस्य वचसि श्रद्धा न प्रत्ययं विना १८७

ગુરુગમ વિનાના માણસના વચનમાં, ખાત્રી થયા વિના શ્રદ્ધા ન થાય.

१२ ......विवेको हि, स्मरार्त्तानां कियच्चिरम् ? । १९५

કામથી પીડિત થએલા મનુષ્યોનો વિવેક કયાં સુધી રહી શકે ?

१३ अवश्यं भावी यो ह्यर्थो यत्र तत्र स नान्यथा । २०१

જે કામ અવશ્ય થવાનું છે, તે ગમે ત્યાં પણ જરુર થવાનું જ.

१४ न भावि क्वचिदन्यथा । २१८

ભાવિભાવ કદાપિ અન્યથા થતો નથી.

१५ निकाचितानामपि यत् कर्मणां तपसा क्षयः । २१९

( અદૃઢ-મધ્યમ પ્રકારનાં ) નિકાચિત કર્મોનો પણ તપથી ક્ષય થાય છે.

१६ स्वाम्युदर्काय धीमन्तो यान्ति स्वाम्यन्तरेऽपि हि । २३१

પોતાના સ્વામિના હિતને માટે બુદ્ધિમાન્ સેવકો બીજા સ્વામિની પણ સેવા કરે છે.

१७ अभियोगो हि योगाय क्षेमे सति विपश्चिताम् । २५३

પ્રાપ્ત થએલી ચીજોનું રક્ષણ કર્યા પછી નવી ચીજોની પ્રાપ્તિ માટે બુદ્ધિશાળી મનુષ્યો ઉદ્યમ કરે છે.

१८ दैवं हि बलवत् परम् । २६३

ભાગ્ય-કર્મ, એ ખરેખર બળવાન છે.

१९ धैर्य-वीर्यविहीनानां छलमेव हि पौरुषम् । ३१०

ધીરતા અને પરાક્રમથી હીન મનુષ્યોનો કપટ એ જ પુરુષાર્થ છે.

२० न हीन्द्रकुलिशस्यापि स्फूर्त्तिः केवलिपर्षदि । ३६७

કેવળી-સર્વજ્ઞ ભગવાનની સભામાં ઈંદ્રનું વજ્ર પણ સ્ફૂરાયમાન થતું નથી.

२१ स्नेहोऽयं पूर्वसंस्कारो याति जन्मशतान्यपि । ४१७

પૂર્વભવના સંસ્કારવાળો સ્નેહ સેંકડો ભવ સુધી સાથે જાય છે.

२२ अन्तेऽप्यात्ता परिव्रज्या शुभव्रज्या निबन्धनम् । ४८५

અન્તિમ અવસ્થામાં પણ લીધેલી દીક્ષા, શુભગતિ કલ્યાણના કારણભૂત થાય છે.

२३ कौमुदी हि निशान्तेऽपि कुमुदामोदकारणम् । ४८५

રાત્રિના અન્તમાં પણ ચંદ્રની જ્યોત્સ્ના રાત્રિ-વિકાસી કમળ( કુમુદ )ને પ્રફુલ્લિત કરવામાં કારણભૂત થાય છે.

## सर्ग २ जो.

१ विद्या हि प्राग्भवाभ्यस्ताः स्वयमायान्ति तादृशाम्†। ३४

પુણ્યશાળી જીવોને પૂર્વભવમાં ભણેલી વિદ્યાઓ પોતાની મેળે આવડી જાય છે.

२ स्वकार्यमारब्धमपि सन्तोऽन्यार्थे त्यजन्ति हि। ४६

સજ્જન પુરુષો, આરંભ કરેલા પોતાના કામને પણ બીજાને માટે-બીજાના ભલાને માટે છોડી દે છે. અર્થાત્ બીજાનું કામ પહેલાં કરી આપે છે.

३........संसर्गः, सद्भिरेव सतां यतः। ५३

સજ્જન પુરુષોને સજ્જનોની સાથે જ સોબત હોય છે.

४ भक्तिमेव हि काङ्क्षन्ति न हि वस्तूनि तादृशाः¶। ६९

દેવ-રાજાદિ પુરુષો ભક્તિને જ ઇચ્છે છે, વસ્તુને નહિં.

५........न लङ्घन्ते, पूज्यपूजां विवेकिनः। ९८

વિવેકી પુરુષો પૂજ્યની પૂજા કરવી ભૂલતા નથી.

---

† पुण्यवत्ताम्। ¶ देव-राजादयः।

६ गुणः श्रुतो जनश्रुत्याऽप्यनुरागाय तद्विदाम्†। ११६

લોકોની પરંપરાથી સાંભળેલો ગુણ પણ ગુણજ્ઞ મનુષ્યોના અનુરાગને માટે થાય છે.

७ अपूर्वस्य दिदृक्षा हि कालक्षेपं क्षमेत न । ११७

અપૂર્વ ચીજને જોવાની તીવ્ર ઇચ્છા, કાલક્ષેપ-વિલંબને સહન કરતી નથી.

८ यस्योदयः स वन्द्यो हि यथा हीन्दुर्यथा रविः। २४२

જે વખતે જેનો ઉદય તે વખતે તે વંદનીય હોય છે. જેમ સૂર્ય અને ચંદ્ર.

९ दुर्वारा भवितव्यता । २८७

ભાવિભાવ મિથ્યા થતો નથી.

१० विषमल्पमपि प्सातं प्राणनाशाय जायते । ३०८

થોડું પણ ખાધેલું વિષ પ્રાણનાશને માટે થાય છે.

११ महात्मभ्यः प्रदत्तं हि कोटिकोटिगुणं भवेत्। ३४०

મહાત્માઓને-મહર્ષિઓને આપેલું દાન, ક્રોડોગુણા ફળને આપે છે.

---

† गुणविदाम् ।

१२ स्थानं नैकत्र साधूनां निःसङ्गानां समीरवत् । ३४१

મમત્વરહિત સાધુઓની સ્થિરતા વાયુની પેઠે એક સ્થાને થતી નથી.

१३ नाशो नार्जितकर्मणाम् । ४००

બાંધેલાં કર્મોનો ( ભોગવ્યા સિવાય કે તપસ્યા વિના ) નાશ નથી થતો.

१४ अपत्यस्नेहो बली खलु । ४०१

પોતાના સંતાન ઉપરનો પ્રેમ અતિ બળવાન હોય છે.

१५ महतामनुलग्नैर्हि महदासाद्यते फलम् । ४०४

મોટા પુરુષોની સોબત કરવાવાળા મનુષ્યો મોટું ફળ પામે છે.

१६ किं कम्पते क्वचिच्छैलो दन्तघातेन दन्तिनः ? । ४१९

શું હાથીના દાંતના ઘાથી પર્વત કંપાયમાન થાય છે ?

## सर्ग ३ जो.

१ न वन्ध्यं दर्शनं सताम्। ३१

સજ્જન પુરુષોનું દર્શન નિષ્ફળ થતું નથી.

२........उपचारः, स्याद्, भाविन्यपि भूतवत्। ७२

થનાર વસ્તુનો પણ ઉપચાર થઇ ગયાની માફક થાય છે. ( ભૂતકાળમાં જે પૂજ્યો થઈ ગયા છે, તેની પૂજા જેમ કરાય છે, તેમ ભવિષ્યકાળમાં જે પૂજ્ય થવાના છે, તેની પણ પૂજા–વિનય આદિ કરી શકાય છે. )

३ कृतज्ञा हि विवेकिनः। १७५

કૃતજ્ઞ–ઉપકારને નહીં ભૂલનાર પુરુષો વિવેકી હોય છે.

४.......*पक्षे सतां जनः। १८७

જનતા સત્પુરુષોના પક્ષમાં થાય છે.

---

* सतां पक्षे जनः भवेत्।

## सर्ग ४ थो.

१ सूर्योदय इवान्योपकृत्यै ज्ञानं भवादृशाम्[†] । ११५

સૂર્યોદયની માફક મહાત્માઓનું જ્ઞાન પરોપકાર માટે છે.

२ दुःस्थितेषु हि महतां वात्सल्यमतिरिच्यते । २३६

દુઃખી જીવો ઉપર મહાત્માઓનું વાત્સલ્ય વધુ હોય છે.

३ क्षत्रियाणां न धर्मोऽयं शरणार्थी यदर्प्यते । २५९

ક્ષત્રિયોનો એ ધર્મ નથી કે શરણે આવેલો મનુષ્ય તેના શત્રુને સોંપી દે.

४ पित्ताग्निः शर्कराशम्यः पयसा किं न शाम्यति ? । २६५

સાકરથી જે પિત્તાગ્નિ-પિત્તજ્વર શાંત થાય, તે દૂધથી કેમ ન થાય ?

५ सर्वेष्वप्यनुकूला हि महान्तः करुणाधनाः । २६९

દયાળુ મહાપુરુષો તમામ પ્રાણીઓ પ્રત્યે અનુકૂળ પ્રવૃત્તિ કરવાવાળા હોય છે.

६ सूनोः पुरुषकारो हि हर्षाय प्रथमं पितुः । २९३

પુત્રનો પુરુષાર્થ સૌથી પહેલાં પિતાને હર્ષ દેનારો થાય છે.

† महात्मनाम् ।

७ लोभः कस्य न मृत्यवे ? । २९७

લોભ કોના મૃત્યુને માટે નથી થતો ?

८ सत्यो हि पतिवर्त्मगाः । ३३७

સતી સ્ત્રીઓ પતિના માર્ગે ચાલનારી હોય છે.

## सर्ग ५ मो.

१......अर्हत्प्रभावस्यावधिर्न हि । ४८

તીર્થંકર ભગવાનના માહાત્મ્યનો પાર પામી શકાતો નથી.

२ *शोभते समयोचितम् । १०६

સમયોચિત હોય તે શોભે છે.

३ दयावीरा महात्मानः प्रसृतेऽन्यरसेऽपि हि । १०८

ગમે તેવો અન્ય રસ પ્રવર્તતો હોય, છતાં મહાત્માઓ તો દયા કરવામાં જ તત્પર હોય છે.

४ पुत्रोद्वाहोत्सवानां हि न तृप्यन्ति महर्द्धयः। ११०

ધનાઢ્યો, પુત્ર વિવાહના ઉત્સવમાં તૃપ્ત થતા નથી.

---

* सर्वम् ।

५ महतामवतारो हि विश्वपालनहेतवे । ११२

મહાત્મા પુરુષોનો અવતાર–જન્મ દુનિયાની રક્ષા કરવા માટે થાય છે.

६ निकाचितं भोगफलं भोग्यं कर्मार्हतामपि । ११३

ભોગ ફળવાળું (૬૯) નિકાચિત કર્મ તીર્થંકર ભગવાનોને પણ ભોગવવું પડે છે.

७ पूजामाचारपूज्यस्य पूज्या अपि हि कुर्वते। १२७

પૂજનીય પુરુષો પણ સારા આચારવડે પૂજ્યો–પવિત્ર મનુષ્યોની પૂજા કરે છે.

८ सर्वमप्यृजु दोष्मताम् । १७०

પરાક્રમી મનુષ્યોને તમામ કામ સહેલું છે.

९ सर्वत्रास्खलितो मार्गः प्रभूणां स्रोतसामिव । १७२

પાણીના પ્રવાહની માફક સમર્થ પુરુષોનો માર્ગ બધે ઠેકાણે અસ્ખલિત હોય છે.

१० विषं वैरी ह्युपेक्षितः । १७९

ઉપેક્ષા કરાએલો વૈરી વિષના જેવું કામ કરે છે.

११ **भक्तिग्राह्या हि देवताः ।** २०९

દેવો ભક્તિથી વશ થાય છે.

१२ **उन्मूढे हि क्षुते प्रायेणैकः शरणमर्यमा ।** २१२

છીંક ગુંચવાઈ જાય–રોકાઈ જાય, ત્યારે તેનું શરણ સૂર્ય જ છે. અર્થાત્ સૂર્યની સ્હામે જોવાથી છીંકનો ખુલાસો થાય છે.

१३ **दुष्करं नास्ति दोष्मताम् ।** २४६

પરાક્રમી મનુષ્યોને કોઈ વસ્તુ દુષ્કર નથી.

१४ **मूलेषु हि विशुष्केषु शुष्क एव महीरुहः ।** ३२२

વૃક્ષનાં મૂળીયાં સૂકાયાં એટલે વૃક્ષ સૂકાયું સમજવું.

१५ **हन्यते हैमनं जाड्यं न विना ज्वलितानलम् ।** ३२३

બળતા અગ્નિ વિના હેમન્તઋતુ–શિયાળાની ઠંડી દૂર કરી શકાતી નથી.

१६ **वीरैः कृष्टेष्टकः पूर्वं वप्रः कैः कैर्न खण्ड्यते ।** ३२५

શૂરવીર પુરુષોએ પહેલાં કિલ્લામાંથી થોડી ઈંટો ખેંચી લીધા પછી તે કિલ્લાને કોણ કોણ નથી તોડતું ?

१७ पूर्वकर्मानुसारेण जायते जन्मिनां हि धीः। ३८६

પૂર્વનાં કર્મોને અનુસારે પ્રાણિઓની બુદ્ધિ થાય છે.

१८ जीवन्त्यप्येकदाऽऽप्तेन धान्यानि स्वातिवारिणा। ३९५

સ્વાતિનક્ષત્રનું પાણી એક વખત મળવાથી પણ ઉગેલ ધાન્ય જીવે છે.

१९ अन्योऽन्यशुभचेष्टा हि शुभोदर्का द्वयोरपि। ४१२

પરસ્પર–બન્નેની શુભચેષ્ટા–સારી ક્રિયાઓ બન્નેના હિત માટે થાય છે.

२० सुलक्ष्यं हि परस्वान्तमिङ्गिताकारवेदिभिः। ४१३

ઈંગિતાકારને જાણવાવાળા મનુષ્યો બીજાનાં અંતઃ-કરણને સારી રીતે જાણી લે છે.

२१ नहि मिथ्या कुलीनवाक्। ४३८

કુલીન મનુષ્યની વાણી અસત્ય હોતી નથી.

२२ प्रतिज्ञा च कुलीनानां न मुधा जातु जायते। ४३९

કુળવાન મનુષ્યોની પ્રતિજ્ઞા કદિ ખોટી થતી નથી.

२३......शस्यमानं हि, दुःखं प्रायः प्रशाम्यति। ४५३

બીજાને કહેવાથી પોતાનું દુઃખ પ્રાયઃ કરીને શાંત થાય છે-ઓછું થાય છે.

२४........जीवन् हि, नरो भद्राणि पश्यति। ४५७

જીવતો માણસ સુખ જોઈ શકે છે.

२५ प्रयाति सात्त्विकानां हि दैवमप्यनुकूलताम्। ४८३

સત્ત્વ-પરાક્રમશાળી પુરુષોને ભાગ્ય પણ અનુકૂળ થાય છે.

२६ सुप्रयुक्तस्य दम्भस्य ब्रह्माऽप्यन्तं न गच्छति। ५०५

સારી રીતે કેળવીને કરેલા કપટનો છેડો બ્રહ્મા-વિધાતા પણ પામી શકતો નથી.

२७ अन्यं हि दुःखितं दृष्ट्वा समाश्वसिति दुःखितः। ५२१

પોતાથી વધારે દુઃખી માણસને જોઈને, દુઃખી માણસને આશ્વાસન મળે છે.

# पर्व ६ ठ्ठुं

## सर्ग १ लो.

१ यद्वोत्पन्ने तीर्थनाथे सदोत्सवमयं जगत्। ४९

તીર્થનાથ ઉત્પન્ન થયે છતે જગત્ સદા ઉત્સવમય થાય છે.

२ महात्मानो हि कुर्वन्ति सेवकेष्वपि सत्कृतिम्। ५५

મહાપુરુષો સેવકોનો પણ સત્કાર કરે છે.

## सर्ग २ जो.

१ आत्मनीनो हि सर्वोऽपि स्तोकेच्छुः कोऽपि
नात्मनः। ११०

તમામ પ્રાણિઓ પોતાના હિતેચ્છુ હોય છે, પોતાને માટે થોડાની ઇચ્છા કરનાર કોઇ નથી હોતો.

२ तिष्ठन्ति न चिरं जातु मानिनः श्वसुरौकसि। १२५

માની પુરુષો સસરાને ઘેર વધારે વખત સુધી કદાપિ રહેતા નથી.

३ धनं हि सुलभं वत्स! तद्भोक्ता दुर्लभः सुतः । १४९

હે પુત્ર! ધન તો સુલભ છે; પણ તેનો ભોગવનાર પુત્ર મળવો દુર્લભ છે.

४ गीतहार्या मृगा अपि । १८४

ગીતથી હરિણોનાં મન પણ હરણ કરી શકાય છે. (તો પછી મનુષ્યની શી વાત?)

५ बहुरत्ना हि भूरियम् । २०५

આ પૃથ્વી બહુરત્નોવાળી છે.

६ आस्तामत्र सतां सङ्गः परलोकेऽपि शर्मणे । २३१

સત્સંગ, પરલોકમાં પણ સુખકારી થાય છે તો આ લોકની તો વાત જ શી?

७ स्त्रीणां प्रकृतिलोलानां परं स्थैर्ये न निश्चयः । २३३

પ્રકૃતિથી ચપળ એવી સ્ત્રીઓની સ્થિરતામાં નિશ્ચય ન હોય.

८ पुत्री–जामातृविरहः प्रायः कस्य न दुःसहः । २४२

પુત્રી અને જમાઇનો વિયોગ કોને દુઃખદાયી નથી હોતો?

९ गतिः साहसिकानां हि समा स्थलजलाध्वनोः।२४३

સાહસિક પુરુષોની જલમાર્ગ અને સ્થલમાર્ગમાં સરખી જ ગતિ હોય છે.

१० मृत्युर्नात्रुटितायुषः। २४८

જેનું આયુષ્ય તુટયું ન હોય તેનું મૃત્યુ થતું નથી.

११ एकाऽपि हि हरेच्चित्तं किं पुनः सकलाः कलाः?।३०७

એક કળા પણ લોકોનાં ચિત્તનું હરણ કરે છે, તો બધી કળાઓની વાત જ શી કરવી?

१२ सेवकानां विना सेवां भज्यते खलु जीविका। ३४४

સેવા વિના સેવકોની આજીવિકા, નાશ પામે છે.

१३......प्रियोदन्ताहरः कस्य न वल्लभः? । ३५९

પ્રિયના સમાચાર લાવનાર કોને વહાલો ન લાગે?

१४........यत्र तत्र, पुण्यं ह्यनुचरं नृणाम्। ३७४

પુણ્ય ગમે ત્યાં પણ, મનુષ્યોની પાછળ સેવક થઈને રહે છે.

## सर्ग ३ जो.

१ वीराणां हि रणं मुदे । ३३

युद्ध એ શૂરવીર પુરુષોના હર્ષને માટે થાય છે.

## सर्ग ४ थो.

१ वृन्दं हि बलवत्तरम् । ३

સમૂહ એ વધારે બલવાન્ વસ્તુ છે.

२ धीराः सत्त्वाच्चलन्ति न । १७

ધીર પુરુષો સત્ત્વથી ચલાયમાન થતા નથી.

३ लोलेन्द्रिये यौवने हि यत्तपस्तत्तपो ननु ।
दारुणास्त्रे रणे यो हि शूरः शूरः स उच्यते । २५

ચપલ ઇન્દ્રિયવાળા યોવનમાં જે તપ કરાય તે જ ખરું તપ છે, અને ભયંકર શસ્ત્રાસ્ત્રોના યુદ્ધમાં જે શૂર હોય, તે જ ખરો શૂરવીર છે.

४ प्रेम्णो दूरे न किञ्चन । ५९

પ્રેમ હોય ત્યાં કાંઇ પણ દૂર નથી.

५ कामः कामं निरङ्कुशः । ६०

કામદેવ અત્યન્ત નિરંકુશ છે.

६ स्त्रीणां लुब्धो जनः प्रायो दोषं न खलु वीक्षते । ६३

સ્ત્રીઓમાં આસક્ત થયેલો પુરુષ પ્રાયઃ સ્ત્રીઓના દોષને જોતો નથી.

७ किं यमस्य दवीयसि ? । ७४

યમને અતિ દૂર શું છે ?

८ राज्यं हि विक्रमाधीनं न प्रमाणं क्रमाक्रमौ । ७५

રાજ્ય પરાક્રમને આધીન છે; તેમાં વંશની પરંપરા કે અપરંપરા કારણભૂત નથી.

९ सदा वैरायमाणा हि शङ्कन्ते परतो मृतिम् । ८४

હમેશાં વૈરનું આચરણ કરનારા પુરુષો પોતાનું મૃત્યુ બીજાથી થશે એવી આશંકા કરે છે.

१० क्षात्रं तेजो हि दुर्धरम् । ९४

ક્ષત્રિયોનું તેજ સહન કરવું કઠીણ છે.

११ किं न स्यात् पुण्यसंपदः ?। ९९

પુણ્યની સંપદાવાળાને શું નથી મળતું ?

## सर्ग ६ ट्ठो.

१ सामान्यपुण्यैर्नह्यर्हन् देवः साक्षान्निरीक्ष्यते । ४४

અલ્પ પુણ્યવાળા જીવો તીર્થંકર ભગવાનનું સાક્ષાત્ દર્શન નથી કરી શકતા.

२ केनेश्वरवचो युक्तियुक्तं बाधितुमीश्यते ?। १३०

સમર્થ પુરુષનું યુક્તિયુક્ત વચન દૂષિત કરવાને કોણ સમર્થ છે ?

## सर्ग ७ मो.

१ असाधनीयं पुण्यानां मन्त्रतन्त्रविदां च किम् ?। ५०

પુણ્યશાળી પુરુષોને અને મંત્ર તંત્રને જાણનારા મનુષ્યોને અસાધ્ય જેવું શું છે ? કંઈ નથી.

२ प्रायेण प्रेयसीप्राप्तिप्रत्याशाऽपि हि शर्मणे। ५७

પ્રાયઃ સ્ત્રીની પ્રાપ્તિની આશા પણ સુખકર થાય છે.

३ न मोघा देशनाऽर्हताम् । १९१

तीर्थंकरोनी देशना निष्फळ होती नथी.

## सर्ग ८ मो.

१ तपोलेशोऽपि नाफलः । ५

अल्प तप पण निष्फळ थतुं नथी.

२ पाखण्डिनां हि पाण्डित्यं प्राकृतेष्वेव जृम्भते । २१

पाखंडिओनुं पांडित्य भोळा मनुष्योमां ज चाली शके छे.

३......स्थानं विदेशो हि, मानिनामपमानिनाम् । ३८

अपमानित थयेला मानी-स्वाभिमानी मनुष्योनुं स्थान परदेश छे-अर्थात् तेमणे परदेश जवुं व्याजबी छे.

४ अभ्यागतेऽन्यनृपतिप्रधाने ह्यर्थिनो नृपाः । ३९

राजाओ, बीजा राजानो प्रधान पोतानी पासे आवतां तेने राखी लेवामां खुशी होय छे.

५ उपायं वचसा वक्तुं कातरा अपि पण्डिताः । ४४

ઉપાય બતાવવામાં તો કાયર પુરુષો પણ પંડિત થઇ જાય છે.

६ छद्मोऽपि क्वापि शोभते । ७५

કપટ પણ ક્યાંય શોભે છે.

७......जीवन्मृता हीनवराः स्त्रियः । ९५

પોતાથી ન્યૂન શક્તિ કે ન્યૂન ઉમ્મરના પતિવાળી સ્ત્રીઓ જીવતાં છતાં પણ મર્યા જેવી છે.

८ एकद्रव्याभिलाषो हि महद् वैरस्य कारणम् । १०८

અનેક જીવોને એક જ ચીજ મેળવવાની ઇચ્છા થવી તે વૈરનું મોટું કારણ થાય છે.

९......साधूनां, लब्धिभोगोऽपदे न हि । १४१

સાધુઓ, પોતાની લબ્ધિઓનો ઉપયોગ અસ્થાનમાં—અનવસરે નથી કરતા.

१० न्यासवत् प्रतिपन्नस्य नास्ति नाशो महात्मसु। १४४

નીતિવાળા પુરુષને ત્યાં મુકેલી થાપણનો જેમ નાશ થતો નથી તેમ, મહાત્મા પુરુષોએ સ્વીકારેલી વાતનો કોઇ દિવસ નાશ થતો નથી.

११ उपयोगोऽपि लब्धीनां सङ्घकार्ये न दुष्यति। १५९

સંઘના-શાસન સેવાના કાર્ય માટે લબ્ધિઓનો ઉપયોગ કરવામાં દોષ નથી.

१२ स्वामिनो भृत्यदोषेण गृह्यन्त इति नीतिवाक्। १९२

નોકર-સેવકના દોષથી સ્વામી દૂષિત થાય-પકડાય છે, એવું નીતિશાસ્ત્રનું વચન છે.

# આબૂ

જગદ્વિખ્યાત આબૂ પહાડની ન્હાનામાં ન્હાની અને મ્હોટામાં મ્હોટી દર્શનીય વસ્તુઓ, રસ્તાઓ અને એક દર્શકને ઉપયોગી થઈ પડે એવી તમામ વસ્તુની માહિતી આપનારું, તેમ જ આબૂનાં મંદિરોની ઝીણામાં ઝીણી કોરણીઓ અને સુંદર સુંદર ભાવોના લગભગ ૭૫ ફોટાઓથી અલંકૃત આ પુસ્તક, જેમ આબૂના યાત્રિઓને ઉપયોગી છે, તેમ ભારતવર્ષની પ્રાચીન શીલ્પકળા અને ઐતિહાસિક શોધખોળના અભ્યાસીઓ માટે પણ ઘણું જ મહત્ત્વનું છે. એના લેખક છેઃ—ઇતિહાસતત્ત્વવેત્તા, શાન્તમૂર્ત્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી. મ્હોટો ગ્રંથ, સુંદર એન્ટિક કાગળો, ૭૫ ફોટાઓ, પાકું બાઇન્ડીંગ અને ઉત્તમ જેકેટ હોવા છતાં,

**કિંમત માત્ર અઢી રૂપીઆ.**

આની હિંદી આવૃત્તિ પણ બહાર પડી ચૂકેલ છે, ફોટા વિગેરે બધું ઉપર પ્રમાણે જ. કિંમત ૨-૮-૦.

લખોઃ—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, ઉજ્જૈન. (માલવા)

અને જાણીતા બુકસેલરોને ત્યાંથી પણ મળશે.

# पर्व ७ मुं.

# सर्ग १ लो.

१ कन्या ह्यवश्यं दातव्या* । २०

કન્યા કોઇ પણ યોગ્ય વરને આપવાની હોય છે જ.

२ प्रायो विचारचञ्चूनां कोपः सुप्रशमः खलु । २३

ઘણું કરીને વિચારક મનુષ્યોનો ક્રોધ જલ્દી શાન્ત થઇ શકે એવો હોય છે.

३ यथा राजा तथा प्रजाः । ३३

જેવો રાજા હોય, તેવી તેની પ્રજા હોય છે.

४.......असह्यो हि स्त्रीपराभवः । ४६

પોતાની સ્ત્રીનું અપમાન અસહ્ય છે.

५ वन्दनीयः सतां साधुर्ह्युपकारी विशेषतः । ४९

સજ્જન-વિદ્વાન્ પુરુષોને સાધુ વંદનીય હોય છે; તેમાં પણ ઉપકારી સાધુ તો ખાસ કરીને વંદનીય છે.

---

* कस्मैचन ।

६ निर्नाथानां कुतः शौर्यं ? हतं सैन्यं ह्यनायकम् । ७६

નિર્નાયકોમાં શૂરવીરતા ક્યાંથી હોય ? નાયક (સેનાપતિ) વિનાનું સૈન્ય નષ્ટ થાય છે.

७ क्वाऽप्युपायोऽपसर्पणम् । ८४

નાશી જવું, એ પણ કવચિત્ (બચવાનો એક) ઉપાય બને છે.

८ ........मृत्यवे हि स्याद्, वैरि वैरं चिरादपि । ९५

શત્રુ સાથેનું વૈર લાંબા કાળે પણ મૃત્યુનું કારણ થાય છે.

९ नान्यो मन्त्रो हि दोष्मताम् । ११३

વીર પુરુષોનો (યુદ્ધ સિવાય) બીજો સિદ્ધાંત-વિચાર નથી હોતો.

१० बलवानपि किं कुर्यात् प्राप्तः केशरिणा करी ? । १२३

બલવાન હોવા છતાં હાથી, સિંહની પાસે શું કરી શકે ? અર્થાત્ તે બચી શકે નહિ.

११ जयाभिप्रायिणां प्रायः प्राणा हि तृणसन्निभाः । १२८

જયને ચાહનારા (વીરો) પોતાના પ્રાણોને તૃણ સદૃશ માને છે.

## सर्ग २ जो.

१ तालिका नैकहस्तिका । ३६

એક હાથે તાળી પડતી નથી.

२ महतामपराद्धे हि प्रणिपातः प्रतिक्रिया । ६९

મહા પુરુષો પ્રત્યે કરેલા અપરાધની નમસ્કાર એજ પ્રતિક્રિયા છે. અર્થાત્ મહાપુરુષો, નમસ્કાર કરવા માત્રથી અપરાધીને માફી આપે છે.

३ परैश्च भग्नमानस्य मानिनो धिगवस्थितिम् । १२०

બીજાઓથી અપમાનિત થએલ એવા આત્માભિમાનીનું એ જ અપમાનના સ્થાનમાં રહેવું એ નિંદનીય છે.

४ स्तोकं विहाय बह्विष्णुर्न हि लज्जाऽऽस्पदं पुमान्।१२१

થોડું મુકીને ઝાઝું ઇચ્છનાર ( મેળવનાર ) મનુષ્યને શરમાવા જેવું નથી હોતું.

५ आश्रयस्य हि दौर्बल्याद् , आश्रितः परिभूयते।१४३

આશ્રય આપનાર માણસની કમજોરીથી આશ્રિત ( આગેવાનના આશ્રયમાં આવેલો ) માણસ દુઃખી થાય છે.

६ महतामागमो ह्याशु क्लेशच्छेदाय कस्य न ?। १४८

મોટા પુરુષોનું આગમન એ કોનાં દુઃખોનો જલ્દી નાશ કરનાર નથી થતું ? અર્થાત્ દરેકનાં દુઃખ મટાડે છે.

७ दोष्मतां हि प्रियो युद्धातिथिः खलु । २०५

ભુજબળવાળા ( વીર પુરુષો )ને યુદ્ધ કરનાર અતિથિ બહુ વહાલો લાગે છે.

८ युज्यते न वधः प्राणिमात्रस्यापि विवेकिनाम् ।
पञ्चेन्द्रियाणां हस्त्यादिजीवानां बत का कथा ?।२१०

વિવેકી મનુષ્યોને કોઈ પણ જીવની હિંસા કરવી યોગ્ય નથી. તો પછી પંચેન્દ્રિય હાથી વગેરે મોટા જીવોની હિંસાની તો વાતજ શી કરવી ?

९ दोष्मन्तो हि निजैरेव दोर्भिर्विजयकाङ्क्षिणः। २११

ભુજબળવાળા–વીરપુરુષો પોતાની ભુજાથીજ ( સ્વ-શક્તિથીજ ) વિજય મેળવવાની ઇચ્છા રાખનારા હોય છે.

१० रत्ने हि बह्वोऽर्थिनः। २८३

ઉત્તમ વસ્તુના ગ્રાહક ઘણા હોય છે.

११ किमसाध्यं महौजसाम् ?। ३१७

મહા પરાક્રમી-વીરપુરુષોને શું અસાધ્ય છે ?

१२ व्रतं संसारनाशनम्। ३५६

વ્રત, સંસારના પરિભ્રમણનો નાશ કરનારું છે.

१३ नात्मीयाः कस्यचिन्नृपाः। ४१४

રાજાઓ કોઇના થતા નથી.

१४ सत्या वा यदि वा मिथ्या प्रसिद्धिर्जयिनी नृणाम्।४१७

સાચી કે જુઠી–ગમે તેવી પણ પ્રસિદ્ધિ–પ્રખ્યાતિ મનુષ્યોને જય પ્રાપ્ત કરાવનારી થાય છે.

१५ न क्षोभः सत्यभाषिणाम् । ४२६

સાચું બોલનારાઓને ભય હોતો નથી.

१६ अविमृश्य विधातारो भवन्ति विपदां पदम् । ४२८

અણવિચાર્યું કરનાર મનુષ્યો દુઃખી થાય છે.

१७ ......कृतस्य, करणं नहि विद्यते । ४२९

જે કાર્ય પૂરું થઈ ગયું હોય, તેમાં કંઇ કરવાનું રહેતું નથી.

१८ पुत्रार्थे क्रियते न किम् ? ४३०

પુત્રને માટે શું શું નથી કરાતું ? અર્થાત્ પુત્રને માટે માતા-પિતા અનેક દુઃખો વેઠે છે.

१९ गुरुवद् गुरुपुत्रेऽपि वर्त्तितव्यमिति श्रुतेः । ४३३

ગુરુની માફક, ગુરુના પુત્ર ( કે શિષ્ય ) ઉપર પણ ભક્તિ રાખવી જોઇએ.

२० प्राणैरप्युपकुर्वन्ति महान्तः किं पुनर्गिरा ?। ४३६

મહાપુરુષો પોતાના પ્રાણો આપીને પણ બીજાનો ઉપકાર કરે છે; તો પછી વાણીથી કરે તેમાં તો કહેવુંજ શું ?

२१ प्राणाऽत्ययेऽपि शंसन्ति नाऽसत्यं सत्यभाषिणः। ४३७

સત્યવાદીઓ પ્રાણ જાય તો પણ જૂઠું બોલતા નથી.

२२ अन्यदप्यभिधातव्यं नाऽसत्यं पापभीरुणा ।
गुरुवागन्यथाकारे कूटसाक्ष्ये च का कथा ?। ४३८

પાપથી ડરનાર મનુષ્યે બીજું પણ જૂઠું ન બોલવું જોઇએ; તો પછી ગુરુના વચનને વિપરીત કરવાની તથા ખોટી સાક્ષી પૂરવાની તો વાત જ શી કરવી ?

२३ सत्याद् वर्षति पर्जन्यः सत्यात् सिध्यन्ति
देवताः। ४४५

સત્યથી મેઘ વર્ષે છે અને સત્યથી દેવો (પણ) વશ થાય છે.

२४ प्राणा अपि हि दीयन्ते परस्मै न पुनः प्रियाः।५३६

બીજાને માટે પોતાના પ્રાણો પણ આપી શકાય, પરંતુ સ્ત્રી ન આપી શકાય.

२५ न वाङ्मात्रं कलङ्काय विशुद्धमनसां नृणाम्। ५६६

વિશુદ્ધ મનવાળા-પવિત્ર પુરુષોને વચન માત્રથી કોઇ જાતનું કલંક લાગતું નથી.

२६ अर्थिनोऽर्थेषु न तथा दोष्मन्तो विजये यथा।५७३

દ્રવ્યાર્થી પુરુષો ધન-માલને માટે એટલો પ્રયત્ન નથી કરતા કે જેટલો બહાદૂર પુરુષો વિજયને માટે કરે છે.

२७ एकान्तविक्रमः क्वाऽपि विपदेऽपि प्रजायते।५८२

એકલું બળ કોઇક ઠેકાણે આપત્તિનું પણ કારણ બને છે.

२८ बलीयसो बलिभ्योऽपि प्रसूते हि वसुन्धरा।५८३

પૃથ્વી, બળવાનોથી પણ વધારે બળવાનોને ઉત્પન્ન કરે છે.

२९ वीरा हि न सहन्तेऽन्यवीराहङ्कारडम्बरम् । ६०५

બહાદૂર પુરુષો બીજા વીરોના ગર્વને સહન કરતા નથી.

३०......जिते नाथे, जिता एव पदातयः । ६२०

માલિક જિતાયો એટલે તેની સેના જીતાઇજ ગઇ.

३१ तेजस्विनां हि निस्तेजो मृत्युतोऽप्यतिदुःसहम् । ६३२

તેજસ્વી પુરુષોને, નિસ્તેજ ( પરાસ્ત–અપમાનિત ) થવું, તે મૃત્યુથી પણ વધારે અસહ્ય છે.

३२ कर्माण्यवश्यं सर्वस्य फलन्त्येव चिरादपि ।
आपुरन्दरमाकीटं संसारस्थितिरीदृशी । ६४७

લાંબા કાળે પણ દરેકને કર્મો અવશ્ય ફળ આપે છે. ઇન્દ્રથી લઇ કીડા સુધી–તમામ પ્રાણિઓને માટે સંસારનો આ નિયમ છે.

## सर्ग ३ जो.

१ वल्लभोत्कण्ठितानां हि घटिकाऽपि दिनायते । २१

પોતાની સ્ત્રીને કે પોતાના પતિને મળવાની ઉત્કંઠાવાળા મનુષ્યોને એક ઘડી પણ દિવસ જેવડી લાગે છે.

२ स्तोकमप्यमृतं श्रेयो भारोऽपि न विषस्य तु । २८

અમૃત થોડું હોય તો પણ લાભ કર્તા છે. જ્યારે વિષનો તો મોટો ઢગલો પણ નકામો છે.

३ सापराधाऽप्यवध्यैव, स्त्री......। ३२

સ્ત્રી અપરાધવાળી હોય તો પણ વધને યોગ્ય નથી.

४ भृत्योऽपि हि विरक्तः स्यादापदे किं पुनः प्रिया ? । ३५

વિરક્ત–નારાજ થયેલો નોકર પણ દુઃખ દેવાવાળો થાય છે, તો પછી પોતાની સ્ત્રીનું તો કહેવુંજ શું ?

५ किं स्वादुनाऽपि भोज्येन ? रोचते न यदात्मने । ३६

પોતાને રુચતું ન હોય એવા સ્વાદિષ્ટ ભોજનથી પણ શો લાભ છે ?

६ न युक्तं महतां यत् स्वप्रतिपन्नस्य लङ्घनम् ।
अनुल्लङ्घ्यैस्तु गुरुभिः प्रतिपन्नस्य का कथा ?। ३८

મહાપુરુષોએ, પોતે સ્વીકારેલ વસ્તુનું ઉલ્લંઘન કરવું યોગ્ય નથી, તો પછી જેમની આજ્ઞા ઉલ્લંઘન કરવી યુક્ત નથી, એવા વડીલોની સાથે-સામે સ્વીકારેલ વસ્તુના ઉલ્લંઘન માટે તો કહેવું જ શું ?

७ विक्रीणते वा मूल्येन ददते वा प्रसादतः ।
गुरवो हीत्यपि सतां प्रमाणं नापरा गतिः । ३९

પોતાને વેચી દે કે ખુશી થઇને બીજાને મફત આપી દે, છતાં સજ્જન પુરુષોને વડીલો ( મા-બાપ વગેરે ) પ્રમાણજ-માન્યજ છે. અર્થાત્ તેમની આજ્ઞા માન્ય કરવી જોઇએ, એ સિવાય બીજી ગતિ નથી.

८ मानिनो ह्यवलेपं न विस्मरन्ति यतस्ततः । ४६

આત્માભિમાની પુરુષો ગમે ત્યાં જાય પણ થયેલા અપમાનને ભૂલતા નથી.

९ विद्याधराणां विद्यैव सर्वसिद्धिषु कामधुक् । ७७

વિદ્યાધરોને તમામ કાર્યોની સિદ્ધમાં વિદ્યા જ વાંછિત ફળ આપનારી છે.

१० स्वदुःखाख्यानपात्रं हि नापरः सुहृदं विना । ८५

પોતાનાં દુઃખોને કહેવાનું સ્થાન મિત્ર વગર બીજું એકે નથી.

११ रहःस्थयोर्हि दम्पत्योर्न च्छेकाः पार्श्ववर्तिनः । ११०

જ્યારે પતિ-પત્ની ગુપ્તસ્થાનમાં (એકાન્તમાં) હોય, ત્યારે ડાહ્યા-ચતુર માણસો તેની પાસે-નજીકમાં ઉભા રહેતા નથી. અર્થાત્ ત્યાંથી ચાલ્યા જાય છે.

१२ प्रतारणाप्रकारान् हि बहूञ्जानन्ति पांसुलाः । १२८

વંઠેલ-(દુરાચારી) સ્ત્રીઓ બીજાને ઠગવાના ઉપાયો ઘણા જાણે છે.

१३ स्वामिवत् स्वाम्यपत्येऽपि सेवकाः समवृत्तयः ।१३२

સાચા નોકરો, માલિકના સંતાન-પરિવાર ઉપર પણ માલિકના જેવીજ વૃત્તિ (ભક્તિ) રાખે છે.

१४ सन्तः सतां न विपदं विलोकयितुमीश्वराः । १३३

સજ્જનો સત્પુરુષોના દુઃખને જોઇ શકતા નથી.

१५ अचिन्त्यं चरितं स्त्रीणां ही विपाको विधेरिव ।१३८

ખેદનો વિષય છે કે વિધિ-કર્મના વિપાકની જેમ સ્ત્રીઓનું ચરિત્ર અચિંત્ય-ગહન હોય છે.

१६......अञ्जनलेशोऽपि, दूषयत्यंशुकं शुचि । १३९

થોડું પણ કાજળ સ્વચ્છ વસ્ત્રને બગાડી દે છે-મલીન કરી નાખે છે.

१७ अहिदष्टाऽङ्गुलिः किं न च्छिद्यते बुद्धिशालिना ?।१४१

સાપથી ડસાયેલ આંગળીને શું બુદ્ધિમાન્ મનુષ્ય કાપી નથી નાખતો ?

१८ श्वश्रूदुःखे दुहितॄणां शरणं शरणं पितुः । १४२

સાસુ તરફથી પુત્રીઓને દુઃખ હોય ત્યારે તેમને માટે પિતાનું ઘર ( પીયર ) શરણ-આધારભૂત છે.

१९ निर्वासयेदपि क्रूरा दोषमुत्पाद्य कञ्चन । १४३

ક્રૂર મનુષ્યો ( માલિકો ) કોઈ પણ દોષ ઉપજાવીને ( સજ્જનને-નિર્દોષને ) ગામ અથવા દેશથી બહાર કાઢી પણ મૂકે છે.

२० दुःखितानां हि नारीणां माताऽऽश्वासनकारणम् । १५५

दुःખી સ્ત્રીઓને માતા, એ આશ્વાસનનું કારણ છે.

२१ सर्वथा स्त्री विना नाथं मैकाहमपि जीवतु । १५७

પતિ વિનાની એકલી સ્ત્રી એક દિવસ પણ ન જીવો. કારણ કે પતિના વિયોગવાળી સ્ત્રીઓ બહુ દુઃખી થાય છે.

२२ पुनर्नवीभवेत् प्रायो दुःखमिष्टावलोकनात् । २०२

પ્રાયઃ ઇષ્ટ-સગાંસંબંધીને જોવાથી જૂનું દુઃખ તાજું થઇ આવે છે.

२३ अत्युग्रपुण्यपापानामिहैव ह्याप्यते फलम् । २३७

અત્યન્ત ઉત્કટ પુણ્ય અથવા પાપોનું ફળ અહીં જ—આ ભવમાં જ મળી જાય છે.

२४ धिग् धिक् पतिमपण्डितम् । २४७

મૂર્ખ—અક્કલ વગરના પતિને ધિક્કાર છે.

२५ प्रतिव्रताः पतिशोकात् प्रविशन्ति हुताशने ।
तासां विना हि भर्त्तारं दुःखाय खलु जीवितम् ।२६१

પતિવ્રતા સ્ત્રીઓ, પતિના શોકથી અગ્નિમાં પ્રવેશ કરે છે; કેમકે પતિ વગરનું તેમનું જીવન ખરેખર દુ:ખિત હોય છે.

२६ प्रहरेद् बाहुना को हि तीक्ष्णे प्रहरणे सति । २८४

પોતાની પાસે તીક્ષણ શસ્ત્ર હોય તો પછી હાથથી પ્રહાર કોણ કરે ?

२७ पौरुषावसरे प्राप्ते न प्रमाणं वयः खलु । २८५

પુરુષાર્થ બતાવવાનો-બળનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે ત્યારે ઉમર ઉપર ખાસ આધાર રખાતો નથી.

२८ सर्वत्र बलवच्छलम् । २९७

બધે સ્થળે બળની જેમ છળપણ કાર્ય સાધક નિવડે છે.

२९......प्रणिपातान्तः, प्रकोपो हि महात्मनाम् । २९९

મોટા પુરુષોનો ક્રોધ, સામેનો માણસ નમન ન કરે ત્યાં સુધી જ હોય છે.

३० दृष्टसारः स्वयं हीदृग् जामाता दुर्लभः खलु । ३००

જેનું બળ સાક્ષાત્ નજરે જોયું હોય, એવો (બહાદૂર) જમાઈ મળવો મુશ્કિલ છે.

## सर्ग ४ थो.

१ नर्मोक्तिर्न हि सत्यैव प्रायो धवलगीतवत् । १८

મશ્કરીમાં કહેલું વચન, મંગલિક પ્રસંગમાં ગવાતાં ગીતની માફક, પ્રાયઃ સાચું જ હોય એમ નથી હોતું.

२ सुन्दरं मर्त्यजन्मद्रोः फलं चारित्रलक्षणम् । २२

મનુષ્ય જન્મરૂપ વૃક્ષનું સારામાં સારૂં ફળ ચારિત્ર છે.

३ कुलधर्मः क्षत्रियाणां स्वसन्धापालनं खलु । २५

ક્ષત્રિયોનો ખરેખરો કુળધર્મ, પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવું, એ છે.

४ प्राप्तोदयं हि तरणिं तिरोधातुं क ईश्वरः ? । ३६

ઊગેલા સૂર્યને ઢાંકવા માટે કોણ સમર્થ છે?

५ लोभाभिभूतमनसां विवेकः स्यात् कियच्चिरम् ? । ४३

લોભી મનુષ્યોમાં વિવેક ક્યાં સુધી રહી શકે ?

६ किं सिंही हन्ति न द्विपान् ? । ७४

શું સિંહણ હાથીઓને નથી મારતી ? અર્થાત્ સમર્થ સ્ત્રિયો, પુરુષનું કામ કરી શકે છે.

७ न ह्यसत् प्राप्यते क्वापि केनाऽप्याकाशपुष्पवत् । ८९

આકાશ પુષ્પની માફક અસત્ વસ્તુ, કોઇને ક્યાંય પણ મળતી નથી. જેની વિદ્યમાનતાજ નથી, એ ક્યાંથી મળે ?

८ नहि भीराज्ञया राज्ञामन्यायकरणेऽपि हि । ९५

રાજાઓની આજ્ઞાથી અન્યાય કરવામાં પણ ભય હોતો નથી.

९ आप्ता हि स्फुटभाषिणः । १२९

હિતૈષી-પવિત્ર પુરુષો સ્પષ્ટ કહેનારા હોય છે.

१० समयज्ञा हि धीमन्तो न तिष्ठन्ति यथा तथा । १७१

સમયને ઓળખનાર બુદ્ધિમાન મનુષ્યો જેમ તેમ (બીજાઓને ત્યાં) નકામા પડ્યા રહેતા નથી.

११ राज्यं सर्वत्र दोष्मताम् । १७३

બાહુબળવાળા–બહાદૂર માણસોને માટે સર્વ ઠેકાણે રાજ્ય છે.

१२ विशेषतः प्रीतये हि राज्ञां भूः स्वयमर्जिता। १७४

પોતે પ્રાપ્ત કરેલી–જિતેલી ભૂમિ રાજાઓને વધારે વહાલી હોય છે.

१३ को वा न जीवति सुखं पुरुषोत्तमजन्मनि ?। १८९

મહાપુરુષનો જન્મ થવાથી કોણ સુખી ન થાય ? અર્થાત્ બધાને સુખ મળે છે.

१४ हर्षे को नाम तृप्यति ?। १९१

હર્ષમાં કોણ તૃપ્ત થાય ?

१५ किं न कुर्यात् स्मरातुरः ?। २१०

કામાતુર માણસ શું શું અનર્થ નથી કરતો ?

१६ व्रते ह्येकाहमात्रेऽपि न स्वर्गादन्यतो गतिः। २१४

એક દિવસ પણ શુદ્ધ સંયમ ( ચારિત્ર ) પાળ્યું હોય તો સ્વર્ગ સિવાય બીજી ગતિ થતી નથી.

१७ कोपः शाम्यति महतां दीने क्षीणे द्वयरावपि । २३३

શત્રુ હોવા છતાં પણ તે નમ્ર થતાં અથવા શક્તિહીન થતાં મોટા પુરુષોનો ( શત્રુ પ્રત્યેનો ) ક્રોધ શાન્ત થઈ જાય છે.

१८ शोको हर्षश्च संसारे नरमायाति याति च । २५३

માણસને સંસારમાં શોક અને હર્ષ પ્રાપ્ત થાય છે અને નાશ પામે છે.

१९ सन्तः सतां परित्राणे विलम्बन्ते न जातुचित् ।२७२

સજ્જન માણસો, સજ્જનોનું રક્ષણ કરવામાં થોડો પણ વિલંબ કરતા નથી.

२० आभरताद् जन्मसिद्धं नन्विक्ष्वाकुषु पौरुषम् ।२७४

ભરતચક્રવર્તીથી લઇ તમામ ઇક્ષ્વાકુ કુળના રાજાઓમાં જન્મથીજ પુરુષાર્થ–બળ હોય છે.

२१ गुरूणां† तादृगाख्यातुं कुलीनाः कथमीशते ? ।३०३

વડિલોની આગળ તેવા પ્રકારનું લજ્જાસ્પદ ( કામદેવજન્ય વ્યાકુલતાનું ) વૃત્તાન્ત કહેવામાં કુલીન લોકો કેમ સમર્થ થાય ?

† लज्जास्पदम् ।

२२ दीयन्ते कन्यकाः सकृत् । ३११

કન્યાઓ એકવાર અપાય છે.

२३ स्वेच्छयैव वराऽऽदानं लोके न हि परेच्छया ।३२९

જગતમાં પોતાની ઇચ્છાથી (કન્યાની કે મા-બાપની મરજીથી) કન્યાના વર-પતિનો સ્વીકાર થાય છે, બીજાઓની ઇચ્છાથી નહિ.

२४ ध्वस्ते माने हि दुःखाय जीवितं मरणादपि ।३६०

માનનું ખંડન થતાં જીવન, મરણ કરતાં પણ વધારે દુઃખવાળું થાય છે.

२५ प्रस्तरोत्कीर्णरेखेव प्रतिज्ञा हि महात्मनाम् । ४२४

મહા પુરુષોની પ્રતિજ્ઞા, પત્થરમાં ખોદેલી લીટીના જેવી સ્થિર હોય છે.

२६ महतां हि प्रतिज्ञा तु न चलत्यद्रिपादवत् । ४९४

મોટા પુરુષોની પ્રતિજ્ઞા, પર્વતનાં મૂળની જેમ ચલાયમાન થતી નથી.

# सर्ग ५ मो.

१ मायोपायो वलीयसि । १५

બળવાનની આગળ કપટ કરવું, તે (બચાવનો) એક ઉપાય છે.

२ खलाः सर्वंकषाः खलु । १६

ખરેખર દુર્જન લોકો બધું નાશ કરનારા હોય છે.

३ जातु धर्ममधर्मं वा गणयन्ति न मानिनः । ३७

અભિમાની-ઉદ્ધત લોકો ધર્મ કે અધર્મને કદાપિ ગણતા નથી.

४ भृत्ये कोपः शिक्षामात्रकृते शिष्ये गुरोरिव । ६३

જેમ શિષ્ય ઉપર ગુરુનો કોપ ફક્ત શિષ્યને શિક્ષા આપવા-સુધારવા પુરતો જ હોય છે, તેમ નોકર ઉપર માલિકનો કોપ પણ નોકરને ઠપકો આપવા પુરતો-સુધારવા પુરતોજ હોય છે.

५ मन्त्रिणां मन्त्रसामर्थ्यात् स्यादलीकेऽपि सत्यता । ९३

ખોટી વસ્તુ હોય તો પણ મંત્રિઓની હોંશીયારીથી લોકોને સાચ્ચા જેવી લાગે છે.

६ शकुनं चाशकुनं च गणयन्ति हि दुर्बलाः । १०३

શકુન અને અપશકુનનો વિચાર કમજોર માણસો જ કરે છે. અર્થાત્ બલવાનને સર્વત્ર વિજય જ મળે છે.

७ सन्तो हि नतवत्सलाः । २२९

સજ્જન પુરુષો નમ્ર-વિનીત ઉપર વાત્સલ્ય (પ્રેમ) રાખનારા હોય છે.

८ सामान्योऽप्यतिथिः पूज्यः किं पुनः पुरुषोत्तमः। २५७

આપણે ત્યાં આવેલ સાધારણ મહેમાન પણ પૂજનિક હોય છે, તો પછી ઉત્તમ પુરુષ-વિશિષ્ટ અતિથિ પૂજનિક હોય તેમાં નવાઇ શી ?

९ साधर्मिके च वात्सल्यमुक्तं श्रेयस्करं जिनैः । ३७५

સહધર્મી પ્રત્યે વાત્સલ્ય કરવું-પ્રેમ કરવો, એ શ્રેયસ્કર છે, એમ જિનેશ્વરોએ કહ્યું છે.

१० कामावेशः कामिनीनां शोकोद्रेकेऽपि कोऽप्यहो !। ३९८

ભયંકર શોકના પ્રસંગમાં પણ સ્ત્રીઓને કામનો આવેશ અનોખો જ હોય છે.

११ महत्सु जायते जातु न वृथा प्रार्थनाऽर्थिनाम् । ४०६

મોટા પુરુષો આગળ કરેલી પ્રાર્થના કદી પણ ખાલી જતી નથી.

## सर्ग ६ ठ्ठो.

१ न सिंहस्य सखा युधि । १२

સિંહને યુદ્ધમાં બીજા કોઇ મદદગારની જરૂર નથી.

२ ......विजयो ह्यन्यसाहाय्याद् दोषमतां ह्रिये।१९

ભુજબળવાળા-વીરપુરુષોને બીજાની મદદથી વિજય મળે, એ લજ્જાસ્પદ છે; અર્થાત્ બહાદૂર પુરુષો તો પોતાના પરાક્રમથીજ વિજય મેળવે છે.

३ ...यद्घात्या एव रिपवः स्वतोऽपि परतोऽपि वा। ८८

પોતાની શક્તિથી કે બીજાની મદદથી પણ દુશ્મનોનો નાશ કરવો એ ક્ષત્રિયોનો ધર્મ છે.

४ सतां सङ्गो हि पुण्यतः । ९७

સત્પુરુષોનો સમાગમ મોટા ભાગ્યથી થાય છે.

५ क्षुते हि सर्वथा मूढे शरणं तरणिः खलु। १०१

છીંક આવતી રોકાઇ જાય તો તે વખતે સૂર્યની સામે જોવાથી છીંક આવી જાય છે.

६ स्वकार्यादधिको यत्नः परकार्ये महीयसाम्। १०२

મોટા પુરુષો પોતાના કાર્ય કરતાં પણ બીજાનું કાર્ય કરવામાં વધારે પ્રયત્ન કરે છે.

७ रणाय नालसाः शूरा भोजनाय द्विजा इव। १०८

જેમ બ્રાહ્મણો ભોજન ( મોદકાદિ ) માટે આળસુ નથી હોતા, તેમ વીરપુરૂષો યુદ્ધ કરવા માટે આળસુ હોતા નથી.

८ न द्वितीया चपेटा हि हरेर्हरिणमारणे। ११४

હરણને મારવા માટે સિંહની એકજ ચપેટા ( થપ્પડ ) બસ છે, બીજી ચપેટાની જરૂર નથી.

९ ......अहो! कामाऽवस्था बलीयसी। १४२

દુ:ખની વાત છે કે કામ અવસ્થા બહુજ બળવાન–દુષ્ટ હોય છે.

१० किं करोति परं मन्त्रः प्रभौ कामवशम्वदे ?। १७८

જ્યારે સ્વામી કામાધીન થયો હોય, ત્યારે તેની આગળ મંત્રી વગેરે ડાહ્યા માણસોની સારી સલાહ શું કામ આવે ?

११ महात्मनां न्यायभाजां कः पक्षं नावलम्बते ?। १७९

ન્યાયવાળા મહાપુરુષોના પક્ષને કોણ નથી સ્વીકારતો ?

१२ अनागतं हि पश्यन्ति मन्त्रिणो मन्त्रचक्षुषा। १८१

મંત્રીઓ વિચારરૂપી આંખોથી ભવિષ્યની વાત પણ જોઇ શકે છે.

१३ आदौ प्रेष्यो द्विषां दूत इति नीतिमतां स्थितिः।२१७

યુદ્ધની પહેલાં દુશ્મનોની પાસે દૂત મોકલવો જોઇએ, એવી નીતિમાનોની રીતિ છે.

१४ सन्देशहारकेणापि यदि सिध्येत् प्रयोजनम् ।
पर्याप्तं स्वयमुद्योगकर्मणा भूभुजां तदा । २१९

જો દૂતથી કાર્યસિદ્ધિ થઇ જતી હોય તો પછી રાજાઓએ પોતે ઉદ્યોગ–પુરુષાર્થ કરવાની કશી જરૂર રહેતી નથી.

१५ छलच्छेकाः खलाः खलु । २९१

દુર્જનો ખરેખર ઠગાઇ કરવામાં-કપટ કરવામાં કુશળ હોય છે.

१६ धिगहो ! नीचसौहृदम् । ३०४

નીચ જન સાથેની મિત્રાચારીને ધિક્કાર છે.

१७ सर्वमस्त्रं बलीयसाम् । ३७१

બળવાન મનુષ્યોને માટે દરેક વસ્તુ શસ્ત્ર સમાન છે.

१८ कौतुकाद् हि क्षणं दत्ते शक्तो जयमपि द्विषाम् । ३८५

સમર્થ-બહાદૂર પુરુષ, કુતૂહળથી ( ટિખળથી ) શત્રુઓને થોડીવાર માટે જય પણ આપે છે.

१९ अङ्गारान् परहस्तेन कर्षयन्ति हि धूर्तकाः । ३९२

ધૂર્ત લોકો, અંગારા બીજા પાસે કઢાવે છે. અર્થાત્ જોખમવાળું કાર્ય બીજા પાસે કરાવે છે.

२० सम्भाषोऽपि हि पापाय, परस्त्रीहारिणः....। ३९७

પરસ્ત્રીને ઉપાડી જનાર પુરુષ સાથે વાર્તાલાપ કરવો એ પણ મોટું પાપ છે.

## सर्ग ७ मो.

१ रिपावपि पराभूते महान्तो हि कृपालवः। ९

મહાપુરુષો, પરાભવ પામેલા–હારેલા શત્રુ ઉપર પણ દયાળુ હોય છે.

२ आप्तेन मन्त्रिणा मन्त्रः शुभोदर्को हि भूभुजाम्। २७

વિશ્વાસપાત્ર–હિતૈષી મંત્રીની સાથે મંત્રણા–સલાહ કરવી તે રાજાઓને માટે લાભકારી છે.

३ न मुधा भवति क्वापि प्रणिपातो महात्मसु। ४४

મહાપુરુષોને કરેલો નમસ્કાર કોઈ પણ સ્થળે નકામો જતો નથી.

४ न ह्रीः पूज्याद् हि बिभ्यताम्। १६४

પૂજ્ય–વડિલોથી બીવામાં–હારી જવામાં શરમાવા જેવું નથી.

५ पर्यस्ते शकटे हन्त! किं कुर्वीत गणाधिपः? । २८३

ગાડું તુટ્યા પછી તેનો માલિક શું કરી શકે?

६ राजकार्येऽपि राजान उत्थाप्यन्ते ह्युपायतः । २८६

રાજકાર્યને માટે પણ રાજાઓને ઉંઘમાંથી જગાડવા હોય તો યુક્તિપૂર્વક ( સંગીત વગેરે કોમળ મધુર ઉપાયોથી ) જગાડાય છે.

७ नाऽऽप्तस्याऽऽप्ते प्ररोचना । २८७

હિતૈષીની આગળ તેના પ્રિય માણસે વાત કરતાં પ્રશંસાના વાક્યો કહેવાની જરૂર નથી હોતી.

## सर्ग ८ मो.

१ .....वीरा हि, प्रजासु समदृष्टयः । ३

વીર પુરુષો પ્રજાજનો ઉપર સમદૃષ્ટિવાળા હોય છે.

२ विवेके हि न रौद्रता । १४८

વિવેક થયા પછી રૌદ્રભાવ રહેતો નથી.

३ नैकत्र मुनयः स्थिराः । २३५

મુનિઓ-સંન્યાસીઓ હમેશાં એક ઠેકાણે રહેતા નથી.

४.......प्रायः, प्रवादाः लोकनिर्मिताः । २६४

કિંવદંતીઓ-દંતકથાઓ ઘણે ભાગે જનતાની ફેલાવેલી હોય છે.

५ अवश्यमेव भोक्तव्ये कर्माधीने सुखासुखे । २७३

( સારાં કે નઠારાં ) કર્મથી ઉત્પન્ન થએલ સુખ કે દુઃખ અવશ્ય ભોગવવાં પડે છે.

६ धर्मः शरणमापदि । २७४

આપત્તિના પ્રસંગે-દુઃખ વખતે ધર્મનું શરણ ( અવલંબન ) છે.

७ राजतेजो हि दुस्सहम् । २७८

રાજાઓનું તેજ દુસ્સહ હોય છે.

८ युक्त्या हि यद् घटामेति श्रद्धेयं तत् मनीषिणा । २८२

જે વાત યુક્તિથી ઘટતી હોય ( સાચી લાગતી હોય ), તે બુદ્ધિમાને માની લેવી જોઇએ.

९ प्रायः प्रेमातिदुस्त्यजम् । २८७

ઘણે ભાગે પ્રેમ છોડવો બહુજ કઠિન છે.

१० न भक्ताः क्वाप्युपेक्षकाः । २८८

ખરા ભક્તો કોઇ પણ પ્રસંગે પોતાના સ્વામિની ઉપેક્ષા કરતા નથી.

११ न रक्तो दोषमीक्षते । २९२

રાગી માણસ, (જેના ઉપર રાગ હોય તેના) દોષને જોતો નથી.

१२ यथा तथाऽपवदिता यदबद्धमुखो जनः । ३००

લોકોનું મુખ બાંધેલું નથી. અર્થાત્ તેમને કોઇ રોકનાર નથી. તેથી જેમ મનમાં આવે તેમ લોકો બકયા કરે છે.

१३ सर्वलोकविरुद्धं तु त्याज्यमेव यशस्विनः । ३०२

જેમાં તમામ લોકોનો વિરોધ હોય, તે ચીજ–કાર્યનો તો યશસ્વી મનુષ્યે અવશ્ય ત્યાગ કરવો જોઇએ.

१४ शङ्कास्थाने हि सर्वोऽपि दिव्यानि लभते जनः । ३२१

શંકાના સ્થાનમાં સૌ કોઈ દીવ્ય પરીક્ષા કરાવે છે. અર્થાત્ 'અગ્નિમાં પ્રવેશ કરવો' વગેરેથી પોતાની સત્યતા સિદ્ધ કરી બતાવે છે.

# सर्ग ९ मो.

१ एकं धर्मं प्रपन्ना हि सर्वे स्युर्बन्धवो मिथः । १३

એક–સમાન ધર્મ પાળનારા બધા અરસપરસ બન્ધુઓ છે.

२ स्त्रीणां पतिगृहादन्यत् स्थानं भ्रातृनिकेतनम् । १४

સ્ત્રીઓને માટે પતિના ઘરથી બીજું સ્થાન ભાઇનું ઘર ( પીયર ) છે.

३ विधुरेषु हि मित्राणि स्मरणीयानि मन्त्रवत् । ५२

દુઃખ વખતે મન્ત્રની માફક મિત્રો યાદ કરવા જોઇએ.

४ पूज्ये हि विनयोऽर्हति । ९०

પૂજ્ય ( વડિલ ) લોકો પ્રત્યે વિનય કરવો જોઇએ.

५ पुत्रात् पराजयो वंशोद्द्योतनाय न कस्य हि ?। १५०

પોતાના પુત્રથી પરાજય પામવો ( હારવું ) તે કોના વંશની ઉન્નતિ કરનારૂં નથી થતું ? અર્થાત્ પોતાના પુત્રથી હારવું તે પોતાના વંશની કીર્તિ વધારનારૂં થાય છે.

६ दैवस्येव हि दिव्यस्य प्रायेण विषमा गतिः । २०६

ભાગ્યની માફક દૈવિક પરીક્ષા ( ચિતાપ્રવેશ, તપ્ત-તૈલપ્રવેશ, જલપ્રવેશ વગેરે ) ની પણ ગતિ ઘણી વિચિત્ર હોય છે.

## सर्ग १० मो.

१........कर्मणां विषमा गतिः । ११५

કર્મોની ગતિ વિચિત્ર છે.

२ कर्मविपाको दुरतिक्रमः । १२३

કર્મનું ફળ કોઇનાથી રોકી શકાતું નથી. અર્થાત્ ઉદયમાં આવેલું કર્મ દરેકને ભોગવવું પડે છે.

३ तत्परैः परलोकाय स्थातव्यं मूलतोऽपि हि । १३६

લોકોએ પરલોકના ( આત્માના ) હિતને માટે મૂળથીજ ( પ્રારંભથી જ ) તત્પર રહેવું જોઇએ.

४ प्रविशन्ति छिद्रशते नृणां भूतशतानि हि । १४१

આપત્તિના સમયે મનુષ્યોમાં સેંકડો ભૂતો પ્રવેશ કરે છે. અર્થાત્ ( પુણ્યનો ક્ષય થવાથી ) ઉપરાઉપર દુઃખની પરંપરા ઉભી થાય છે.

# પર્વ ૮ મું

## सर्ग १ लो.

१.......को हि, दीपे सत्यग्निमीक्षते ? । ६७

દીવો વિદ્યમાન હોય ત્યારે અગ્નિના પ્રકાશથી કામ કરવાને કોણ ચાહે ?

२ सोऽर्थः स्वभावसंसिद्धो न हि याच्ञामपेक्षते । ८४

સ્વભાવથી સિદ્ધ (પ્રકૃતિને અનુકૂળ) જે કાર્ય હોય, તે માટે બીજાની યાચનાની-પ્રેરણાની જરુર રહેતી નથી.

## सर्ग ३ जो.

१ शर्करातोऽपि मधुरा वार्त्ताऽर्धकथिता सती । ४५

અર્ધી કહેલી વાર્તા સાકરથી પણ વધારે મીઠી લાગે છે.

२ सूत्थाना हि नरोत्तमाः । ६८

ઉત્તમ પુરુષોને ગાઢ નિદ્રામાંથી જલદી જગાડી શકાય છે.

३ .... दूत्ये हि मण्डनं वाग् । १२२

દૂતના કાર્યમાં વાણી આભૂષણ સમાન છે.

४ महिषीचारणं ह्याद्यमाभीराणां कुलव्रतम् । २४७

ભેંસો ચારવી, તે ભરવાડોનું પહેલું કુલવ્રત-મુખ્ય કર્તવ્ય છે.

५ स्वयंवरोऽतिप्रौढानामनूढानां हि योषिताम् । ३१६

ઘણી મોટી ઉમ્મરની નહિ પરણેલી કન્યાઓનો સ્વયંવર મહોત્સવ કરવો યોગ્ય છે.

६........अतिथीनामुचितं ह्यदः‡ । ३२०

મહેમાનોનું સ્વાગત કરવું ઉચિત છે.

७ स्वस्थानगमनोत्कण्ठा कस्य न स्याद् बलीयसी । ३७८

પોતાના ગામ જવાને માટે કોને તીવ્ર ઇચ્છા ન થાય ?

८ विनाऽऽलोकेन लोको हि जीवन्नपि परासुवत् । ३८३

પ્રકાશ વિના લોકો જીવતા હોય તો પણ મરેલા જેવા થઇ જાય છે.

‡ स्वागतम् ।

९ न सिंहः सहतेऽन्यं हि गूहाद्वारोपसर्पिणम् । ४२२

સિંહ પોતાની ગુફાના દ્વાર પાસે આવનાર બીજા કોઇને સહન કરી શકતો નથી.

१० निरीहस्य हि किं नृपः ? । ४३१

નિઃસ્પૃહ પુરુષોની પાસે રાજા શા હિસાબમાં છે ?

११ ज्येष्ठो भ्राता पिता यथा । ४५८

મોટો ભાઇ પિતા તુલ્ય હોય છે.

१२ सतीनां नास्ति दुष्करम् । ४५९

સતીઓને કોઇ કામ દુષ્કર નથી.

१३ प्रमाणं नियतिः खलु । ४७५

નિયતિ ( ભવિતવ્યતા ) એજ પ્રમાણ છે.

१४ न हि स्थानमनुद्दिश्य प्रवृत्तिश्चेतनावताम् । ४८४

સ્થાન અથવા કાર્યનું લક્ષ્યબિંદુ બાંધ્યા વિના બુદ્ધિમાન પુરુષોની કોઇ કાર્યમાં પ્રવૃત્તિ હોતી નથી.

१५ कुर्यात् पुरुषकारः किं दैवे वक्रत्वमीयुषि ?। ४९९

દૈવ-કર્મ વાંકા થયા પછી ઉદ્યમ શું કામ કરી શકે ?

१६ दुःखविस्मृतिसख्यसौ*। ५०९

દુઃખને ભૂલવામાં નિદ્રા સખી તુલ્ય છે.

१७ श्वशुरः शरणं येषां नराणां ते नराधमाः। ५१८

જેઓ પોતાના સસરાને આશ્રિત રહે છે, તે પુરુષો અધમ ગણાય છે.

१८ शीलं सतीनां सर्वाङ्गरक्षामन्त्रो हि शाश्वतः। ५२८

સતીઓનું શીલ, એ તેમના આખા શરીરની રક્ષા કરવા માટે સાચો મંત્ર છે.

१९ दुर्दशापतितानां हि स्त्रीणां धैर्यगुणः कुतः ?। ५५१

દુઃખમાં આવી પડેલી સ્ત્રીઓને ધૈર્ય ક્યાંથી હોય ?

---

* निद्रा।

२० न ह्यात्मीया कञ्चुलिका जातु भाराय भोगिनः। ५५२

સર્પને પોતાની કાંચળી ક્યારે પણ બોજારૂપ થતી નથી.

२१ ........चिरं, न हि नर्मापि शर्मदम्। ५५३

ઘણી હાંસી-મશ્કરી સુખકારી થતી નથી.

२२ पतिं विनाऽपि तद्वेश्माभिभवायैव योषिताम्। ५६१

પતિ વિના પતિનું ઘર પણ સ્ત્રીઓના પરાભવને માટે થાય છે.

२३ सर्वत्र कुशलं तासां स्त्रीणां याः स्युः पतिव्रताः।५६७

જે સ્ત્રીઓ પતિવ્રતા-સતી હોય છે તેઓને બધે ઠેકાણે કુશલ-ક્ષેમ હોય છે.

२४ सुलभा धनिनां हि भीः। ५७४

ધનવાનોને ભય સુલભ હોય છે.

२५ जातस्य हि ध्रुवं मृत्युरकृतार्थस्य मृत्युभीः। ५९८

જેનો જન્મ થયો તેનું મૃત્યુ અવશ્ય થવાનું છે, અને જેણે પોતાના જન્મને સફળ નથી કર્યો તેને જ મરણનો ભય હોય છે.

२६ अवाप्तक्षीरपाणाय कस्मै रोचेत काञ्जिका ? ।६३३

पीवाने माटे जेने दूध मळ्युं होय एवा क्या माणसने खाटी कांजी पीवानी रुचि थाय ?

२७ तपःक्लेशसहानां हि न मोक्षोऽपि दवीयसि । ६७२

तपना कष्टने सहन करनारा मनुष्योने मोक्ष पण दूर नथी, तो बीजानी वात ज शी ?

२८ महाभयं प्राणभयं सर्वेषामपि देहिनाम् । ६९०

तमाम प्राणीओने मृत्युभय सौथी मोटो भय छे.

२९ अप्येकाहपरिव्रज्याऽवश्यं स्वर्गापवर्गदा । ६९१

एक दिवस पाळेली दीक्षा पण अवश्य स्वर्ग अथवा मोक्षने आपनारी थाय छे.

३० दैवं दुर्बलघाति हि । ७०५

दैव-भाग्य दुर्बळने मार्या करे छे.

३१ महर्द्धय इवामोघवचना हि पतिव्रताः । ७१३

आठ महा सिद्धिओनी पेठे पतिव्रता स्त्रीओ पण अमोघ ( सफळ ) वचनवाळी होय छे.

३२ ...पङ्कमग्नाऽपि, पद्मिन्येव हि पद्मिनी । ७५७

કીચડથી લેપાએલી હોય તો પણ પદ્મિની (કમલિની) છે તે પદ્મિનીજ છે. અર્થાત્ અનેક કષ્ટોમાં ડૂબેલી હોય તો પણ કુળવતી સ્ત્રીઓ છાની રહેતી નથી અને પોતાના સદાચરણને છોડતી નથી.

३३ प्रमाणमन्तःकरणं खल्विष्टानिष्टनिर्णये । ७६९

પ્રિયાપ્રિય–કર્ત્તવ્યાકર્ત્તવ્યનો નિર્ણય કરવામાં પોતાનું અન્તઃકરણ જ પ્રમાણ છે. અર્થાત્ પોતાનું અન્તઃકરણ જે વાત કબુલ કરે તે પ્રમાણે વર્તવું.

३४ कियत् क्षेमं दुरात्मनाम् ? । ८०१

દુષ્ટ પુરુષોને કુશળતા કયાં સુધી હોય ?

३५ सेवां मनस्वी कः कुर्यात् ? कुर्याद्वा तर्हि भूपतेः ।८०२

કોણ બુદ્ધિમાન્ પુરુષ પારકી સેવા કરે ? અને કદાચ કરે તો રાજાની જ કરે.

३६ नालक्ष्यं दक्षताजुषाम् । ८०६

ચતુર માણસોની આગળ કોઇ વાત છાની રહેતી નથી.

३७ नारीणामातुरत्वे हि न दूरे नयनोदकम् । ८२१

સ્ત્રીઓને કષ્ટના સમયમાં આંખમાં આંસુ આવતા વિલંબ થતો નથી.

३८ न कश्चिद् बलवान् विधेः । ८५३

વિધિ-કર્મથી કોઇ બળવાન્ નથી.

३९ इष्टे दृष्टे नवमिव दुःखं भवति देहिनाम् । ८७०

પ્રાણીઓનું જૂનું થઇ ગએલું દુઃખ, ઇષ્ટ માણસોને દેખવાથી તાજું થાય છે.

४० ........जीवन् हि, प्राणी भद्राणि पश्यति । ८७३

જીવતો માણસ કુશળ (શ્રેયઃ) ને જુવે છે.

४१ न स्त्रीपरिभवं कोऽपि, सहते........। ९८४

પોતાની સ્ત્રી પ્રત્યેના ઉપદ્રવ-પરાભવને કોઇ સહન કરી શકતો નથી.

४२ न ह्यनाख्यातरोगस्य रोगिणोऽपि चिकित्सितम् ।९८९

રોગીના, કોઇને કહેવામાં ન આવે તેવા રોગની ચિકિત્સા-ઔષધ-ઉપચારાદિ થતું નથી.

४३......अत्र* काले हि, स्वप्नः शीघ्रं फलप्रदः । १०२०

પ્રાતઃકાળનું સ્વપ્ન જલદી ફળ આપનાર થાય છે.

४४ भाग्ये हि विजयो नृणां पाणिपद्मे मरालति ।१०५७

ભાગ્યની વિદ્યમાનતામાં વિજય, મનુષ્યોના કર-કમળમાં હંસની માફક આચરણ કરે છે.

४५......स्नेहो हि, याति जन्मशतान्यपि । १०७३

ખરો સ્નેહ સેંકડો ભવ સુધી પણ સાથે જાય છે.

## सर्ग ४ थो.

१ पिता बाल्ये हि शासिता । १७

બાલ્યાવસ્થામાં, પિતા શિક્ષા-શિખામણ આપનાર હોય છે.

२ स्वयंवरे कन्यकानां प्रमाणं हि वृतो नरः । १८

કન્યાઓના સ્વયંવરમાં તેણે વરેલા વરને બધાયે માન્ય રાખવો પડે છે.

---

* प्रातःकाले ।

३ मुदे हि स्वो गुणाधिकः । ४०

ગુણે કરીને અધિક એવો પોતાનો માણસ આનંદને માટે થાય છે.

## सर्ग ७ मो.

१......सुतं सिंही, सौम्यं भद्रं च मन्यते ।

गजा एव हि जानन्ति तस्य क्रीडां शिशोरपि । ९०

સિંહણ પોતાના બચ્ચાને શાંત અને ભદ્રિક માને છે; પણ તે સિંહના બાળકની ક્રીડા તો હાથીઓજ જાણી શકે છે કે તે કેવું ક્રૂર છે.

२ परेषामेव शस्त्राणि स्वकानि स्युर्महात्मनाम् । ४५६

મહાત્મા-બળવાન પુરુષોને પારકાં શસ્ત્રો પણ પોતાનાં થાય છે.

## सर्ग ९ मो.

१ महतां प्रतिपन्नं हि यावज्जीवमपि स्थिरम् । २१७

મોટા પુરુષોએ સ્વીકાર કરેલી વાત યાવજ્જીવ સુધી સ્થિર રહે છે.

२ धवलैर्गीयते यत्तद् न सर्वं सत्यं......। २२१

ધવલ મંગળ ગીતોમાં જે ગવાય છે, તે બધું સત્ય હોતું નથી.

## सर्ग १० मो.

१ प्रविशन्ति वरं घोरे ज्वलितेऽपि हुताशने ।
वान्तं भोक्तुं न हीच्छन्ति कुले जाता अगन्धने। २८१

અગંધન કુળમાં ઉત્પન્ન થએલા.( સર્પો ), જળ-હળતી જ્વાળાવાળા ભયંકર અગ્નિમાં પ્રવેશ કરે છે, પણ વમેલા વિષને પાછું ચુસી લેવાને ઇચ્છતા નથી.

## सर्ग १२ मो.

१ सुप्त-प्रमत्त-भ्रूणर्षि-स्त्रीषु हि प्रहरेत कः ? । ६

સુતેલા, પ્રમાદી, બાળક, ઋષિ અને સ્ત્રી, આના ઉપર કોણ પ્રહાર કરે ?

**૧ પ્રમાણનયતત્વાલોક સટીક** ( ન્યાય )–વાદિ દેવસૂરિનો આ ગ્રંથ જૈનોમાં પ્રસિદ્ધ છે. આના ઉપર પં. રામગોપાલાચાર્યની છાત્રોને ઉપયોગી થાય તેવી ટીકા છે. પહેલી જ વાર તે ટીકા સાથે મૂળ ગ્રંથને મુનિ શ્રીહિમાંશુવિજયજીએ નવી પદ્ધતિએ સંશોધિત કર્યો છે. ખાસ કરી આની પ્રસ્તાવનામાં જૈન ન્યાય વિષે સારો પ્રકાશ પાડ્યો છે. મૂળ ગ્રંથકારના જીવન વિષે તથા ગ્રંથ વિષે જાણવા જેવી ઘણી બાબતો આમાં લખી છે.

કિંમત ૦–૧૪–૦

**૨ જૈની સપ્તપદાર્થી** ( ન્યાય ):–સંશોધક મુનિ શ્રીહિમાંશુવિજયજી. જૈન ન્યાયમાં પ્રવેશ કરવા માટે આ ગ્રંથ **તર્કસંગ્રહ**ની ગરજ સારે છે. આમાં જૈન પ્રમેય અને જૈન પ્રમાણોનું વર્ણન ટૂંકાણમાં સુંદર રીતે કર્યું છે. દરેક વિદ્યાર્થીઓને ભણવામાં સુલભ પડે તે માટે આમાં ચાર પરિશિષ્ટો ગુજરાતીમાં યોજ્યાં છે. પ્રસ્તાવનામાં ગ્રંથ અને ગ્રંથકારની આલોચના કરી છે. આના કર્તા શ્રી યશસ્વત્ સાગર ગણિ છે.

કિંમત ૦–૫–૦

પ્રાપ્તિસ્થાનઃ—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા**

છોટા સરાફા–ઉજ્જૈન (માલવા).

# पर्व ९ मो.

## सर्ग १ लो.

१ अपकारिष्वपि कृपा सतां किं नोपकारिषु ? । ७

અપકારી મનુષ્યો ઉપર પણ સજ્જન પુરુષોની કૃપા હોય છે, તો શું ઉપકારી ઉપર ન હોય ? હોયજ.

२ स्वर्गाय जायतेऽवश्यमप्येकाहकृतं तपः । १०

એક દિવસ પણ કરેલું સમ્યક્ તપ સ્વર્ગને આપનારું થાય છે.

३.......धर्महीनानां हीदृशी† गतिः । १९

અધર્મી જીવોની અવદશા થાય છે.

४ जनो हि जीवितव्यार्थी तन्नास्ति न करोति यत् । २५

જીવવાની ઇચ્છાવાળો માણસ, એવું કોઇ કૃત્ય નથી કે જેને તે ન કરે.

५ सहेत कः स्वदारेषु पारदारिकविप्लवम् ? । २७

પોતાની સ્ત્રીને વિષે જારના ઉપદ્રવને કોણ સહન કરી શકે ? ( કોઇ નહીં ).

† अकालमरणादिरूपा ।

६ ......भृगुपातेन वपुरेव हि शीर्यते।
शीर्यते नाशुभं कर्म जन्मान्तरशतार्जितम्। ५७

ભૃગુપાતથી ( પર્વત ઉપરથી પડીને મરવાથી ) શરીરનો જ નાશ થાય છે, પણ સેંકડો ભવોમાં ઉપાર્જન કરેલાં અશુભ કર્મોનો નાશ થતો નથી.

७ आदरेण गृहीतं हि किंवा न स्यान्मनस्विनाम्? । ६०

આદર પૂર્વક ગ્રહણ કરેલ ( વિદ્યા વગેરે ) બુદ્ધિશાળી પુરૂષોને શું સફળ નથી થતું ?

८ सम्भोगभूमयोऽपि स्युस्तपसे शान्तचेतसाम्। ६३

શાંતચિત્તવાળાઓ ( મુનિઓ ) ને, સંભોગનાં સ્થાનો પણ તપસ્યાનાં કારણભૂત થાય છે.

९ क्षीरपाणमिवाहीनामुपकारोऽसतां यतः। ६८

દુર્જન માણસો ઉપર કરેલો ઉપકાર, સર્પને દુધ પાવાની માફક હાની કર્તા થાય છે.

१० .......आपोऽपि, तप्यन्ते वह्नितापतः। ७०

( શીતસ્વભાવવાળું ) પાણી પણ અગ્નિના તાપથી ગરમ થાય છે. ( તેમ અત્યન્ત શાંત મુનિઓ પણ કદાચિત્ કારણવશથી ક્રોધાતુર થાય છે. )

११ उत्तिष्ठति यतो वह्निस्तत्र विध्यापयेत् सुधीः । ७४

બુદ્ધિમાન્ પુરુષ, જ્યાંથી અગ્નિ ઉત્પન્ન થયો હોય, ત્યાંથી ( મૂળમાંથી ) બુઝાવવાનો પ્રયત્ન કરે છે.

१२ चन्द्राश्माऽर्कांशुतप्तोऽपि नार्चिर्मुञ्चति जातुचित् ।७५

ચંદ્રાશ્મા ( ચંદ્રકાન્તમણિ ), સૂર્યના કિરણોથી તપી જાય તો પણ કદાપિ અગ્નિની જ્વાળા કાઢતો નથી.

१३ न स्यात् स्याच्चेच्चिरं न स्यात् चिरं चेत्तत्फलेऽन्यथा ।
खलस्नेह इव क्रोधः सतां............... । ७६

જેમ લુચ્ચા માણસ સાથે કરેલો સ્નેહ વધારે વાર ટકી શકતો નથી અને તે સ્નેહથી કાંઇ ફાયદો પણ થતો નથી તેમ સજ્જન પુરુષોને ક્રોધ થતો નથી; કદાચિત્ થાય તો સ્થિર રહેતો નથી અને કદાચ સ્થિર રહે તો પણ તે અનિષ્ટ ફળ આપવામાં વ્યર્થ નિવડે છે.

१४ भवादृशाः[†] समदृशो ह्यपकार्युपकारिषु । ७८

( મુનિમતંગજો ) ઉપકારી અને અપકારી બન્નેને વિષે સમદૃષ્ટિવાળા હોય છે.

---

† मुनिवर्याः ।

१५ शरीरं गत्वरमिदं ह्याहारेणापि पोषितम् ।
किमनेन शरीरेण किं वाऽऽहारेण योगिनाम् । ८४

સારા સારા આહારથી પણ પોષણ કરાએલું શરીર નષ્ટ થવાના સ્વભાવવાળું છે, માટે યોગી પુરુષોને આહારનું અથવા શરીરનું શું પ્રયોજન છે?

१६ अर्च्यान्नार्चति यः सोऽपि पापः किमुत हन्ति यः। ८७

પૂજનીય મહાત્માઓને જે પૂજે નહીં, તે પણ પાપી કહેવાય છે, તો પછી તેમને જે મારે તેની તો વાતજ શી કરવી?

१७ मान्यं हि गुरुशासनम् । ९३

મોટાઓની આજ્ઞા માન્ય હોય છે–કરવી જોઇએ.

१८ छलान्वेषी हि मन्मथः । ९६

કામદેવ હમેશાં છિદ્ર તપાસ્યા કરે છે, (લાગ ફાવે કે તુરતજ પોતાનું શાસન જમાવી દે છે).

१९ ...:आधिपत्यं हि, प्रायोऽन्धङ्करणं नृणाम् । ११८

અધિપતિપણું પ્રાય: મનુષ્યોને અંધ કરે છે.

२० दुर्वाराणीन्द्रियाणि हि । १२०

ઇન્દ્રિયો મુશ્કેલીથી વશ કરી શકાય તેવી છે.

२१ अहो ! सर्वङ्कषः स्मरः । १२१

કામદેવ, તમામ ગુણોને મૂળથી ઉખેડી નાંખે છે.

२२ सत्यो हि विरलाः स्त्रियः । १२४

સ્ત્રિઓ કોઇક જ સતી હોય છે.

२३ पोषकस्यापि नात्मीयो मार्जार इव दुर्जनः । १२६

બિલાડાની પેઠે દુર્જન પોતાના પોષકનો પણ અંગત થતો નથી.

२४ तिर्यञ्चोऽपि हि रक्षन्ति पुत्रान् प्राणानिवात्मनः। १२

તિર્યંચ (પશુઓ) પણ પોતાના પુત્રોની જીવની માફક રક્ષા કરે છે.

२५ धीमद्भ्यः को न शङ्कते ? । १४८

બુદ્ધિમાન્ મનુષ્યોથી કોણ શંકાશીલ ન રહે ?

२६ कुतो निद्रा महात्मनाम् ? । १६०

મોટા પુરુષોને ( ઘણી ) નિદ્રા ક્યાંથી હોય ?

२७ प्रायस्तेजोऽनुमानेन जायन्ते प्रतिपत्तयः । १७९

પ્રાયઃ જેવું તેજ (આકૃતિ), *તેવો આદર-સત્કાર થાય છે.

२८ भोगिनामुपतिष्ठन्ते भोगाः काममचिन्तिताः। १८५

(પુણ્યશાળી એવા) ભોગી પુરુષોને અણધાર્યા ઘણા ભોગો આવી મળે છે.

२९ तापसा ह्यतिथिप्रियाः । १९५

તાપસોને મહેમાન પ્રિય હોય છે.

३०.......प्रायेण, गोप्यं न खलु तादृशाम्† । १९८

પ્રાયઃ સજ્જન પુરુષોની પાસે કાંઇ છુપાવવા લાયક હોતું નથી.

३१ श्रेष्ठो हि क्षत्रियेष्वेष*निर्मन्त्रोऽपि सकामयोः। २३४

ક્ષત્રિયોમાં, અરસપરસ રાગી સ્ત્રી-પુરુષોનો, મંત્ર વિનાનો પણ ગાંધર્વ વિવાહ શ્રેષ્ઠ મનાય છે.

---

† सतां समीपे । * गान्धर्वविवाहः ।

३२ अन्यथा चिन्तितं कार्यं दैवं घटयतेऽन्यथा। २३९

એક રીતે ચિન્તવેલા કાર્યને દૈવ ( ભાગ્ય ) વિપરીતપણે બનાવે છે. અર્થાત્ ધાર્યું હોય કાંઇ અને બને છે કાંઇ.

३३ नवीभवन्ति दुःखानि संजाते हीष्टदर्शने। २७१

વહાલાં માણસોનો મેળાપ થવાથી જૂનાં દુઃખો નવાં થાય છે.

३४ ......निम्नानां, छद्मबाह्यं कुतो जयः ?। ३१२

નીચ માણસોને કપટ વિના જય ક્યાંથી મળે ?

३५ हन्त! प्रहारिणि हरौ हरिणानां कुतः स्थितिः?। ३४६

જ્યાં સિંહ પ્રહાર કરવાવાળો હોય, ત્યાં હરિણોની વિદ્યમાનતા ક્યાંથી હોય ?

३६ यान्ति नाथमपृष्ट्वापि नाथकार्याय मन्त्रिणः। ३५४

મંત્રિઓ, સ્વામીના કાર્યને માટે તેમને પુછ્યા વિના પણ ક્યારેક જાય છે.

३७ स्वामिभक्तिप्रभावो हि भृत्यानां कवचायते। ३५५

સ્વામીની ભક્તિનો પ્રભાવ, નોકરોને માટે બખ્તરનું કામ કરે છે.

३८ .......दविष्ठं हि, वाजिनां मरुतां च किम्?। ३५७

ઘોડાઓને ને પવનને ઘણું દૂર શું છે? કાંઈજ નહિ. જ્યાં ધારે ત્યાં જલ્દી પહોંચી જાય છે.

३९ अज्ञाता अपि पूज्यन्ते महान्तो मूर्त्तिदर्शनात्। ३५८

અજાણ્યા હોવા છતાં પણ મહાપુરુષો, તેમની મૂર્તિ ( આકૃતિ ) નાં દર્શનથી પૂજાય છે.

४० बुद्धिः कर्मानुसारिणी। ३८५

બુદ્ધિ, ભાગ્ય( કર્મ )ને અનુસરનારી હોય છે.

४१ भोगी हि भाजनं स्त्रीणां सरितामिव सागरः। ३९२

જેમ નદીઓને મળવાનું સ્થાન સમુદ્ર છે, તેમ સ્ત્રીઓનું પાત્ર ભોગીપુરુષ છે. ( અર્થાત્ પુણ્યશાળી ભોગી પુરુષો જ્યાં જાય ત્યાં તેમને સ્ત્રીઓ વરવા ચાહે છે. )

४२ ......धनिनां, सर्वमीषत्करं यतः । ४००

धनवान पुरुषोने बधुं काम मुश्केली वि-नानुं छे.

૪૩ कुतः कृतनिदानानां बोधिबीजसमागमः ? । ५०९

જેણે નિયાણું કરેલું હોય તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ ક્યાંથી હોય ?

४४ कालदष्टाहिना दष्टे कियत्तिष्ठन्ति मान्त्रिकाः ? । ५१०

કાલપ્રેરિત સર્પના ડસ્યા પછી, મંત્રવાદીઓ ક્યાં સુધી ઠેરે ? અર્થાત્ ત્યાં મંત્રવાદીઓનું શું ચાલે ?

४५ आपो नार्यश्च नीचगाः । ५२६

પાણીનો પ્રવાહ અને સ્ત્રીઓ નીચે નીચે જવા-વાળી હોય છે. અર્થાત્ કેટલીક કુલટા સ્ત્રીઓ નીચ પુરુષમાં ગમન કરનારી હોય છે.

४६ ...............योषितः खलु मायया ।

अपरं दूषयित्वाऽपि स्वदोषं छादयन्ति हि । ५४५

સ્ત્રીઓ કપટવડે બીજાઓને દૂષિત કરીને પણ પોતાના દોષોને ઢાંકે છે.

४७ मायिन्यः खलु योषितः । ५४६

ઘણે ભાગે સ્ત્રીઓ કપટી હોય છે.

४८ गतयो भिन्नमार्गा हि कर्माधीनाः शरीरिणाम् । ५६७

પ્રાણીઓની કર્મને લીધે ગતિઓ ભિન્ન ભિન્ન હોય છે.

४९ पशुवत् पशुपाला हि न विमृश्य विधायिनः । ५८२

પશુઓની માફક પશુઓનું પાલન કરનારા ગોવાળીયા વગેરે પણ વિચારીને કામ કરવાવાળા હોતા નથી.

५० नाज्ञा लङ्घ्या विधेः खलु । ५८३

વિધિ ( કર્મ ) ની આજ્ઞા નિશ્ચયે કરીને ઉલંઘન કરી શકાતી નથી.

५१ अशुभं वा शुभं वाऽपि सर्वं हि महतां महत् । ५९६

મોટાઓનું શુભ કે અશુભ–સારું કે ખોટું બધુંયે મોટું હોય છે.

## सर्ग २ जो.

१ विपन्ने पितरि प्रायो ज्यायान् पुत्रो धुरन्धरः । १७

પિતાનું મરણ થયા પછી પ્રાયે કરીને મોટો પુત્ર ઘરના ભારને વહન કરનારો થાય છે.

२ भारोद्धाराय पाल्यन्ते रथ्या इव सुताः परम् । १६५

ઘોડાઓની માફક ઘરનો ભાર ઉપાડી લે તેટલા માટે પુત્રોનું પાલન કરવામાં આવે છે.

३ ......कुलीनानां, गुर्वाज्ञा हि बलीयसी । १६८

કુલવાન પુત્રોને માટે મોટા પુરુષોની આજ્ઞા સર્વથા માન્ય હોય છે.

४ जैनर्षयो महात्मानो भाषन्ते न मृषा क्वचित् । २५३

જૈન મુનિઓ–મહાત્માઓ કદાપિ જુઠું બોલતા નથી.

## सर्ग ३ जो.

१ विज्ञीप्सवो हि विज्ञाप्याः सर्वेऽपि न्यायिभिर्नृपैः ५५

ન્યાયી રાજાઓએ અરજ કરવા ઇચ્છનારા બધાઓને અરજ કરવા દેવી જોઇએ. અર્થાત્ બધાઓની અરજને સાંભળવી જોઇએ.

२ फलप्राप्त्यनुसारेण प्रायेण हि मनोरथः । ९०

પ્રાયઃ કરીને જેવું ફળ મળવાનું હોય તેને અનુરૂપ ઇચ્છા થાય છે.

## सर्ग ४ थो.

१ किं स्वल्पाम्भःसंभविनो दुग्धे स्युः पूतराः क्वचित्? ११

થોડા પાણીમાં ઉત્પન્ન થવાવાળાં પુરાં શું કોઇ ઠેકાણે દુધમાં ઉત્પન્ન થઇ શકે? કદાપિ ન થઇ શકે.

२ गिरौ वर्षति पर्जन्यो लक्ष्मीः श्रयति निर्गुणम् । १३

વરસાદ પર્વત ઉપર વરસે છે અને લક્ષ્મી ગુણ રહિત માણસને ત્યાં જઇને વસે છે.

३ फलदो ह्युद्यमो नृणाम् । २१

ઉદ્યમ મનુષ્યોને ફળ આપનાર નિવડે છે.

४ दुःखितो दुःखितानां हि पीडां जानाति मानसीम् १२७

જે દુઃખી હોય તે જ દુઃખી જીવોની મનની પીડાને જાણી શકે છે.

५ कष्टः पाको हि कर्मणः । २९३

અશુભ કર્મના ફળનો ઉદય કષ્ટદાયક છે.

# पर्व १०. मुं.

## सर्ग १ लो.

१ सुखसाध्ये ह्यनुष्ठाने प्रायो लोकः प्रवर्तते ।　　७४

સુખપૂર્વક થઈ શકે તેવી ક્રિયાઓની અંદર પ્રાયઃ લોકો પ્રવર્તે છે.

२ भवो ह्यनन्तीभवति स्वकर्मपरिणामतः ।　　८५

પોતાના અશુભ કર્મના પરિણામથી સંસાર પરિભ્રમણ અનંત વધીને-છેડા વિનાનું પણ થઇ શકે છે.

३ बलीयः कर्म नाम हि ।　　११७

કર્મ બલવાન છે.

४ अज्ञानजाद् दुर्विनयान्न कुप्यन्ति महाशयाः। १३३

અજાણપણામાં થએલા અવિનયથી મોટા પુરુષો કોપાયમાન થતા નથી.

## सर्ग २ जो.

१ प्राज्यं कर्मान्यथा कर्तुं यद्वाऽर्हन्तोऽपि नेशते । ११

ઘણાં ( નિકાચિત ) કર્મને નિષ્ફળ કરવાને માટે તીર્થંકર ભગવન્તો પણ સમર્થ થતા નથી.

२ गुरूणां किल संसर्गाद् गौरवं स्याल्लघोरपि । ६९

મોટા પુરુષોના સંસર્ગથી નાના માણસો પણ મોટાઈ મેળવી શકે છે.

३ अर्हज्जन्म हि मोक्षाय भवभाजां भवादपि । ९१

અરિહન્ત ભગવાનનો જન્મ, પ્રાણિઓને સંસારથી પણ મુકાવનાર થાય છે.

४ राज्ञां हि वचसाऽर्थः स्यान्मनसा द्युसदामिव । १७६

જેમ દેવતાઓનું કાર્ય, મનમાં સંકલ્પ કરવાથી સિદ્ધ થાય છે, તેમ રાજાઓનું કાર્ય વચનથી-આજ્ઞા કરવાથી સિદ્ધ થાય છે.

## सर्ग ३ जो.

१ नापेक्षाञ्चक्रिरेऽर्हन्तः परसाहायिकं क्वचित् । २९

તીર્થંકર ભગવંતો અન્યની સહાયની અપેક્ષા કદાપિ કરતા નથી.

२ स्वामिधर्मो ह्ययं* खलु । ८६

सेवकनुं જીવન પર્યંત પાલન કરવું એ સ્વામીઓનો ખાસ ધર્મ–કર્ત્તવ્ય છે.

३ कोपः प्रणामावधिको महतां हि महानपि । १०३

મહાપુરુષોનો ઘણો (તીવ્ર) ક્રોધ પણ પ્રણામ સુધીજ રહે છે, અર્થાત્ પ્રણામ કરવાથી તુરત શાંત થઈ જાય છે.

४..........रम्या, स्यादर्धकथिता कथा। २०६

અરધી કહેલી વાર્તા ઘણી પ્રિય લાગે છે.

५ धिक् प्रतिष्ठाच्युतं नरम् । २४

જેની પ્રતિષ્ઠા–આબરૂ નષ્ટ થઈ હોય, એવા માણસને ધિક્કાર છે.

६ पूज्यः सर्वत्र पूज्यते । २१५

પૂજનીય માણસ ( જ્યાં જાય ત્યાં ) બધે ઠેકાણે પૂજાય છે.

---

* आजीवितान्तपालनस्वरूपः ।

७ स्वदर्यामेव शौर्यं हि गोमायोर्न पुनर्बहिः । २१६

શીયાળનું પરાક્રમ પોતાની ગુફામાં જ હોય છે. પરંતુ બહાર હોતું નથી.

८ सुवर्णेनापि किं तेन कर्णच्छेदो भवेद्यतः ? । २२८

જેનાથી કાન કપાય તેવા સોના વડે કરીને પણ શું ?

९ क्रोधस्तीव्रानुबन्धो हि सह याति भवान्तरे । २४७

તીવ્ર પરિણામવાળો ક્રોધ, ભવાન્તરમાં સાથે જાય છે.

१० महानपि मरुन्मेरुं किं कम्पयितुमीश्वरः ? । २५८

મોટો પણ પવન ( વંટોળીઓ ) શું મેરુ પર્વતને કંપાવવાને સમર્થ થાય છે ?

११ परेषामुपकाराय महतां हि प्रवृत्तयः । २७०

મહાત્મા પુરુષોની પ્રવૃત્તિઓ બીજાઓના ઉપકારને માટે હોય છે.

१२ वैरं हि ऋणवत् पुंसां जन्मान्तरशतानुगम् । २९८

કરજની માફક મનુષ્યોનું વેર પણ સેંકડો ભવો સુધી સાથે ચાલ્યું આવે છે.

१३ गोपानां स्नेह ईदृशः† । ३१६

ગોવાળીઆઓનો પ્રેમ, ઉપકારનો બદલો આપવામાં તત્પરતાવાળો હોય છે.

१४ स्नेहे ह्यद्वैतमानिता । ३२६

સ્નેહ હોય ત્યાં જુદાપણું મનાતું નથી.

१५ सेव्यस्य सेवाऽवसरः पुण्येनैव हि लभ्यते । ३५१

પૂજ્યની સેવા કરવાનો અવસર પુણ્યના ઉદયથીજ પમાય છે.

१६ नैकहस्ता हि तालिका । ४१०

એક હાથે તાળી પડતી નથી.

१७ महान्तः क्व न वत्सलाः ? । ४१२

મહાપુરુષો કોને વિષે વાત્સલ્યવાળા નથી હોતા ?

१८ शुभध्यानं हि कामधुक् । ४६९

શુભ ધ્યાન, કામધેનુ સમાન છે.

† प्रत्युपकारपरायणः ।

१९ क्केदृशां× देवदर्शनम् ?।　　　　　　　　　　४७१

અભાગીયા જીવોને દેવોનું દર્શન ક્યાંથી થાય?

२०...........वाचंयमा हि बधिरा इव ।　　　　　　४७९

( મૌન ધારણ કરવાવાળા ) મુનિઓ, ( પરદોષ-નિંદા સાંભળવામાં બહેરાના જેવું આચરણ કરે છે.

२१ महान्तो हि न कुप्यन्ति ।　　　　　　　　　४८६

મોટા પુરુષો કોપાયમાન થતા નથી.

२२ जन्मसारं हि भोजनम् ।　　　　　　　　　५०६

જન્મ પામ્યાનું ફળ ભોજન જ છે. ( આ પ્રમાણે ભવાભિનંદી જીવો કહે છે. )

२३ प्राणात्ययेऽपि जन्तूनां प्रकृतिः खलु दुस्त्यजा ?। ५३६

પ્રાણનો નાશ થાય તો પણ પ્રાણિઓની પ્રકૃતિ જતી નથી.

---

× हीनपुण्यानाम् ।

२४ भृत्यानामपराधे हि भर्तुर्दण्ड इति स्थितिः । ५३८

નોકરોના અપરાધમાં સ્વામીનો દંડ થાય, એવો લોક વ્યવહાર છે.

२५ जय्यं महद् द्विषच्चक्रं विना न खलु सैनिकैः । ५५४

સૈન્યની સહાય વિના શત્રુનું મોટું સૈન્ય જીતી શકાતું નથી.

२६ यदग्निः शुष्कसम्पर्काद् दहत्यार्द्रमपि क्षणात् । ५८९

અગ્નિ સૂકાં લાકડાંના સંબંધથી લીલાને પણ જલદી બાળી નાખે છે.

## सर्ग ४ थो.

१ स्वौजःफलं हि गृह्णन्ति संसार सुखगृध्नवः । ६४

સંસારના સુખમાં આસક્ત પુરુષો પોતાના પરાક્રમનું ફળ ગ્રહણ કરે છે.

२ सर्वस्यापि हि लोकस्य न प्राणेभ्योऽपरं प्रियम् । ८२

તમામ મનુષ્યોને પ્રાણથી વધારે કોઈ ચીજ પ્રિય હોતી નથી.

३ अन्यपुत्रोऽप्यपुत्राणां भवत्यत्यन्तवल्लभः । ८४

અપુત્રીયા માણસોને બીજાનો પુત્ર પણ અત્યંત વહાલો લાગે છે.

४ अज्ञा हि पशुवज्जनाः । ९१

અજ્ઞાની માણસો પશુ જેવા હોય છે.

५ यन्त्रेऽपि बहुशः क्षिप्तं श्वपुच्छमनृजूभवेत् । ११६

કુતરાની પુંછડી વારંવાર યંત્રમાં દબાવી રાખી હોય તો પણ સીધી થતી નથી.

६ अत्यन्तघृष्टाद् दहनश्चन्दनादपि जायते । ११६

અત્યન્ત ઘસવાથી સુખડથી પણ અગ્નિ ઉત્પન્ન થાય છે.

७ पुंसां समानशीलानां सद्यो भवति सौहृदम् । १३६

સમાન આચારવાળા માણસોને અરસ્પરસ જલદી મિત્રાચારી થાય છે.

८ भवादपि हि मुच्यन्ते भव्याः स्वामिप्रसादतः† । १५९

તીર્થંકર ભગવાનની કૃપાથી ભવ્ય પ્રાણીઓ સંસારથી પણ મુક્ત થાય છે.

९ कुलाचलश्चलति किं गजैः परिणतैरपि ? । १९२

દંતૂશળથી પ્રહારો કરવામાં તત્પર થયેલા હાથીઓથી પણ મોટા પર્વતો ચલાયમાન થાય છે શું ?

१० नाकृत्यान्तो दुरात्मनाम् । १९५

દુષ્ટમનુષ્યો—દુર્જનોનાં અકૃત્યો—અકાર્યોનો અંત હોતો નથી.

११ किञ्चिन्मात्रं हि* तद् युक्तं मरणान्तं न युज्यते । २७८

થોડી ઉપેક્ષા કરવી તે ઠીક છે, પણ મરણાન્ત કષ્ટ સુધી ઉપેક્ષા કરવી તે તો યોગ્ય નજ ગણાય.

१२ अर्हन्तो नान्यसाहाय्यात् तप्यन्ते तपः .... । ३१२

તીર્થંકરો બીજાની સહાયતાથી તપ કરતા નથી.

१३ मोक्षाय दर्शनमपि किं पुनः पारणं प्रभोः ? । ३५५

† तीर्थंकरप्रसादात् । * उपेक्षणम् ।

ભગવાનનું દર્શન પણ મોક્ષ આપનારું થાય છે, તો પછી ભગવાનને પારણું કરાવવાના ( આહાર આપવાના ) લાભની તો વાતજ શી કરવી ?

**१४ गजशारीनिविष्टः किं काकोलो रथिकीभवेत् ? । ३९३**

હાથીના બખ્તર ( ઉપર બાંધવાની દોરી ) ઉપર બેસવાથી કાગડો શું તેનો માવત અથવા યોદ્ધો થઇ શકે ?

**१५........उदिते ह्यर्के, न तेजांसि तमांसि च । ३९४**

સૂર્યનો ઉદય થયે છતે (ચંદ્ર આદિનાં) બીજાં તેજ અને અંધકાર પણ રહેતો નથી.

**१६ पुण्याधीनो हि विभवः ।** ३९६

વિભૂતિ–વૈભવ પુણ્યને આધીન છે.

**१७ प्रत्याकारे यदेकस्मिन् युगपन्न ह्यसिद्वयम् । ४००**

એક મ્યાનમાં એક સાથે બે તરવાર રહેતી નથી.

**१८ कार्यगतिर्विषमा च ।** ४०३

કાર્યની ગતિ વિષમ છે.

१९ बलीयसाऽवरुद्धानां त्राणं नान्यत् पलायनात्। ५१७

બલવાન પુરુષથી ઘેરાયેલાઓનું ભાગવા શિવાય બીજું કોઇ રક્ષણ નથી.

२० विपद्यपि हि नार्हन्तः परोपद्रवकारिणः।　　६४५

તીર્થંકરો, કષ્ટને સમયે પણ બીજાઓને ઉપદ્રવ-દુઃખ કરવાવાળા થતા નથી.

## सर्ग ५ मो.

१ देशाऽऽचारो हि न ह्रियै।　　५४

દેશાચાર લજ્જાને માટે થતો નથી.

२ पञ्चाननस्य न ह्यग्रे भवत्यन्यः पराक्रमी।　　६८

સિંહની પાસે બીજો કોઇ પરાક્રમી હોઇ શકતો નથી.

३ माया जैत्री त्वमायिषु।　　९६

માયા, સરલ મનુષ્યોને જીતવાવાળી થાય છે.

## सर्ग ६ ठ्ठो.

१..........तपोवृद्धौ, हृष्यन्ति हि महर्षयः। ३२

तपनी वृद्धि थाय तेमां महामुनिओ खुशी थाय छे.

२ प्रायः पापनिवासानां पापमेवातिथीयते। ३४

प्रायः पापमां डूबेला प्राणीओने पाप ज आव्या करे छे.

३ अदातुर्हि प्रियाऽऽलापोऽन्यत्र लाभान्तरायकृत्। ३५

दान नहि देनार माणसनो (याचकने आशामां लटकाववारूप) प्रियालाप, याचकने बीजेथी लाभ थवानो होय तेमां विघ्न करनार थई पडे छे.

४ अर्हदाराधनैवैका सर्वकार्येषु कामधुक्। ६०

जिनेश्वर भगवाननी एकली आराधना ज सर्व-कार्यमां कामधेनु तुल्य छे.

५..........अपुत्रायाः, नान्यद् इष्टमतःपरम् †। ७५

वांझणीने पुत्रथी वधारे बीजुं कांई इष्ट नथी.

† पुत्रादन्यत्।

६ नान्यथा भवितव्यता । ८०

હોનહાર મિથ્યા થતું નથી.-

७ बलिष्ठा भवितव्यता । ८६

ભાવિભાવ બળવાન છે.

८ बुद्धिसाध्येषु कार्येषु कुर्युरूर्जस्विनोऽपि किम् ? । १०१

બુદ્ધિથી સિદ્ધ થવાવાળાં કાર્યોમાં, મનુષ્યો પરાક્રમી હોય તો પણ તેઓ શું કરી શકે ?

९............किं हि, दुःसाध्यं सुधियां धियः ? । १०३

બુદ્ધિમાન્ પુરુષોની બુદ્ધિની પાસે કયું કાર્ય અસાધ્ય-ન થઇ શકે તેવું છે ?

१०............अग्निर्हि, न स्वः कस्यापि विप्रवत् । १०७

બ્રાહ્મણની માફક અગ્નિ, કોઇનો પણ અંગત ( કદિ નુકશાન નજ કરે-એવો ) થતો નથી.

११ पुण्यपुंसां विदेशेऽपि सहचर्यो ननु श्रियः । १२४

પુણ્યશાળી પુરુષોને વિદેશને વિષે પણ લક્ષ્મી સહચરી-સાથે ચાલનારી થાય છે.

१२ समये मुखरागो हि नृणामाख्याति पौरुषम् । १६१

મુખનો રંગ-મુખની કાંતિ પણ અવસરે મનુષ્યો-ના પુરુષાર્થને જણાવે છે.

१३ धीमद्भिः सुप्रयुक्तस्य किमुपायस्य दुष्करम् ?। १६६

બુદ્ધિશાળી પુરુષોએ સારી રીતે યોજેલા ઉપાયની પાસે કયું કાર્ય દુષ્કર છે?

१४ बन्धुरज्ञायमानोऽपि दृष्टो मोदयते मनः । १६८

ઓળખ્યા વિનાનો પણ દેખવામાં આવેલો કુટુંબી મનુષ્ય, મનને ખુશી કરે છે.

१५ न कन्याप्रार्थनं जातु लज्जायै महतामपि । २२५

કન્યાની માગણી કરવી તે મોટા પુરુષોને પણ કદાપિ લજ્જાને માટે થતી નથી.

१६ पत्युः क्षेमाऽऽकाङ्क्षिणीनां किं पुत्रेणापरेण वा ?। ३०३

પતિના હિતને ઇચ્છવાવાળી મહાસતીઓને પુત્ર અને તેવી બીજી ચીજોનું શું પ્રયોજન છે?

१७ मायिभिः को न वञ्च्यते ।　　　　　　　　　　　　३२८

કપટી પુરુષોથી કોણ નથી ઠગાતું ?

१८........कौतुकिनः, सेनाङ्गेषु हि भूभुजः ।　　　　३४६

રાજાઓ સેનાના અંગો-હાથી-ઘોડા-રથ વગેરેમાં કૌતુકવાળા હોય છે.

१९ किमसाध्यं मनुष्याणामभेद्यमिव पाथसाम् । ? ३४७

જેમ પાણીના પુરને કાંઇ પણ ન-ભેદાય ન તોડાય તેવું નથી; તેમ મનુષ્યોને માટે પણ કયુ કાર્ય અસાધ્ય છે ?

२० सर्वत्र विभवाः पूज्याः ।　　　　　　　　　　　　३९०

બધે સ્થળે વૈભવ પૂજાય છે.

२१ नाकाले फलति क्रिया ।　　　　　　　　　　　　४११

ક્રિયા, સમયનો પરિપાક થયા વિના-અકાળે ફળતી નથી.

२२ नालं भोग्यफलं कर्माऽभुक्त्वा क्षेप्तुं जिना अपि । ४२२

ભોગ્ય ફળવાળા કર્મને ( જેનું ભોગ્ય ફળ બાકી છે એવા કર્મને ) દૂર કરવાને માટે જિનેશ્વરો પણ સમર્થ નથી.

## सर्ग ७ मो.

१ दासीव वश्या प्रायेण निद्रा ह्यक्षुद्रचेतसाम् । २२

ઉદાર દિલવાળા—મોટા પુરુષોને નિદ્રા પ્રાયઃ કરીને દાસીની માફક વશ હોય છે.

२ नदीपूर इवासह्यः कोपो हि प्रथमं प्रभोः ।　३१

નદીના પૂરની માફક સ્વામી—રાજાનો પહેલો ક્રોધ અસહ્ય હોય છે.

३ कालक्षेपाद् यदि पुनः प्रभोः कोपो निवर्तते । ३२

( પરન્તુ ) સ્વામીનો ક્રોધ સમય વ્યતીત થવાથી શાંત થઈ જાય છે.

४ अधिकाः किङ्करेभ्योऽपि वाग्बद्धा देवयोनयः । ६२

વચનથી બંધાયેલા દેવો, નોકરો કરતાં પણ વધારે કામ કરે છે.

५ गुरौ विनयभाजां हि विद्या स्फुरति नान्यथा । १२२

ગુરુને વિષે વિનયવાળા મનુષ્યોને જ વિદ્યા ચડે છે. તેથી વિપરીત આચરણવાળાને વિદ્યા સ્ફુરાયમાન થતી નથી—ચડતી નથી.

६ नीचादप्युत्तमां विद्यां गृह्णीयात् प्रथितं ह्यदः। १२४

આ વાત પ્રસિદ્ધ છે કે નીચ મનુષ્યો પાસેથી પણ ઉત્તમ વિદ્યાઓ ગ્રહણ કરવી.

७........कर्म, बलीयः कीदृगौषधम् ? । १४६

કર્મ બળવાન છે, તેની પાસે ઔષધ શા હિસાબમાં છે?

८ किं नाश्रौषीरुपादेयं स्त्रीरत्नं दुष्कुलादपि ? । १६९

શું તેં નથી સાંભળ્યું ? કે-હલકાં કુળમાંથી પણ સ્ત્રીરત્ન ગ્રહણ કરવું ?

९........स ह्याप्तो, योऽग्रेगूर्धर्मवर्त्मनि । २०६

જે ધર્મના માર્ગમાં અગ્રેસર હોય તે આપ્ત શ્રેષ્ઠ કહેવાય છે.

१० मर्यादां पालयन्नब्धिरपि पृथ्वीं न लुम्पति। २२९

મર્યાદાને પાળનારો સમુદ્ર પણ પૃથ્વીનો લોપ કરતો નથી.

११ अवश्यमेव भोक्तव्यं भोग्यं तीर्थकृतामपि। २५८

तीर्थंकर भगवानोने पण भोगावळी †कर्म बाकी होय ते अवश्य भोगववां ज पडे छे.

१२ भोजनेनापि किं तेन यद् भुक्तमपि वम्यते ?। २५९

ते भोजन करवाथी शुं ? के जे खाधेलुं भोजन पण वमी नाखवुं पडे.

२७१ ×आस्थाऽन्यत्रापि न प्रायः सापायेषु तु का कथा ?।

महा मुनिओनी प्रायः सारां स्थानोमां पण लांबो काळ रहेवानी इच्छा होती नथी, तो दोषवाळां स्थानोनी तो वातज शी ?

१४....भावी नान्यथा ।　　　　　　　　　　　　२९३

भावीभाव अन्यथा थतो नथी.

## सर्ग ८ मो.

१ शिष्याः कुर्वन्ति गुर्वाज्ञां राजाज्ञामिव सेवकाः। ४४

जेम सेवको राजानी आज्ञाने पाळे छे, तेम शिष्यो गुरुनी आज्ञानुं पालन करे छे.

---

† कर्म । × महर्षीणाम् ।

२ कुर्वन्ति विक्रमासाध्यं साध्यं बुद्ध्यैव धीधनाः। १४८

બુદ્ધિશાળી પુરુષો, પરાક્રમથી સિદ્ધ ન થાય તેવાં કાર્યોને પણ બુદ્ધિવડે કરીને સિદ્ધ કરે છે.

३ बलीयसोऽनुसरणं, नीतिः..................। १६८

બળવાન પુરુષનું અનુસરણ કરવું-તેનો આશ્રય લેવો, એ નીતિ છે,

४ किं किं करोति न पुमानाशापाशवशीकृतः ?। १८०

આશાથી બંધાયેલો માણસ શું શું કામ નથી કરતો ?

५ लाभाल्लोभो हि वर्धते ।　　　　　　　　३८६

લાભથી લોભ વધે છે.

६ सन्तः शत्रौ परस्यापि मात्सर्यं नहि बिभ्रति। ४३३

સન્ત પુરુષો પોતાના શત્રુની શક્તિને વિષે પણ ઈર્ષ્યા કરતા નથી.

७ भूभुजां युज्यते दुष्टनिग्रहः साधुपालनम् ।    ४८४

દુષ્ટોને શિક્ષા કરવી અને સાધુઓનું-સજ્જનોનું પાલન કરવું, એ રાજાઓનું મુખ્ય કર્તવ્ય છે.

८ न ह्यापदा तीर्थकृतो विपद्यन्ते कदाचन ।    ५४७

તીર્થંકરો કદાપિ પીડાથી મરણ પામતા નથી.

## सर्ग ९ मो.

१ देवा ह्यन्तेऽल्पतेजसः ।    ५६

દેવો, અન્ત અવસ્થામાં હીન કાન્તિવાળા થાય છે.

२ कलाग्राह्या यदीश्वराः ।    ७२

ધનાઢયો કળા-કૌશલ્યથી પ્રસન્ન થાય છે.

३ पृथिव्यां पार्थिवादन्यो न कश्चित् कल्पपादपः । ७३

પૃથ્વી ઉપર રાજા સિવાય બીજું કોઇ કલ્પવૃક્ષ નથી.

४ अचिन्तिततडित्पाते को वीक्षितुमपि क्षमः ?। ८२

અણધારી વિજળી પડતાં તેને જોવાને માટે પણ કોણ સમર્થ થાય ?

५ पर्यालोचपदं नान्यो गृहिणां गृहिणीं विना। ८५

ગૃહસ્થોને પોતાની સ્ત્રી વિના બીજું કોઇ વિચાર કરવાનું સ્થાન નથી.

६ मदाय विभवः खलु। ८७

વૈભવ મદને માટે થાય છે.

७ करकोऽब्धिमपि प्राप्य गृह्णात्यात्मोचितं पयः। ८९

સમુદ્રને પ્રાપ્ત કરીને પણ ઘડો પોતાના જેટલુંજ પાણી લે છે.

८ पुंसां राजप्रसादो हि वितनोति महाऽर्थताम्। ९०

રાજાઓની મહેરબાની, મનુષ્યોને ઘણું દ્રવ્ય આપનાર અથવા મોટા કાર્યની સિદ્ધિ કરનાર થાય છે.

९ यस्य प्रसन्नो नृपतिस्तस्य कः स्यान्न सेवकः ?। ९१

જેના ઉપર રાજા પ્રસન્ન થાય, તેનો કોણ સેવક ન થાય ?

१० न्यङ्गितप्रतिमायां हि स्थाप्यते प्रतिमाऽन्तरम्। ९७

ખંડિત પ્રતિમાના સ્થાનમાં બીજી પ્રતિમા સ્થાપન કરાય છે.

११ पुंसां वपुर्विशेषोत्थः शृङ्गारो जन्मभूमिषु । ११४

જન્મભૂમિમાં મનુષ્યોને પોતાના શરીરને અનુરૂપ કરેલો શણગાર શોભા આપનારો થાય છે–શોભા આપે છે.

१२ सर्वसाधारिणी गङ्गा नहि कस्यापि पैतृकी । १२९

ગંગા નદી સર્વને માટે સાધારણ છે, કોઇના બાપની નથી.

१३ भावना हि फलत्येव विनाऽनुष्ठानमप्यहो !। १३१

આશ્ચર્ય છે કે ક્રિયાકાંડ કર્યા વિના પણ, ભાવના ૬૮ ફળીભૂત થાય છેજ.

१४ अनभ्रवृष्टिवल्लाभो महतां स्यादचिन्तितः । १५७

વાદળાં વગરની અણધારી વૃષ્ટિની માફક મોટા પુરુષોને અણધાર્યો લાભ થાય છે.

१५ नान्यथा भगवद्गिरः । १६५

તીર્થંકર ભગવાનની વાણી ખોટી પડતી નથી.

१६ प्रव्रज्या दुष्करा खलु । २१२

દીક્ષા પાળવી ઘણી જ મુશ્કેલ છે.

१७ शुभध्यानं हि परमपुरुषार्थनिबंधनम् । २३८

શુભધ્યાન, એ પરમ પુરુષાર્થ-મોક્ષનું કારણ છે.

## सर्ग १० मो.

१ वचसा भूभुजां सिद्धिर्मनसेव दिवौकसाम् । ११

જેમ દેવતાઓના કાર્યની સિદ્ધિ મનમાં સંકલ્પ કરવા માત્રથી થાય છે. તેમ રાજાઓના કાર્યની સિદ્ધિ વચનવડે કરીને થાય છે.

२ अनुरूपा ह्यसौ* रोरबालानां मृदुजीविका। ५९

વાછરડાં ચારવાની કોમળ આજીવિકા, ગરીબ લોકોનાં બાળકોને અનુરૂપ-યોગ્ય ગણાય છે.

३ श्रीमतां किं न सिध्यति ?। ११४

લક્ષ્મીવાન માણસોનું કયું કાર્ય સિદ્ધ નથી થતું ?

## सर्ग ११ मो.

१ अपास्य क्रव्यं क्रव्यादा भक्ष्यैस्तृप्यन्ति नापरैः । ५

રાક્ષસો માંસને છોડીને બીજા ભોજનોથી તૃપ્ત થતા નથી.

२ प्राणभीर्महती हि भीः । ४६

મરણનો ભય, એ સૌથી મોટો ભય છે.

३ दम्भस्य सुकृतस्याहो ! ब्रह्माऽप्यन्तं न गच्छति। ५२

સાવધાનતાથી કરેલા કપટનો બ્રહ્માજી પણ પાર પામી શકતા નથી.

---

* वत्स-रूपचारणस्वरूपा ।

४ वञ्चयन्ते वञ्चनादक्षैर्दक्षा अपि कदाचन । ८२

હુશિઆર ઠગારાથી ડાહ્યા માણસો પણ કોઇ વખત ઠગાઇ જાય છે.

५ बुद्धिर्हि जयकामधुक् । १२०

બુદ્ધિ, એ જય મેળવવામાં કામધેનુ સમાન છે.

६............को वा, दीपे सत्यग्निमीक्षते ? । १२७

દીવાની વિદ્યમાનતામાં અગ્નિના પ્રકાશથી કામ કોણ કરે ?

७ हतं सैन्यं ह्यनायकम् । १३१

નાયક વિનાનું સૈન્ય હણાય છે.

८ साधर्मिकात् परो बन्धुर्न संसारे विवेकिनाम् । १४८

વિવેકી મનુષ્યોને સંસારમાં સાધર્મિકથી વધારે બીજો કોઇ બંધુ નથી.

९ विपन्नपतिकानां हि सतीनां शरणं व्रतम् । १५२

વિધવા એવી સતી સ્ત્રીઓને વ્રત એજ શરણ છે.

१० आतिथेयं सतीर्थ्यानां तीर्थादप्यतिपावनम् । १५५

સાધર્મિકોનું સ્વાગત ( ભક્તિ ) કરવું, તે તીર્થથી પણ અતિ પવિત્ર છે.

११ साधर्मिकोपरोधेन किं न कुर्वन्ति तादृशाः†? । १६१

ધર્મિષ્ટ મનુષ્યો, સાધર્મિકના આગ્રહથી શું શું કાર્ય નથી કરતા ?

१२ आदिमा मद्यपानस्य निद्रा सहचरी खलु । १६३

મદ્યપાનની સાથે નિદ્રા પ્રથમ સહચરી ( સાથે ચાલનારી ) છે.

१३........जीवन् हि, नरो भद्राणि पश्यति । २०९

જીવતો માણસ કલ્યાણ ( સુખ ) ને જુવે છે.

१४ स पुमान् यो हि कालवित् ।　　　　२१०

જે સમયને ઓળખે છે તેજ માણસ છે.

---

† धार्मिष्ठाः ।

१५ मनोऽधीनं हि चेष्टितम् ।                                    २१४

બધી ચેષ્ટાઓ મનને આધીન છે.

१६........यन्मनसि, प्रायस्तद्धि वचस्यपि ।    २३४

જે મનમાં હોય છે, તે વાત પ્રાયઃ વચનમાં પણ આવે છે.

१७ प्रजानां च पशूनां च गोपाऽऽयत्ताः प्रवृत्तयः । ३०६

પ્રજાની અને પશુઓની પ્રવૃત્તિઓ તેના રક્ષકને ( રાજા અને ગોવાળીયાને ) આધીન હોય છે.

१८ *स ह्यर्थकामयोः कामधेनुः स्वर्मोक्षदोऽपि सः। ३५६

તે ( જૈન ધર્મ ) અર્થ અને કામ પુરુષાર્થ આપવામાં કામધેનુ તુલ્ય છે અને સ્વર્ગ તથા મોક્ષ આપનાર પણ એજ છે.

१९ बलीयान् स्त्रीग्रहः खलु ।                                    ४११

સ્ત્રીઓનો આગ્રહ બળવાન હોય છે.

---

* धर्मः ।

२० मृत्योर्हि विषमा गतिः ।　　　　　　　　　४१७

મૃત્યુની વિષમ-વિચિત્ર ગતિ હોય છે

२१...........कीदृगाम्नायो योग्यतां विना ।　४६८

યોગ્યતા વિના આમ્નાય-ગુરુગમ ક્યાંથી મળે ?

२२........मन्दभाग्यानां, ह्यसुखे रोदनं सखा। ४७०

અલ્પ પુણ્યવાળા મનુષ્યોને દુઃખના સમયમાં રોવું, એ મિત્ર તુલ્ય છે.

२३ शोकः सङ्क्रामति ह्याप्ते दर्पणे प्रतिबिम्बवत्। ४७१

જેમ દર્પણમાં પ્રતિબિંબ પડે છે, તેમ આપ્ત-શ્રેષ્ઠ મનુષ્યોમાં બીજાનો શોક સંક્રમણ (પ્રવેશ) કરે છે.

२४ विना हि भोजनं वत्स ! मुरजोऽपि न गुञ्जति।
४८१

હે પુત્ર ! ભોજન વિના (આટો લગાડ્યા વિના) મૃદંગ-ઢોલક પણ સારી રીતે ગુંજારવ કરતું નથી, (તોપછી માણસ ભોજન વિના કામ કેમ કરી શકે ?)

२५ भिक्षां देहीति सिद्धं हि मौञ्जीबन्धाद् द्विजन्म-
नाम् । ४८२

બ્રાહ્મણોને મૌંજીબંધ સંસ્કારથી લઈને ભિક્ષા માગવાનું સિદ્ધજ છે.

२६ स्त्रीसन्निधानं यूनां हि मन्मथद्रुमदोहदम् । ४९०

યુવાન પુરુષોનું સ્ત્રીઓની પાસે રહેવું તે કામદેવરૂપી વૃક્ષને ડોહળો પૂર્ણ કરવા–સફળ કરવા જેવું છે.

२७...याचितलाभे हि, याचना किं तनीयसी ? । ५०४

ઇચ્છિત પ્રાપ્તિ થતી હોય ત્યાં યાચના થોડી શા માટે કરવી જોઇએ ?

२८ धीर्हि कर्मानुसारिणी । ५०८

બુદ્ધિ કર્મને અનુસારે થાય છે.

२९ न कार्यं कारणं विना । ५२६

કારણ વિના કાર્ય થતું નથી.

३० न मुधा देवदर्शनम् । ५४८

દેવોનું દર્શન ફોગટ જતું નથી.

३१........नामस्थेमैव पुरुषाणां हि पौरुषम् । ५५१

પોતાનું નામ સ્થિર રહે—કાયમ રહે, તેમાંજ પુરુષોનું પુરુષાતન છે, અર્થાત્ તે માટે માણસો પ્રયત્ન કરે છે.

३२........दम्भोऽपि, सुप्रयुक्तो न निष्फलः । ५५५

હુશીઆરીથી કરાયેલ કપટ પણ નિષ્ફળ થતું નથી.

३३ स्मरति व्यसने प्राप्ते को वा नैवेष्टदेवताम् ? । ५७०

કષ્ટ આવે ત્યારે ઇષ્ટદેવનું સ્મરણ કોણ નથી કરતું ?

३४ विनाऽप्यन्नेन जीव्येत जीवनीयं विना न तु । ५७२

અન્ન વિના જીવાય, પણ પાણી વિના જીવાય નહિ.

३५ निवसन्ति हि राजानो यत्र तत्रापि पत्तनम् । ५८८

રાજાઓ ગમે તેવા સ્થાનમાં વાસ કરે, તો પણ ત્યાં નગર જેવું થઇ જાય છે.

३६ उशन्ति नरकान्तं हि राज्यं नीतिविदोऽपि च । ६२१

નીતિને જાણવાવાળા પણ, ' રાજ્ય નરકમાં લઇ જાય છે ' તેમ માને છે.

# सर्ग १२ मो.

१ गोपालस्य हि कः कोपो धनं गृह्णाति चेद्धनी ? । ९

ગાય ભેંશના ધણુને તેનો માલિક ગ્રહણ કરે તો તેમાં ગોવાળીયાને ક્રોધ કરવાનું શું કામ ?—શામાટે ક્રોધ કરે ?

२ परप्रेर्यस्य का मतिः ? । १३

બીજાની પ્રેરણાથી કામ કરનારને શી બુદ્ધિ હોય ?

३ व्याधयो हि विजृम्भन्ते छलमासाद्य भूतवत् । १५

ભૂતની માફક વ્યાધિઓ પણ અવસર-લાગ જોઇને પગ પેસારો કરે છે.

४ अभिमानवतां श्रेयान् विदेशो हि पराभवे । ३०

અભિમાનવાળા મનુષ્યોનું અપમાન થાય ત્યારે તેમને પરદેશ કલ્યાણકારી થાય છે—પરદેશ જવું સારૂં છે.

५ अतृप्ता ह्यविवेकिनः । ६४

અવિવેકી મનુષ્યો અસંતોષી હોય છે.

६ पुत्रे हि कवचहरे राज्ञोऽधिकुरुते व्रतम् । ११५

પુત્ર યુવાન થતાં રાજાને વ્રતનો અધિકાર છે.

७ .......दुरपत्यं हि, गृहजातो विषद्रुमः। ११९

કુપુત્ર તે, ઘરમાં ઉગેલા ઝેરી વૃક્ષની બરાબર છે.

८ बुभुक्षालक्षणो रोगो विनाऽन्नं खलु मृत्यवे। १२७

ક્ષુધારૂપી રોગ, અન્ન ન મળે તો મૃત્યુને માટે-મરણ દેનાર થાય છે.

९ स्त्रीणामापन्नसत्त्वानां यथागर्भं हि दोहदाः। १५०

ગર્ભવતી સ્ત્રીઓને જેવો ગર્ભ હોય તેવા ડોહળા ઉત્પન્ન થાય છે.

१० सर्वं पथ्यं बलीयसाम्। १५२

બળવાન મનુષ્યોને બધું પથ્ય-હિતકારી થાય છે.

११ .......सिद्धिर्वचसा हि महीभुजाम्। १८८

રાજાઓને વચન માત્રથી તમામ કાર્યની સિદ્ધિ થાય છે.

१२ स्त्रीग्रहः खलु मत्कोटग्रहादपि विशिष्यते। १९५

સ્ત્રીઓનો આગ્રહ, મંકોડાના ગ્રહ ( પકડ ) થી પણ વધારે આકરો હોય છે.

१३ श्रियः सर्वत्र दोष्मताम् ।                                    १९८

પરાક્રમી મનુષ્યોને બધે ઠેકાણે લક્ષ્મી મળે છે.

१४ कीलिकाऽर्थे देवकुलं न भ्रंशयितुमर्हसि । २०७

ખીલી માટે આખા મંદિરને તોડવું યોગ્ય નથી.

१५ सिंहा इव पराऽऽक्षेपं न सहन्ते महौजसः । २१३

મહાપરાક્રમી મનુષ્યો, સિંહની માફક બીજાના આક્ષેપને સહન કરી શકતા નથી.

१६ निद्रा ह्यभक्तभार्याणामिव वैरवतां कुतः ? । २३८

અભક્તિ–અપ્રેમવાળી સ્ત્રીના પતિઓની માફક, વેરવાળા માણસોને નિદ્રા ક્યાંથી હોય ?

१७ दिव्यप्रभावो दिव्येन प्रभावेण हि बाध्यते । २४६

દેવતાઇ પ્રભાવ, તેના જેવા બીજા દેવપ્રભાવથી પરાસ્ત થાય છે–દૂર થાય છે.

१८ प्रतिज्ञया पौरुषं हि दोष्मतां भृशमेधते ।  ३१२

પ્રતિજ્ઞાથી પરાક્રમી મનુષ્યોનું પરાક્રમ ઘણું વધે છે.

१९ लघुकर्मणि शिष्ये हि प्रभवन्ति गुरोर्गिरः। ३३४

થોડા દોષવાળા-હળુકર્મી શિષ્યને વિષે ગુરુ મહારાજનું વચન સમર્થ-પ્રભાવવાળું થાય છે.

२० ........आपदः प्रायः, प्रभवन्ति न धीमति। ३३८

પ્રાયઃ બુદ્ધિમાન્ મનુષ્યને આપદાઓ કંઈ કરવાને સમર્થ થતી નથી.

२१ ........यत्र तत्रापि, क्षेममेव तपोजुषाम्। ३४७

તપસ્વી મનુષ્યોને જ્યાં જાય ત્યાં કુશળ જ હોય છે.

२२ रसवीर्यविपाको हि द्रव्याणां जातु नान्यथा ३५७

વસ્તુઓની રસ-પરાક્રમ વગેરે શક્તિઓનો ઉદય અન્યથા થતો નથી.

२३ स्त्रीसङ्गे हि कियत् तपः ?। ३६५

સ્ત્રીઓના સંગમાં તપ ક્યાં સુધી રહી શકે ?

२४ नारीणां किङ्कर इव कामान्धः किं करोति न ३६७

નોકરની માફક કામાન્ધ પુરુષ, સ્ત્રીઓનું શું શું કામ નથી કરતો ?

२५ सुखप्रतार्यः प्रायेण सर्वोऽपि व्यसनार्दितः। ३८०

ઘણે ભાગે વ્યસનથી પીડાયેલા દરેકને સુખપૂર્વક છેતરી શકાય છે.

२६ मृत्युर्नात्रुटिताऽऽयुषाम्। ३९२

આયુષ્ય તુટયું ન હોય તેનું મૃત્યુ થતું નથી.

२७ सति धर्मिणि धर्मा हि, चिन्त्यन्ते........४१२

ધર્મી હોય ત્યારે જ તેના ધર્મો-સ્વભાવોનો વિચાર થાય છે.

२८ पुण्यैः किं नाम दुर्लभम्?। ४२२

પુણ્યવડે કરીને શું દુર્લભ છે?

२९ ........वचनं, ह्यर्हतां जातु नान्यथा। ४२५

તીર્થંકરોનું વચન કદાપિ જૂઠું પડતું નથી.

## सर्ग १३ मो.

१ ........वृन्दं हि राजवत्। ६८

સમુદાય, રાજાની તુલ્ય છે.

# शुद्धिपत्रक.

| पृष्ठ | पंक्ति | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| ६ | ७ | આજ્ઞા | આજ્ઞાનો |
| ९ | १४ | લક્ષ્મી (માલિકને) વિષ્ણુને, | લક્ષ્મી, વિષ્ણુને (માલિકને |
| १९ | १२ | तादक् | तादृक् |
| २१ | ४ | परार्थार्य, | परार्थाय, |
| २२ | १ | —स्याने हृद्येकः | —स्थाने ह्येकः |
| ४१ | १३ | धनम् । | दानम् । |
| ४६ | १० | તેઓ | તેઓની |
| ५७ | ७ | शिष्या | ३ शिष्या |
| ५८ | ९ | ,किं पुनर्गृहे ? । | किं पुनर्गृहे ? । ४८ |
| ६९ | ६ | કરવા, | કરવા અને |
| ७४ | ७ | तरवो | १० तरवो |
| ८० | १४ | बिना | विना । |
| ८३ | १७ | पुण्यवत्ताम् । | पुण्यवताम्। |
| ८६ | ४ | स्याद्, | स्याद् |
| ९२ | ६ | सात्विकानां | सात्त्विकानां |
| १०० | ४ | –र्नह्यर्हन् | –र्न ह्यर्हन् |

| | | | |
|---|---|---|---|
| १०८ | ७ | वैरि वैरं | वैरिवैरं |
| ११० | ९ | दोष्मतां हि | ......दोष्मतां हि, |
| ११९ | १६ | મૂકે છે. | મૂકે. |
| १२० | २ | કારણ | કારણ છે. |
| १२५ | ९ | થોડો પણ | કદાપિ |
| १२८ | १२ | પ્રેમ કરવો, | ભક્તિ કરવી, |
| १२९ | ११ | ३...यद्धात्या | ३ यद्धात्या |
| १३३ | १५ | તેનો | તેનો હાંકનાર- |
| १४६ | ६ | તો બીજાની વાત જ શી? | તો બીજી ચીજો દૂર ક્યાંથી હોય ? |
| १४७ | २ | કીચડથી લેપાએલી | કીચડમાં ડૂબેલી |
| १५३ | १ | पर्व ९ मो. | पर्व ९ मुं. |
| १५६ | ६ | किंवा | किं वा |
| १६९ | ७ | અનંત વધીને | વધીને અનંત |
| १७१ | १५ | आजीवितान्त- | सेवकानामाजीवितान्त- |
| १७४ | ५ | સાંભળવામાં | સાંભળવામાં ) |
| १७५ | ११ | संसार सुख- | संसारसुख- |
| १८६ | १ | भोग्यं | भोग्यं। |
| ,, | ७ | २७१ | १३ |
| ,, | ,, | कथा ?। | कथा ?। २७१ |
| १८९ | ५ | વિચાર | વિચારણા |
| १९० | १४ | ભાવના ૬૯ | સાચી ભાવના |

## અમારી ગ્રંથમાળાનાં ગુજરાતી, હીન્દી, અંગ્રેજી અને સંસ્કૃત પુસ્તકો.

| નામ. | ભાષા. | કર્તા કે સંપાદક. | કિં. |
|---|---|---|---|
| ૧ વિજયધર્મસૂરિ-સ્વર્ગ-વાસ પછી | ગુ૦ | શ્રીવિદ્યાવિજયજી | ૨-૮-૦ |
| ૨ ધર્મવિયોગમાલા | સં૦ | શ્રીહિમાંશુવિજયજી | ૦-૨-૦ |
| ૩ પ્રમાણનયતત્ત્વાલોક (પં૦ રામગોપાલાચાર્યકૃત ટીકાયુક્ત) | સં૦ | ,, | ૦-૧૪-૦ |
| ૪ શ્રાવકાચાર | હિં૦ | શ્રીવિદ્યાવિજયજી | ૦-૪-૦ |
| ૫ વિજયધર્મસૂરિ કે વચનકુસુમ | હિં૦ | ,, | ૦-૪-૦ |
| ૬ વિજયધર્મસૂરિનાં વચન કુસુમો | ગુ૦ | ,, | ૦-૪-૦ |
| ૭ સેઇંગ્ઝ ઑફ વિજયધર્મસૂરિ | ઇં૦ | ડૉ. ક્રોઝે | ૦-૪-૦ |
| ૮ જયન્તપ્રબન્ધ | સં૦ | ગુ૦ શ્રીહિમાંશુવિજયજી | ૦-૩-૦ |
| ૯ વિજયધર્મસૂરિ અષ્ટપ્રકારીપૂજા | હિં૦ | શ્રીવિદ્યાવિ૦ | ૦-૪-૦ |
| ૧૦ આબૂ (૭૫ ફોટા સાથે) | ગુ૦ | શ્રીજયન્તવિજયજી | ૨-૮-૦ |
| ૧૧ વિજયધર્મસૂરિ | ગુ૦ | ધીરજલાલ ટો. શાહ | ૦-૨-૦ |
| ૧૨ શ્રાવકાચાર | ગુ૦ | શ્રીવિદ્યાવિજયજી | ૦-૩-૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ રાણી સુલસા | ગુ૦ | ,, | ૦–૩–૦ |
| ૧૪ સમયને ઓળખો ભા. ૨ જો | ગુ૦ | ,, | ૦-૧૦-૦ |
| ૧૫ સમયને ઓળખો ભા. ૧ લો | ગુ૦ | ,, | ૦-૧૨-૦ |
| ૧૬ એન આઇડીયલ મંક–આદર્શ સાધુ. | ઇં૦ | એ. જે. સુનાવાલા | ૫–૦–૦ |
| ૧૭ સમ્યક્ત્વપ્રદીપ | ગુ૦ | શ્રીમંગળવિજયજી | ૦–૪–૦ |
| ૧૮ વિજયધર્મસૂરિ પૂજા | ગુ૦ | ,, | ૦–૪–૦ |
| ૧૯ જૈની સપ્તપદાર્થી | સં૦ | શ્રીહિમાંશુવિજયજી | ૦–૫–૦ |
| ૨૦ બ્રહ્મચર્યદિગ્દર્શન | ગુ૦ | શ્રીવિજયધર્મસૂરિ | ૦–૪–૦ |
| ૨૧ ,, | હિં૦ | ,, | ૦–૪–૦ |
| ૨૨ વક્તા બનો | ગુ૦ | શ્રીવિદ્યાવિજયજી | ૦–૬–૦ |
| ૨૩ મહાકવિ શોભન અને તેમની કૃતિ | ગુ૦ | શ્રીહિમાંશુવિજયજી | ૦–૩–૦ |
| ૨૪ બ્રાહ્મણવાડા | ગુ૦ | શ્રીજયન્તવિજયજી | ૦–૪–૦ |
| ૨૫ જૈનતત્ત્વજ્ઞાન | ગુ૦ | શ્રીવિજયધર્મસૂરિ | ૦–૪–૦ |
| ૨૬ દ્રવ્યપ્રદીપ | ગુ૦ | શ્રીમંગળવિજયજી | ૦–૪–૦ |
| ૨૭ સુભાષિતપદ્યરત્નાકર ભાગ ૧ | સં૦ ગુ૦ | શ્રી વિશાલવિજયજી | ૧–૪–૦ |
| ૨૮ ધર્મોપદેશ | ગુ૦ | શ્રી વિજયધર્મસૂરિ | ૦–૬–૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ સમ્યક્ત્વપ્રદીપ | હિં૦ | શ્રી મંગલવિજયજી | ૦-૪-૦ |
| ૩૦ અર્હત્પ્રવચન | પ્રા૦ ગુ૦ | શ્રી વિદ્યાવિજયજી | ૦-૪-૦ |
| ૩૧ સુભાષિતપદ્યરત્નાકર ભાગ ૨ | સં૦ ગુ૦ | શ્રી વિશાલવિજયજી | ૧-૪-૦ |
| ૩૨ ધર્મપ્રદીપ | ગુ૦ | શ્રી મંગલવિજયજી | ૦-૪-૦ |
| ૩૩ મેરી મેવાડયાત્રા | હિં૦ | શ્રી વિદ્યાવિજયજી | ૦-૩-૦ |
| ૩૪ સુભાષિતપદ્યરત્નાકર ભાગ ૩ | સં૦ ગુ૦ | શ્રી વિશાલવિજયજી | ૧-૪-૦ |
| ૩૫ વક્તા બનો | હિં૦ | શ્રી વિદ્યાવિજયજી | ૦-૬-૦ |
| ૩૬ હેમચંદ્રવચનામૃત | સં૦ ગુ૦ | શ્રી જયંતવિજયજી | ૦-૪-૦ |
| ૩૭ ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ ૪ થો (કમલસંયમી ટીકા યુક્ત) | સં૦ ગુ૦ | શ્રીજયંતવિજયજી | ૩-૮-૦ |
| આબૂ ( ૭૫ ફોટા સહિત ) | હિં૦ | ,, | ૨-૮-૦ |
| પ્રમાણનયતત્ત્વાલોક પ્રસ્તાવના | ગુ૦ | શ્રીહિમાંશુવિજયજી | ૦-૩-૦ |

મળવાનું ઠેકાણું:—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, **ઉજ્જૈન.** ( માળવા )

# શ્રાવકાચાર

આ ગ્રંથ યદ્યપિ ઘણોજ નાનો હોવા છતાં ઉપયોગની દૃષ્ટિએ તે મ્હોટો ગણી શકાય. તેના નામથીજ જાણી શકાય છે કે તેમાં શ્રાવકના આચાર સંબંધી વિવેચન હોઇ શકે. શ્રાવકનું શું કર્ત્તવ્ય હોઇ શકે, શ્રાવકે શું શું કરવું અને શું શું ન કરવું તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને વ્યાખ્યાન વાચસ્પતિ મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજની કસાએલી કલમથી લખાયેલો છે, જેમાં દિનચર્યા, પ્રભુપ્રાર્થના, પૂજાવિધિ, ગુરુવંદન, બાર વ્રત અને ત્યાગવા યોગ્ય વસ્તુઓ ઉપર વિવેચન કરવામાં આવ્યું છે. સરલતા માટે હિન્દી તથા ગુજરાતી બન્ને ભાષામાં છપાવેલ છે.

હિન્દી આવૃત્તિ કિંમત ૦-૪-૦

ગુજરાતી આવૃત્તિ ,, ૦-૩-૦

મળવાનું ઠેકાણું:—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, ઉજ્જૈન. (મારવાડ)

# સમયને ઓળખો ભાગ ૧ લો.

**तेणं कालेणं तेणं समणेणं** એ પ્રભુશ્રી મહાવીરના ખાસ સૂત્રને અનુસરીને વ્યાખ્યાતૃચૂડામણિ, શાસન દીપક મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજશ્રીની કસાયલી કલમથી અત્યારના સમયને અનુસરીને લખાયલા આ ગ્રંથમાં નાના-મ્હોટા ૩૬ લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જેમાં :—

જાગો, શુદ્ધિ, શીખો, શિક્ષા, **જૈન** લે. ૩, સરાકોદ્ધાર, સાધુ-સંગઠન, સાધુ વિહાર લે. ૨, કંઈ શીખશો કે?, મહાવીર, **જૈન** સાહિત્ય લે. ૩, **अपरं वा किं भविष्यति?**, **पीछेसे चली आती है,** ધાર્મિક અભ્યાસ, સંસ્થાઓ અને સંચાલકો, મહાવીરના પ્રત્યેક પૂજારીને !, ગુરૂડમવાદ, **इतो भ्रष्टस्ततो नष्टः,** એમાં શું ?, દીક્ષા લે. ૫, માંગણવૃત્તિ, ધર્મ અને રૂઢી લે. ૩, વિવેક વિનાની ક્રિયાઓ ? **वर्द्धतां जैनशासनम्**, જૂના અને નવા.

ઉપરના લેખો ઉપર તલસ્પર્શી વિવેચન કરવામાં આવ્યું છે. ક્રાઉન સોળ પેજી પૃ. ૩૪૦ નો દળદાર ગ્રંથ હોવા છતાં કિંમત માત્ર ૦-૧૨-૦ રાખવામાં આવી છે.

મળવાનું ઠેકાણું :—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, ઉજ્જૈન. (માલવા)

# સમયને ઓળખો

## ભાગ ૨ જો.

આ ગ્રંથ સમાજ સુધારણાને અંગે ઘણોજ ઉપયોગી છે બલ્કે રૂઢીચૂસ્તો માટે લાલબત્તી સમાન છે. સમાજ-સુધારક મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજશ્રીની કસાયલી કલમથી લખાયેલો છે. જેમાં ધર્મભાવના, સહકાર, શું જૈન સૂત્રોમાં માંસાહારનું વિધાન છે?, સામાજિક બન્ધનો, સામાજિક ઉન્નતિ, સમયધર્મ, સિદ્ધપુત્ર, અહિંસાનું અજીર્ણ બે લેખ, **भिक्षुको भिक्षुकं दृष्ट्वा**, સુધારો, જંગલી જાનવરોની હિંસા, સંદેશ, મહાવીર જયન્તી, વિદ્યાર્થી કે વિવાહાર્થી, વિદ્વાનોની ખોટ, દાન પ્રણાલી, સામાજિક પતન, યુવકોને, ધર્મ અને સમાજપર સમયનો પ્રભાવ, આદિ નાના મ્હોટા ૨૦ વીસ લેખો ઉપર ઘણુંજ સરસ વિવેચન કરવામાં આવ્યું છે. ક્રાઉન સોળ પેજી પૃષ્ટ ૨૩૬ નો દળદાર ગ્રંથ હોવા છતાં કિંમત ફક્ત ૦-૧૦-૦ દસ આના રાખવામાં આવેલ છે.

મળવાનું ઠેકાણું:—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, ઉજ્જૈન. ( મારવાડ )

# જયંત પ્રબંધ

શાંતમૂર્ત્તિ મુનિરાજશ્રી જયંતવિજયજી મહારાજનું ચરિત્ર ન્યાય-સાહિત્ય તીર્થ મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ સંસ્કૃત ભાષામાં રચ્યું છે. ગ્રંથ નાનો છતાં વાંચવા યોગ્ય છે. છંદ રચના ઘણીજ સરસ છતાં ભાટ–ચારણોની માફક નિરર્થક વર્ણન અને ખોટી અતિશયોક્તિના દોષથી મુક્ત રાખવામાં આવેલ છે, જ્યારે આવશ્યક વસ્તુને ચર્ચવામાં ખામી રાખી નથી. ફક્ત ૮૮ અઠયાશી જ શ્લોક હોવા છતાં મુનિશ્રીના આખા જીવનનો સમાવેશ કરવામાં આવેલ છે.

સાથોસાથ વ્યાકરણતીર્થ પં. અમૃતલાલ તારાચંદ દોશીનું ગુજરાતી ભાષામાં ભાષાંતર પણ આપવામાં આવેલ છે જેથી વાંચવામાં સરલ પડી શકે તેમ છે. કિંમત ફક્ત ૦–૩–૦ રાખવામાં આવેલ છે.


મળવાનું ઠેકાણું :—

**શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા,**

છોટા સરાફા, ઉજજૈન, (મારવાડ)